અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

03 DECEMBER-2025 WEDNESDAY | Vol. : 17 | Issue : 152 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
ઇઝરાયલે સુરંગમાં ફસાયેલા 40 હમાસ ફાઈટર્સને માર્યા : છેલ્લા 9 મહિનાથી ફસાયેલા હતા; ઇઝરાયલે બહાર ...

4 
કવિતા અને કમલી બંને સરખી ઉંમરના હતાં છતાં કમલીનું સ્વપ્ન કેમ જુદું હતું ?

6 
ત્રિશા-ગાયત્રીએ સૈયદ મોદી ઈન્ટરનેશનલ 2025નો ખિતાબ જીત્યો, જાપાની જોડીને હરાવી

7 
સરકાર અને બેંકોની વસૂલીના આંકડા પર માલ્યાએ ઉઠાવ્યા સવાલ, તપાસની માગ


### તમામ રાજભવનું નામ બદલીને 'લોકભવન'

# પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ હવે સેવા તીર્થ તરીકે ઓળખાશે

## નવું PMO 'સેવા તાર્થ-1'માંથી કામગીરી શરૂ કરશે, જે એક્ઝિક્યુટિવ એન્ક્લેવ-1માં બનેલી ત્રણ નવી બિલ્ડિંગમાંથી એક છે

**નવી દિલ્હી, તા.02**

કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)નું નામ બદલીને 'સેવા તીર્થ' રાખ્યું છે. દેશભરમાં રાજ્યની ઈમારતોને હવે લોકભવન કહેવામાં આવશે. વધુમાં, કેન્દ્રીય સચિવાલયને કર્તવ્ય ભવન તરીકે ઓળખવામાં આવશે.

સમાચાર એજન્સી PTIએ મંગળવારે સરકારી સૂત્રોને ટાંકીને આ માહિતી આપી. પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું હતું કે જાહેર સંસ્થાઓમાં એક મોટો ફેરફાર થઈ રહ્યો છે. અમે સત્તાથી સેવા તરફ આગળ વધી રહ્યા છીએ. આ પરિવર્તન વહીવટી નહીં, પરંતુ સાંસ્કૃતિક છે.

અગાઉ કેન્દ્ર સરકારે રાજપથનું નામ બદલીને કર્તવ્ય પથ રાખ્યું હતું. પ્રધાનમંત્રીના સત્તાવાર નિવાસસ્થાનનું નામ રેસકોર્સ રોડ પણ રાખવામાં આવ્યું હતું, જે 2016માં લોકકલ્યાણ માર્ગ રાખવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ગયા વર્ષે રાજ્યપાલોના સંમેલનમાં થયેલી એક ચર્ચાનો હવાલો આપતાં કહ્યું હતું કે રાજ ભવન નામ વસાહતી માનસિકતા દર્શાવે છે, તેથી રાજ્યપાલો અને ઉપ-રાજ્યપાલોની ઓફિસોને હવે લોકભવન અને લોકનિવાસના નામથી ઓળખવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું કાર્યાલય (PMO) હવે 78 વર્ષ જૂના સાઉથ બ્લોકમાંથી બહાર નીકળીને 'સેવા તીર્થ' નામ ધરાવતા નવા એડવાન્સ કેમ્પસમાં શિફ્ટ થવા જઈ રહ્યું છે. આ બદલાવ સેન્ટ્રલ વિસ્ટા પુનર્વિકાસ પરિયોજનાનો એક મોટો ભાગ છે. 14 ઓક્ટોબરે કેબિનેટ સચિવ ટી.વી. સોમનાથન સેવા તીર્થ-2માં સેનાપ્રમુખો સાથે ઉચ્ચ સ્તરીય બેઠક પણ કરી ચૂક્યા છે.



સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટમાં રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધીની અનેક ઈમારતોનો પુનર્વિકાસ અને બાંધકામનો સમાવેશ થાય છે. આમાં નવા સંસદ ભવન, મંત્રાલય કાર્યાલયો માટે કેન્દ્રીય સચિવાલય, વડાપ્રધાન નિવાસસ્થાન અને ઉપરાષ્ટ્રપતિ નિવાસસ્થાનનું નિર્માણ સામેલ છે.

સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટની જાહેરાત સપ્ટેમ્બર 2019માં કરવામાં આવી હતી. 10 ડિસેમ્બર, 2020ના રોજ પીએમ મોદીએ આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. સરકારે સમગ્ર પ્રોજેક્ટ માટે 20,000 કરોડનું બજેટ ફાળવ્યું છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગની બંને બાજુના વિસ્તારને સેન્ટ્રલ વિસ્ટા કહેવામાં આવે છે.

સપ્ટેમ્બરમાં એવો અહેવાલ આવ્યો હતો કે કેન્દ્રીય ગૃહ મંત્રાલય ટૂંક સમયમાં નોર્થ બ્લોક, રાયસીના હિલ્સથી શિફ્ટ થશે. એને જનપથ પર કોમન સેન્ટ્રલ સેક્રેટિયેટ (CCS) બિલ્ડિંગમાં સ્થાનાંતરિત કરવામાં આવી રહ્યું છે. આ પ્રક્રિયા પહેલાંથી જ શરૂ થઈ ગઈ છે.

સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ CCS કરવાચોથ પર 10 ઓફિસ બિલ્ડિંગો અને તમામ મંત્રાલયો માટે એક કન્વેન્શન સેન્ટર સાથે બનાવવામાં આવશે. આમાંથી ત્રણ ઈમારત લગભગ પૂર્ણ થઈ ગઈ છે. બધી ઓફિસો સ્થાનાંતરિત થયા પછી બંને બ્લોકને 'યુગે યુગીન ભારત રાષ્ટ્રીય સંગ્રહાલય'માં રૂપાંતરિત કરવામાં આવશે.

આશરે 25,000થી 30,000 કલાકૃતિઓ અહીં પ્રદર્શિત કરવામાં આવશે. એ વિશ્વના સૌથી મોટાં સંગ્રહાલયોમાંનું એક બનવાની અપેક્ષા છે. લગભગ 90 વર્ષથી દેશનું ગૃહ મંત્રાલય નોર્થ બ્લોકથી કાર્યરત હતું.

મંત્રાલયોનું ભાડું 1500 કરોડ ચૂકવી રહી છે સરકાર: મોદીએ કહ્યું, રોજ 8-10 હજાર કર્મચારીની આવક-જાવક; કર્તવ્ય ભવનથી આ સમસ્યાઓ દૂર થશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે દિલ્હીમાં કર્તવ્ય પથ પર કર્તવ્ય ભવન-03 ઈમારતનું ઉદ્ઘાટન કર્યું. તેમણે કહ્યું, વિકસિત ભારતની નીતિઓ કર્તવ્ય ભવનમાંથી બનાવવામાં આવશે. આ ફક્ત એક ઈમારત નથી, કરોડો લોકોનાં સપનાંને સાકાર કરવાની ભૂમિ છે.

# ચૂંટણી સુધારાઓ પર લોકસભામાં 9 ડિસેમ્બરે ચર્ચા : સરકારે તાત્કાલિક ચર્ચા માટે અડીખમ રહેલા વિપક્ષને મનાવ્યો

**નવી દિલ્હી, તા.02**

9 ડિસેમ્બરે લોકસભામાં ચૂંટણી સુધારા (SIR) પર ચર્ચા થશે. બે દિવસથી સંસદમાં તાત્કાલિક ચર્ચાનો આગ્રહ રાખનાર વિપક્ષ ચર્ચા માટે સહમત થયો છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાને મળ્યા બાદ, કોંગ્રેસના નેતા કે. સુરેશે કહ્યું, 9 ડિસેમ્બરે ચૂંટણી સુધારા પર 10 કલાકની ચર્ચા થશે.




તેમણે એમ પણ કહ્યું કે વંદે માતરમ પર એક દિવસ પહેલા 8 ડિસેમ્બરે ચર્ચા કરવામાં આવશે. આ માટે પણ દસ કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચર્ચા શરૂ કરશે. સરકાર તેની 150મી વર્ષગાંઠ નિમિત્તે ગૃહમાં વંદે માતરમ્ પર ચર્ચા કરાવી રહી છે.

શિયાળુ સત્રના પહેલા બે દિવસ હંગામાને કારણે સદનનું કામકાજ પ્રભાવિત થયું. વિપક્ષ 'SIR' (સર્ચલાઈટ ઈન્ડિયા રિપોર્ટ) અને 'વોટ ચોરી'ના આરોપો પર તાત્કાલિક ચર્ચાની માગ પર અડગ હતો.

કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં કહ્યું, SIR પ્રક્રિયા દરમિયાન 12-13 લોકોએ જીવ ગુમાવ્યા છે. આ એક એર્જન્ટ મેટર છે. આની તાત્કાલિક ચર્ચા થવી જોઈએ.

વિપક્ષે બંને ગૃહોની કાર્યવાહી ચાલવા દીધી નહીં. 'વોટ ચોર-ગાદી છોડ'ના નારા લગાવ્યા. આ પછી લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ બંને પક્ષોને પોતાના મીટિંગ રૂમમાં બોલાવ્યા હતા. અહીં સહમતિ બની કે આવતીકાલથી સદન કોઈ પણ હંગામા વિના ચાલશે.

# કુવૈત-હૈદરાબાદ ઈન્ડિગો ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## મુંબઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવાયું, કોઈ વિસ્ફોટક મળ્યો નથી

**મુંબઈ, તા.02**

કુવૈતથી હૈદરાબાદ આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર 6E-1234 ને મંગળવારે સવારે બોમ્બની ધમકી બાદ મુંબઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હૈદરાબાદ એરપોર્ટને એક ઈમેઈલ મળ્યો હતો, જેમાં વિમાનમાં બોમ્બ હોવાની વાત લખી હતી. આ પછી તરત જ તમામ એજન્સીઓને એલર્ટ કરી દેવામાં આવી હતી.

વિમાનને સુરક્ષિત રીતે ઉતારીને એરપોર્ટના અલગ-થલગ વિસ્તારમાં લઈ જવામાં આવ્યું છે, જ્યાં બોમ્બ સ્ક્વોડ અને સુરક્ષા



ટીમો સંપૂર્ણ તપાસ કરી રહી છે. મુસાફરો અને ક્રૂને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે.

એરપોર્ટ અધિકારીઓએ જણાવ્યું કે ધમકીની તપાસ ચાલુ છે. હજુ સુધી કોઈ વિસ્ફોટક હોવાની પુષ્ટિ થઈ નથી. આગળની માહિતી સુરક્ષા એજન્સીઓની તપાસ પછી જ સામે આવશે. 12 નવેમ્બરે મુંબઈથી વારાણસી આવી રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી. તાત્કાલિક ફ્લાઈટનું વારાણસીના લાલ બહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું. 19 સપ્ટેમ્બરના રોજ ઈન્ડિગોની મુંબઈથી ફુકેટ જતી ફ્લાઈટ 6E 1089ને બોમ્બની ધમકી મળી હતી. આ ધમકી ફ્લાઈટના ટોઈલેટમાં એક ચિઠ્ઠી પર લખેલી હતી. ધમકી મળ્યા બાદ ફ્લાઈટનું ચેન્નઈમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું.

12 જૂનના રોજ થાઈલેન્ડના ફુકેટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-379નું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું. અહીં પ્લેનમાં બોમ્બ હોવાની સૂચના મળી હતી.

# યુપીમાં બસમાં ભીષણ આગ લાગી, 3 જીવતા ભડથું: મુસાફરો કાચ તોડીને કૂદ્યા, 24 દાઝી ગયા

**બલરામપુર, તા.02**

યુપીના બલરામપુરમાં ટ્રકની ટક્કર બાદ બસમાં આગ લાગી ગઈ, જેમાં 3 લોકો જીવતા સળગી ગયા અને 24 દાઝ્યા હતા. તેમાંથી 6ની હાલત ગંભીર છે. બસ (UP 22 AT 0245) નેપાળ બોર્ડર પાસે સુનૌલીથી રવાના થઈ હતી અને દિલ્હી જઈ રહી હતી. બસમાં 45 મુસાફરો સવાર હતા. મોટાભાગના નેપાળના હતા. બસના ડ્રાઈવર અને કંડક્ટરનો હજુ સુધી પત્તો લાગ્યો નથી. ટક્કર એટલી ભયાનક હતી કે બસ ઘસડાતી 100 મીટર દૂર હાઈટેન્શન લાઈનવાળા વીજળીના થાંભલા સાથે અથડાઈ. થાંભલો તૂટીને બસ પર પડ્યો. બસમાં કરંટ લાગ્યો. શોર્ટ સર્કિટ થયું અને આગ લાગી ગઈ.

જોતજોતામાં બસ આગનો ગોળો બની ગઈ. મુસાફરો અંદર જ ફસાઈ ગયા. જીવ બચાવવા માટે કાચ તોડીને બહાર કૂદવા લાગ્યા. ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ. કોઈક રીતે બહાર નીકળેલા મુસાફરોએ પોલીસને જાણ કરી. ફાયર બ્રિગેડની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી. તેમણે આગ



બુઝાવવાનું કામ શરૂ કર્યું. ફસાયેલા મુસાફરોને બહાર કાઢ્યા.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને બહરાઈચ મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા છે. નજરેજોનારે જણાવ્યું કે મોટાભાગના મુસાફરો જેમ-તેમ કરીને બસમાંથી બહાર આવ્યા હતા. પરંતુ, કેટલાક અંદર જ ફસાયેલા રહ્યા. બાદમાં બસમાંથી 3 મૃતદેહો મળી આવ્યા. જેમાંથી 2 ખરાબ રીતે સળગી ગયા હતા.

તેમણે જણાવ્યું કે ટ્રક (UP 21 DT 5237) માં ગરમ કપડાં ભરેલા હતા. આ કારણે ટ્રકમાં પણ આગ લાગી ગઈ. આ અકસ્માત કોતવાલી દેહાત પોલીસ સ્ટેશન વિસ્તારના ફુલવરિયા બાયપાસ પર સોમવારે મોડી રાત્રે અઢી વાગ્યાની આસપાસ થયો હતો. બસ સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગઈ હતી. પોલીસ બસને રસ્તા પરથી હટાવી હતી. મુસાફરોના બેગ, કપડાં અને સામાન હજુ પણ ઘટનાસ્થળે વેરવિખેર પડ્યો હતો.

માહિતી અનુસાર, સોનૌલીથી બલરામપુર થઈને એક ખાનગી બસ દિલ્હી જઈ રહી હતી. બસ ફુલવરિયા ચોકથી ગોંડા તરફ આગળ વધી રહી હતી. બીજી તરફથી ફુલવરિયા ઓવરબ્રિજ તરફથી પુરપાટ ઝડપે એક ટ્રક આવી રહી હતી.

# ભારત પાકિસ્તાની વિમાન માટે એરસ્પેસ ખોલવા તૈયાર : પહેલગામ હુમલા પછી બંધ કર્યું હતું

**નવી દિલ્હી, તા.02**

ભારતે વાવાઝોડા દિત્વાહથી પ્રભાવિત શ્રીલંકા માટે રાહત સામગ્રી લઈ જઈ રહેલી પાકિસ્તાનની ઓવરફ્લાઈટને તેના એરસ્પેસમાંથી પસાર થવાની મંજૂરી આપી દીધી છે. આ મંજૂરી માત્ર 4 કલાકની અંદર આપવામાં આવી હતી. ઓવરફ્લાઈટ એટલે, જ્યારે કોઈ વિદેશી વિમાન કોઈ દેશની સરહદ ઉપરથી પસાર થાય છે, પરંતુ ત્યાં લેન્ડ કરતું નથી, ત્યારે તેને ઓવરફ્લાઈટ કહેવાય છે.

સરકાર દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાને સોમવારે બપોરે લગભગ 1 વાગ્યે ભારતીય એરસ્પેસ ઉપરથી ઉડાન ભરવા માટે વિનંતી કરી હતી. પાકિસ્તાને 1 ડિસેમ્બરે જ ઓવરફ્લાઈટની પરવાનગી માંગી હતી. તેનો હેતુ શ્રીલંકાને માનવીય મદદ આપવાનો જણાવવામાં આવ્યો હતો. આને ધ્યાનમાં રાખીને ભારતે ખૂબ જ ઝડપથી વિનંતી પર પ્રક્રિયા કરી.



આ દરમિયાન સોમવારે સાંજે 5.30 વાગ્યે સત્તાવાર ચેનલો દ્વારા પાકિસ્તાની વિમાનને ભારતીય હવાઈ ક્ષેત્રમાંથી પસાર થવાની પરવાનગી આપવામાં આવી. આની જાણકારી પાકિસ્તાન સરકારને આપી દેવામાં આવી.

નોંધનીય છે કે 22 એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો હતો. આના કારણે પહેલા પાકિસ્તાને, પછી ભારતે એકબીજાના વિમાનો માટે પોતાનો એરસ્પેસ બંધ કરી દીધી હતી. અધિકારીઓનું આ નિવેદન ત્યારે આવ્યું જ્યારે પાકિસ્તાની મીડિયાએ કહ્યું કે નવી દિલ્હીએ ઓવરફ્લાઈટ માટે તેની એરસ્પેસનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે. અધિકારીઓએ આ આરોપોને પાયાવિહોણા અને ગેરમાર્ગે દોરનારા ગણાવ્યા. ભારતીય અધિકારીઓએ કહ્યું કે આ મંજૂરી સંપૂર્ણપણે માનવીય પગલું હતું, જે પાકિસ્તાને ભારતીય એરલાઈન્સ માટે તેના એરસ્પેસના ઉપયોગ પર પ્રતિબંધ ચાલુ રાખ્યો હોવા છતાં આપવામાં આવ્યું હતું.

# ભાગવત બોલ્યા- દુનિયા મોદીને ધ્યાનથી સાંભળે છે : આ ભારતની વધતી તાકાત દર્શાવે છે

**નવી દિલ્હી, તા.02**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના પ્રમુખ મોહન ભાગવતે સોમવારે કહ્યું કે આજે વિશ્વ મંચ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વાત ધ્યાનથી સાંભળવામાં આવે છે અને આ ભારતની વધતી વૈશ્વિક તાકાત દર્શાવે છે. ભારત હવે દુનિયામાં પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે. ભાગવત સોમવારે પુણેમાં RSS ના 100 વર્ષ પૂરા થવા પર



આયોજિત કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. આ દરમિયાન તેમણે સૂચન કર્યું કે સંગઠનોએ ફક્ત વર્ષગાંઠો કે શતાબ્દીઓની રાહ ન જોવી જોઈએ, પરંતુ નિર્ધારિત સમયમાં પોતાના કાર્યો પૂરા કરવા પર ધ્યાન આપવું જોઈએ. RSS ચીફે કહ્યું- અમારા સંગઠને 100 વર્ષ પૂરા કરી લીધા છે, ઘણા પડકારોનો સામનો કર્યો છે, પરંતુ આપણે એ પણ વિચારવું જોઈએ કે પૂરા સમાજને એકજૂટ કરવામાં આટલો સમય કેમ લાગ્યો. ઈતિહાસમાં નોંધાયેલું છે કે જ્યારે ભારત ઉભરે છે ત્યારે દુનિયાની સમસ્યાઓ ઓછી થાય છે અને શાંતિ સ્થાપિત થાય છે.




# ગુજરાતના પ્રથમ યુવાન જેણે ડેફલિમ્પિક્સ બે મેડલ જીત્યા

## સાંભળી ન શકતો સુરતનો યુવાન રાયફલથી કરે છે ધમાલ, વતન પરત ફરતા ધમાકેદાર સ્વાગત કરાયું

**સુરત, તા.02**

જાપાનના ટોક્યોમાં યોજાયેલા સમર ડેફલિમ્પિક્સમાં-2025માં શુટિંગમાં બે મેડલ જીતી સુરતના યુવકે ઈતિહાસ રચ્યો છે.જન્મથી જ સાંભળી ન શક્તા મોહમ્મદ મુર્તજા આ સિદ્ધિ મેળવનાર ગુજરાતનો પ્રથમ યુવાન બન્યો છે. ગુજરાત અને દેશનું નામ રોશન કરી પરત ફરેલા ખેલાડીનું સુરતમાં ધમાકેદાર સ્વાગત કરાયું હતું. મોહમ્મદ મુર્તઝા વાણીયા રાયફલ શુટિંગમાં ઈન્ટરનેશનલ, નેશનલ અને સ્ટેટ લેવલે અનેક મેડલ પોતાના નામે કરી ચૂક્યો છે. સુરતના મોહમ્મદ વાણિયાએ દેશનું નામ રોશન કર્યું છે. 19 વર્ષીય મોહમ્મદ વાણિયા જન્મથી સાંભળી શકતો નથી. ગત વર્ષે મોહમ્મદ વાણિયાએ વર્લ્ડ ડેફ શૂટિંગ ચેમ્પિયન શિપમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી દેશનું નામ રોશન કર્યું હતું.હવે ટોક્યોમાં યોજાયેલા સમર ડેફલિમ્પિક્સમાં બ્રોન્ઝ અને સિલ્વર મેડલ મેળવી ભારતનું નામ રોશન કર્યું છે. 19 વર્ષના મોહમ્મદ મુર્તુઝા વાણિયાએ રાઈફલ શૂટિંગમાં ઈન્ટરનેશનલ, નેશનલ અને સ્ટેટ લેવલ પર અનેક મેડલ મેળવ્યા છે. તેણે અત્યાર સુધીમાં 13 ગોલ્ડ, 11 સિલ્વર અને 9 બ્રોન્ઝ મેડલ જીત્યા છે.




સુરતનો મોહમ્મદ વાણિયા જન્મથી મૂકબધિર છે. માત્ર ચાર વર્ષની વયે તેમના કોકલીયર ઈમ્પ્લાન્ટનું ઓપરેશન થયું. અવાજ પહેલી વખતે સાંભળ્યો ત્યારે અન્ય બાળકો ઘણા આગળ હતા, પરંતુ તેણે પડકારોથી જ લડવાનું શીખ્યું હતું. હાલ મોહમ્મદ વાણિયા સાર્વજનિક યુનિ.માં B.Sc. ITના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરી રહ્યો છે.

મોહમ્મદે શરૂઆતમાં ટેબલ ટેનિસ, સ્વિમિંગ, રેસ જેવી રમતોમાં ભાગ લીધો અને સારો દેખાવ પણ કર્યો. ચાર વર્ષની નિયમિત મહેનત દરમિયાન કોકલીયર ઈમ્પ્લાન્ટને કારણે ક્યારેક શારીરિક કસરતો અને વાતાવરણની અનિશ્ચિતતાને કારણે ઘણીવાર કાનના મશીનમાં તકલીફ થતી હતી. જેથી વિકલ્પના રૂપે શૂટિંગમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી. જિલ્લાકક્ષાની પ્રથમ ટુર્નામેન્ટમાં જ ગોલ્ડ મેડલ જીતતા તેમના સપનાઓને પાંખો મળી.

આ અંગે તેના પિતા મૃતુઝા વાણિયા એ કહ્યું કે, મોહમ્મદ નાનપણથી જ સાંભળી શકતો નથી. પરંતુ અમે તેને એ રીતે જ મોટો કર્યો કે જેના કારણે તે સામાન્ય બાળકોની જેમ રહી શકે અમે તેને સ્પોર્ટ્સમાં આગળ વધવા પ્રેરિત કર્યો ,પરંતુ અન્ય જે રમતો હતી તેમાં તેને વધુ પસીનો થતો જેના કારણે તેનું સાંભળવાનું મશીન બગડી જતું હતું. તેથી અમે એક એવી રમત શીખવાડી કે જ્યાં તેણે પસીનો પાડવો ન પડે અને અમે રાઈફલ શૂટિંગ પસંદ કર્યું.

વધુમાં જણાવ્યું હતું કે, અમે તેને પ્રાયોગિક ધોરણે જ પહેલા શીખવાડ્યું અને ચાર વર્ષ પહેલા તેણે ખેલ મહાકુંભમાં ગોલ્ડ મેડલ જીત્યો. ત્યારબાદ તેની સફર શરૂ થઈ અને ધીરે ધીરે તે આમાં માસ્ટર બનતો ગયો. ગયા વર્ષે તેણે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ મેળવ્યું હતું અને આ વર્ષે ડેફલિમ્પિક્સમાં તેણે ભારતને રીપ્રેઝન્ટ કર્યું હતું અને સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવી માત્ર સુરતનું જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત અને ભારત દેશનું નામ રોશન કર્યું છે. એક પિતા તરીકે આજે મને ખૂબ જ ગર્વ થાય છે કારણ કે આપણા સુરતમાં પહેલું ડેફલિમ્પિકમાં મેડલ આવ્યો છે. મોહમ્મદ વાણિયાના કોચ સાગર ઉકરે એ કહ્યું કે મારી પાસે છે જે બાળકો શૂટિંગ શીખવા આવતા હતા તેની સરખામણીમાં મોહમ્મદ શીખવાળવું ખૂબ જ અલગ હતું કારણ કે તે સાંભળી શકતો ન હતો, તેથી તેને સાઈન લેંગ્વેજથી શીખવાડવું પડતું હતું અને આ વસ્તુમાં મને તેમના માતા પિતાનો ખૂબ જ સારો એવો સપોર્ટ મળ્યો. પરંતુ તે ખૂબ જ ઝડપી અન્ય બાળકો કરતા કેચપ કરી લેતો હતો.. અને આજે મનેં ગર્વ છે કે તે ડેફલિમ્પિકમાં ભારત નું નામે રોશન કર્યું છે. મોહમ્મદ વાણિયા માત્ર સુરત કે ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે ઉદાહરણ સાબિત થયો છે. જન્મજાત પડકારોને પાછળ મૂકી, માતા-પિતા તથા કોચની મદદથી અનેક સિદ્ધિ હાંસલ કરી છે. મોહમ્મદ જણાવ્યું હતું કે, પડકારો કોઈને રોકતા નથી, પરંતુ વ્યક્તિનું મન જ તેને રોકે છે. સમર્પણ, મહેનત અને વિશ્વાસ હોય તો કોઈ લક્ષ્ય અઘરું નથી. ખેલ મહાકુંભથી ડેફલિમ્પિક્સ સુધીની આ સફર હજી ચાલુ રહેશે.

# ટેમ્પોમાં ફસાયેલા ડ્રાઈવરને કેબીન કાપી બહાર કાઢ્યો

## વડોદરાની ગોલ્ડન ચોકડી પાસે ટેલર પાછળ ટેમ્પો ઘૂસી ગયો, બે કલાક દિલધડક રેસ્ક્યૂ ચાલ્યું

**વડોદરા, તા.02**

વડોદરા પાસેથી પસાર થતા નેશનલ હાઈવે 48 પર અવારનવાર અકસ્માતો સર્જાયા હોય છે. આજે વહેલી સવારે વધુ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં સુરતથી અમદાવાદ તરફ જઈ રહેલ ટેલરમાં ટેમ્પો ચાલક ઘૂસી જતા કેબીનનો કચ્ચરઘાણ વળી જતા ડ્રાઈવર ફસાયો હતો. આ અંગેની કોલ મળતા ERC ફાયર સ્ટેશનની ટીમે બે કલાકની ભારે જહેમત બાદ ટેમ્પાના કેબિનમાંથી દરવાજો કાપી ડ્રાયવરને સહી સલામત બહાર કાઢવામાં આવ્યો હતો. આ રેસ્ક્યુનો વીડિયો સામે આવ્યો છે. આ મામલે હરણી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા પાસેથી પસાર થતા નેશનલ હાઈવે 48 દુમાડ ચોકડી બ્રિજ પર સુરતથી અમદાવાદ તરફ જતા ટેલરમાં ટેમ્પો ઘૂસી જતા કેબિનમાં ડ્રાઈવર ફસાયો હોવાનો કોલ વડોદરા ફાયર વિભાગને મળ્યો હતો. આ અંગેની જાણ ERC ફાયર સ્ટેશનની ટીમને કરતા તાત્કાલિક ટીમ ઘટના સ્થળે પહોંચી ફસાયેલ ટેમ્પો ચાલકનું ભારે જહેમત બાદ રેસ્ક્યૂ કર્યું હતું.



આ અકસ્માતમાં રેસ્ક્યુ કરનાર ERC ફાયર સ્ટેશનના સૈનિક કાળુભાઈ ડામોરે જણાવ્યું હતું કે,આ અંગેનો અમને વહેલી સવારે 4.30 કલાકે કોલ મળ્યો હતો. અમે પહોંચ્યા ત્યારે ડ્રાઈવર બચાઓ બચાઓની બુમો પડતો હતો. અમે પહોંચ્યા તે શાંત થયો અને અમે બે કલાકની ભારે જહેમત બાદ આ ટેમ્પો ડ્રોવરનું સહી સલામત બહાર કાઢી રેસ્ક્યુ કર્યું હતું. અમે પહોંચ્યા ત્યારે ટેમ્પો ડ્રોવર કેબિનમાં ફસાયેલો નજરે પડ્યો હતો. અમે પોહચી હાઈડ્રોલિક સાધનો વડે કામ શરૂ કર્યું હતું. ડ્રાઈવર કેબિનમાં પગના ભાગે ગંભીર ઈજાઓને લઈ ફસાયેલ હોવાથી અમને રેક્સ્યુમ મુશ્કેલી પડી હતી.

વધુમાં કહ્યું કે, અમારી ટીમે અત્યાધુનિક ફાયરનાં હાઈડ્રોલિક કટારી, સ્પેડર, રેમજેક જેવા સાધનો વડે ડેમેજ ભાગને કટ કરવાનું શરૂ કર્યું હતું. અમે દરવાજાના ભાગે અને કેબિન આંગળાના ભાગેથી ડ્રાયવરને ઈજાઓ ન પહોંચે તે રીતે બે કલાકની મહેનતથી એક તરફનો દરવાજો કાપી બહાર કાઢ્યો હતો. ડ્રાઈવર ગંભીર હતો અને પગમાં ઈજાઓ હતી જેથી તેને તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવે છે.

આ અકસ્માત અંગે હાલમાં હરણી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત ડ્રાઈવર ક્યાંનો છે અને તેનું નામ શું છે તે તમામ વિગતો તપાસવામાં આવી રહી છે. હાલમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ ફાયર વિભાગે કરેલ રેસ્ક્યુથી આ ટેમ્પો ચાલકનો જીવ બચાવી તેને સલામત બહાર કાઢ્યો છે.

# ઘોઘા નજીક મોટા ખોખરામાં પિતા-પુત્ર પર જીવલેણ હુમલો : યુવકને રસ્તામાં રોકી માર માર્યો

## પિતા ઠપકો આપવા જતાં તેમને પણ ફટકાર્યા, ચાર સામે ફરિયાદ

**ભાવનગર, તા.02**

ઘોઘા તાલુકાના મોટા ખોખરા વાડી વિસ્તારમાં જૂની અદાવતને લઈને એક ખેતમજૂર અને તેના પુત્ર પર ચાર શખસોએ હુમલો કર્યો હતો. હુમલામાં પિતા-પુત્રને ઈજા પહોંચતા તેમને હોસ્પિટલમાં સારવાર લઈ વરતેજ પોલીસ મથકે ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ આધારે વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે વરતેજ પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ, ફરિયાદી હરજીભાઈ લાલાભાઈ ડાભી (ઉં.વ.55, ધંધો-ખેતમજૂર) એ પોલીસને જણાવ્યું કે, 1 ડિસેમ્બરના રોજ બપોરે આશરે 12:30 વાગ્યાની આસપાસ તેમનો નાનો પુત્ર ચિરાગ ડાભી (જે જે.સી.બી. ડ્રાઈવર છે) બાંભણીયા ગામેથી કામ પતાવી પોતાની મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે ચિરાગ ડાભી ગામના બુધા બાબુભાઈ ડાભીની વાડી પાસેથી પસાર થયો, ત્યારે બુધા અને તેના ભાઈ વિક્રમએ તેને રોકાવ્યો હતો.




વિક્રમે ગાળાગાળી કરીને ચિરાગને 'અહીંથી કેમ નીકળ્યો છે' તેમ કહીને તેની પાસે રહેલી લાકડીનો એક ઘા તેના વાસાના ભાગે માર્યો હતો. ચિરાગ ગભરાયેલી હાલતમાં ઘરે પરત ફર્યો હતો. પુત્ર પર હુમલો થતાં હરજીભાઈ જાતે બુધા અને વિક્રમને ઠપકો આપવા માટે તેમની વાડીના ઝાંપા પાસે પહોંચ્યા હતા. ઠપકો આપતા જ બુધા ઉશ્કેરાઈ ગયો હતો અને ઝાંપા પાસે પડેલો લોખંડનો પાઈપ લઈને હરજીભાઈ પર હુમલો કર્યો હતો.

હરજીભાઈએ વચ્ચે હાથ આડો રાખતા પાઈપનો ઘા તેમના જમણા હાથની કોણી પાસે વાગ્યો હતો, જેનાથી તેમને ઈજા પહોંચી હતી. દેકારો થતાં બુધાનો ભાઈ વિક્રમ તથા તેના દીકરાઓ પંકજ અને અલ્પેશ પણ ત્યાં આવી ગયા હતા અને પિતા-પુત્ર બંનેને ગાળાગાળી કરી હતી. ઈજાગ્રસ્ત થતા પિતા-પુત્રએ સારવાર અર્થે સર ટી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર બાદ પોલીસ સ્ટેશનમાં બુધા બાબુભાઈ ડાભી, વિક્રમ, પંકજ અને અલ્પેશ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં હરજીભાઈએ જણાવ્યું છે કે, આ હુમલાનું મુખ્ય કારણ આશરે ચાર વર્ષ પહેલાં બુધા બાબુભાઈ ડાભીની દીકરી બાબતે તેમની વચ્ચે થયેલી બોલાચાલીનું મન દુઃખ છે. આ જૂના ખારને કારણે જ બુધાના ભાઈ વિક્રમે વાડીના ઝાંપા પાસેથી નીકળેલા તેમના પુત્રને લાકડી મારી ઈજા પહોંચાડી હતી.

# રાજકોટમાં એર શો પૂર્વે સૂર્યકિરણ ટીમનું રિહર્સલ : અટલ સરોવર પર 6 વિમાનોએ દિલધડક કરતબો કર્યા

**રાજકોટ, તા.02**

રાજકોટમાં ભારતીય વાયુસેનાની પ્રખ્યાત 'સૂર્યકિરણ' એરોબેટિક ટીમ દ્વારા આયોજિત ભવ્ય એર શોની તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં છે. આ કાર્યક્રમની ભવ્યતાનો અંદાજ આપતા આજે સૂર્યકિરણ ટીમનાં 6 વિમાનો દ્વારા અટલ સરોવર ખાતે મીની રિહર્સલ કરવામાં આવ્યું હતું. રિહર્સલ દરમિયાન આ વિમાનોએ રાજકોટના આકાશમાં દિલધડક કરતબોની પ્રેક્ટિસ કરી હતી જેણે આસપાસના લોકોમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો અને 7 ડિસેમ્બર, રવિવારના મુખ્ય શો માટેની આતુરતા વધારી દીધી છે. રાજકોટ મહાનગર પાલિકા દ્વારા આયોજિત આ એર શો તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં કેવડિયા ખાતે યોજાયેલા એર શો જેવો જ ભવ્ય હશે તેવી અપેક્ષા છે. આ ઈવેન્ટનું મુખ્ય આકર્ષણ વાયુસેનાની ચોકસાઈ અને શિસ્ત હશે.



થયેલા મીની રિહર્સલે સ્પષ્ટ કરી દીધું છે કે, મુખ્ય શો કેટલો અદ્દભુત હશે. 6 હોક વિમાનોએ એકસાથે ઉડાન ભરીને વિવિધ ફોર્મેશનની પ્રેક્ટિસ કરી, જેમાં તેમની ટીમ સ્પિરિટ અને પાયલટ્સની અસાધારણ કુશળતાનો પરિચય થયો હતો. આ પ્રારંભિક પ્રેક્ટિસનો હેતુ 7 ડિસેમ્બરના મુખ્ય કાર્યક્રમ માટે વાતાવરણ અને એરોબેટિક્સની ચોકસાઈ ચકાસવાનો હતો, જે સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. રિહર્સલે અટલ સરોવર અને આસપાસના વિસ્તારમાં એક તહેવાર જેવો માહોલ ઊભો કર્યો હતો.

મુખ્ય કાર્યક્રમમાં સૂર્યકિરણ ટીમના 9 હોક વિમાનો રાજકોટના આકાશમાં જોવા મળશે. આ પાયલટ્સ દ્વારા 40 મિનિટ સુધી સતત હવાઈ કરતબો રજૂ કરવામાં આવશે, જે દર્શકોને મંત્રમુગ્ધ કરી દેશે. આ વિમાનો 7 ડિસેમ્બરે સવારે 10 વાગ્યે અટલ સરોવર ખાતે પોતાના કૌશલ્યનું પ્રદર્શન કરશે. દર્શકોને એર શોમાં વિમાનોના સિગ્નેચર ફોર્મેટ સ્ટંટ્સની ખાસ ઝલક જોવા મળશે, જે ભારતીય વાયુસેનાની તાકાતનું પ્રતીક છે. આ દિલધડક કરતબોમાં મુખ્યત્વે ડાયમંડ ફોર્મેશન, ભારતના સ્વદેશી તેજસ વિમાનની આકૃતિ, રોમાંચક લૂપ્સ, જબરજસ્ત રોલ્સ, પડકારજનક હેડ-ઓન ક્રોસ, અને અસાધારણ ઈન્વર્ટેડ ફોર્મેશન ડીએનએ જેવા અનેક સ્ટંટ્સનો સમાવેશ થાય છે. આ સ્ટંટ્સ પાયલટ્સની ઉચ્ચ તાલીમ અને આત્મવિશ્વાસ દર્શાવે છે. સૌથી મોટી પ્રભાવશાળી બાબત એ છે કે, આ પાયલટ્સ તેમની અસાધારણ ચોકસાઈનું પ્રદર્શન કરવા માટે માત્ર 5 મીટરથી ઓછા અંતરે વિમાનો ઉડાડીને તેમની શિસ્ત અને ટીમ સ્પિરિટનું જીવંત નિદર્શન કરશે. આટલા ઓછા અંતરે વિમાનોનું સંચાલન કરવું એ પાયલટ્સની સર્વોચ્ચ કાબેલિયત દર્શાવે છે. આ એર શો માત્ર એક અદ્ભુત હવાઈ પ્રદર્શન નથી, પરંતુ તે દેશના યુવાનો માટે પ્રેરણાનો સ્ત્રોત પણ છે. આ મુખ્ય એર શોની સફળતા માટેની અંતિમ તૈયારીઓ તરીકે 6 ડિસેમ્બરના રોજ ફાઈનલ રિહર્સલ કરવામાં આવશે. આ ફાઈનલ રિહર્સલ પણ મોટા શો જેવું જ મહત્ત્વપૂર્ણ રહેશે, જે દર્શકો માટે મુખ્ય ઈવેન્ટ પહેલા એક સારો અનુભવ સાબિત થશે. લોકો આ ઐતિહાસિક અને પ્રેરણાદાયી ઘટનાના સાક્ષી બનવા માટે 7 ડિસેમ્બરે અટલ સરોવર ખાતે સમયસર પહોંચે અને ભારતીય વાયુસેનાના આ અદભુત પ્રદર્શનને માણે તેવી અપીલ મનપા દ્વારા કરવામાં આવી છે.

જ્યારે પણ વાયુસેના દેશમાં એર શોનું આયોજન કરે છે ત્યારે તેની જવાબદારી સૂર્યકિરણ એરોબેટિક ટીમની હોય છે. 1996માં ભારતીય વાયુસેનામાં એક એરોબેટિક્સ પ્રદર્શન ટીમની સ્થાપના થઈ અને એનું નામ સૂર્યકિરણ અપાયું. સૂર્યકિરણ ટીમે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના HT-16 કિરણ ફાઈટર જેટથી શરૂઆત કરી હતી. વર્ષ 1015માં હોક માર્ક M-132 જેટ વિમાન સૂર્યકિરણ એરોબેટિક ટીમમાં જોડાયું હતું. સૂર્યકિરણ એરોબેટિક્સ ટીમ વાયુસેનાના 52મી સ્ક્વોડ્રનનો ભાગ છે. આ ટીમે 900થી વધુ વખત નવ-એરક્રાફ્ટ ફોર્મેશનનું પ્રદર્શન કર્યું છે. આ ટીમ ફક્ત દેશમાં જ નહીં, પરંતુ વિદેશમાં પણ એર શોમાં ભાગ લે છે.

સૂર્યકિરણ ટીમમાં 13 પાઈલટ્સ હોય છે, જેમાં નવ ફાઈટર પાઈલટ્સ એકસાથે ઉડાન ભરે છે. સૂર્યકિરણ ટીમ માટે બેથી ત્રણ વર્ષના સમયગાળા માટે પાઈલટ્સની પસંદગી કરવામાં આવે છે. ટીમના બધા પાઈલટ્સ કિરણ વિમાન ચલાવવાનો અનુભવ ધરાવતા લાયક ઉડાન ઈન્સ્ટ્રક્ટર હોય છે.

વર્ષ 1996માં SKAT ટીમની સ્થાપના કરવામાં આવી હતી. આ ટીમ એશિયામાં એકમાત્ર નવ વિમાનોની એરોબેટિક ટીમ હોવાનું પ્રતિષ્ઠિત બિરુદ ધરાવે છે અને તે વિશ્વની અમુક શ્રેષ્ઠ ટીમોમાંથી એક ગણવામાં આવે છે. આ ટીમે અત્યારસુધીમાં ભારતમાં તેમજ વિદેશમાં ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, સિંગાપોર અને UAE જેવા દેશોમાં 700 કરતાં વધુ પર્ફોર્મન્સ આપ્યાં છે. આ ટીમ તેમના સૂત્ર 'સર્વદા સર્વોત્તમ' દ્વારા માર્ગદર્શિત છે, જેનો અર્થ છે 'હંમેશાં શ્રેષ્ઠ' જે ઉત્કૃષ્ટતાની ભાવનાને સાકાર કરે છે.

# ટવિન્સને જન્મ આપ્યા બાદ માતાનું મોત, ડોક્ટરની બેદરકારીનો આક્ષેપ

## પુત્રોનાં મુખ પણ માતા ન જોઈ શકી, સુરતમાં હોબાળો મચાવી પરિવારનો મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર

**સુરત, તા.02**

સુરતના પુણા વિસ્તારમાં આવેલી હોસ્પિટલમાં બે જોડીયા બાળકોને જન્મ આપ્યા બાદ માતાની તબિયત લથડતા મોતને ભેટી હતી. માતાના મોતના પગલે પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. મહિલા ડોક્ટરની બેદરકારીના પગલે આ ઘટના બની હોવાના પરિવારજનો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. આ સાથે પરિવારજનો દ્વારા હોબાળો મચાવીને મૃતદેહ સ્વીકારવાની મનાઈ કરી દેવામાં આવી છે. આ સાથે જવાબદાર ડોક્ટર સામે ગુનો નોંધવાની માગ કરવામાં આવી રહી છે. આ બાબતે ડોક્ટર વીણાબેન કડેલનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે સંપર્ક થઈ શક્યો નથી. મળતી માહિતી પ્રમાણે, મૂળ અમરેલી અને સુરતના સણીયા હેમાદ વિસ્તારમાં આવેલી ઓમ રેસિડેન્સીમાં 30 વર્ષીય નિકિતા નિકુલગિરી ગોસ્વામી પરિવાર સાથે રહેતી હતી. પરિવારમાં પતિ છે જે રત્નકલાકાર તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યો છે. લગ્ન થયા બાદ વર્ષો બાદ પત્નીને ગર્ભ રહેતા પરિવારમાં ખુશીનો માહોલ હતો. ગત 30 નવેમ્બર ના રોજ નિકિતાને પ્રસુતિની પીડા ઉપાડતા પૂર્ણવિસ્તારમાં આવેલી સદવિચાર જનરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી. નિકિતાને ગર્ભ રહ્યા બાદ સદવિચાર જનરલ હોસ્પિટલમાં તેની તમામ સારવાર ચાલી રહી હતી. જેને પગલે ગતરોજ 1 ડિસેમ્બરની સાંજે સીજેરિયનથી ડીલીવરી કરેવી પડે તે સ્થિતિ આવી ગઈ હતી. નિકિતાની સિઝેરિયન ડિલિવરી



બાદ જોડિયા બાળકોને જન્મ આપ્યો હતો. જોકે ડિલિવરી બાદ નિકિતાની તબિયત લથડવા લાગી હતી. જેથી તેની આઈસીયુમાં દાખલ કરીને સારવાર કરવામાં આવી રહી હતી. રાત્રે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

નિકિતાનું મોત અને નવજાત બંને બાળકોની હાલત પણ ક્રિટિકલ હોવાનું સામે આવ્યું હતું. એક નવજાત બાળકને કાચની પેટીમાં રાખવામાં આવ્યું છે અને બીજા નવજાત બાળકને વેન્ટિલેટર પર રાખીને સારવાર કરવામાં આવી રહી છે. માતાનું મોત અને બંને બાળકોની હાલત પણ ખરાબ હોવાથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આ સાથે જ પરિવારજનોમાં આક્રોશ પણ ફાટી નીકળ્યો હતો. તેના પગલે હોસ્પિટલ ખાતે હોબાળો મચી ગયો હતો. આ અંગે પુણા પોલીસને જાણ થતા ઘટના સ્થળે દોડી ગયા હતા અને સ્થિતિ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. મૃતક નિકિતાના પરિવારજન હેતલબેન ગોસ્વામીએ જણાવ્યું હતું કે, આ સાથે જ હવે આ બંને બાળકોના પાલનપોષણ માટે પણ વર્તનની માગ કરવામાં આવી છે અને ન્યાય અપાવવા માટે પોલીસને રજૂઆત કરી છે. પુણા પોલીસ પણ મહિલા ડોક્ટરનો પક્ષ લઈને તેને હોસ્પિટલ ખાતેથી લઈને જતા રહ્યા હોય તે પ્રકારનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, હોસ્પિટલ ખાતે હોબાળો થતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને સ્થિતિ પર કાબુ મેળવી લીધો હતો. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરિવાર મૃતદેહ સ્વીકારવાની મનાઈ કરી રહ્યો છે.

# બોચાસણ ટોલનાકા પાસેથી વિદેશી દારૂ ભરેલું ટેન્કર ઝડપાયું : 20.21 લાખના વિદેશી દારૂ સાથે હરિયાણાના ચાલકની ધરપકડ

**આણંદ, તા.02**

આણંદ એલ.સી.બી. પોલીસે બોચા સ ણ ટોલનાકા નજીકથી વિદે શી દારૂ ભરેલા એક ટેન્કરને ઝડપી પાડ્યું છે. પોલીસે ટેન્કરમાંથી 20.21 લાખનો દારૂનો જથ્થો અને અન્ય મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે હરિયાણાના એક ચાલકની ધરપકડ કરવામાં આવી છે.

આણંદ એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે વાસદથી કાઠિયાવાડ તરફ જતા MH 46 AR 2168 નંબરના સફેદ ટેન્કરમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે, એલ.સી.બી. ટીમે આજે વહેલી સવારે વાસદ-બગોદરા સ્ટેટ હાઈવે પર બોચાસણ ટોલનાકા નજીક તારાપુર તરફ જવાના રોડ પર વોચ ગોઠવી હતી.



બાતમી મુજબનું ટેન્કર આવતા પોલીસે તેને રોક્યું હતું અને ચાલક અજરૂદીન સુલેમાન ખાન (રહે. આકેરા, જિ. નુહુ, હરિયાણા) ને અટકાયતમાં લીધો હતો. ટેન્કરમાં ભરેલા સામાન અંગે પૂછપરછ કરતા ચાલકે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. ત્યારબાદ પોલીસે ટેન્કરના ઉપરના પાંચેય ખાનાના નટ-બોલ્ટ ખોલી તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના દારૂના 6480 નંગ ક્વાર્ટરીયા મળી આવ્યા હતા.

પોલીસે 20,21,760 ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો, 10,00,000 ની કિંમતનું ટેન્કર અને 10,000 ની કિંમતનો એક મોબાઈલ ફોન મળીને કુલ 30,31,760 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

દારૂના જથ્થા અંગે ચાલક અજરૂદીનની પૂછપરછ કરતા તેણે જણાવ્યું કે સાહીદ (રહે. કોટલા, જિ. નુહુ, હરિયાણા) નામના વ્યક્તિએ ગોવાથી આ દારૂ ભરેલું ટેન્કર તેને આપ્યું હતું. આ માહિતીના આધારે, પોલીસે ટેન્કર ચાલક અજરૂદીન સુલેમાન ખાન અને દારૂનો જથ્થો મોકલનાર સાહીદ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# પાકિસ્તાનમાં મોટો હોબાળો...રાવલપિંડીમાં કલમ 144 લાગુ

## ઈમરાનના સમર્થનમાં રેલી-જુલૂસ કાઢવા પર પ્રતિબંધ, ખૈબર પખ્તુનખ્વામાં રાષ્ટ્રપતિ શાસનની તૈયારી, PAKમાં એલર્ટ

ઈસ્લામાબાદ, તા.02

પાકિસ્તાનમાં પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અંગેની અફવાઓ વચ્ચે હજારો પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના સમર્થકો રાવલપિંડીની આદિયાલા જેલ બહાર એકઠા થયા છે, જ્યારે પાકિસ્તાની સુરક્ષા દળોએ પ્રદર્શનને રોકવા માટે સમગ્ર રાવલપિંડીમાં કલમ 144 લાગુ કરી દીધી છે. ઈમરાનના સમર્થકો મોટી સંખ્યામાં રાવલપિંડી પહોંચી રહ્યા છે. ત્યાં, પાકિસ્તાની સરકારે ખૈબર પખ્તુનખ્વા (કેએપી) માં રાષ્ટ્રપતિ શાસન (ગવર્નર રૂલ) લાગુ કરવાની કવાયત તેજ કરી દીધી છે.

આ અંતર્ગત 1 થી 3 ડિસેમ્બર સુધી કોઈપણ સાર્વજનિક સભા, રેલી, સરઘસ, ધરણા, પ્રદર્શન કરવા, 5 કે તેથી વધુ લોકોના એકઠા થવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ડેપ્યુટી કમિશનર ડો. હસન વકારે આ અંગે એક આદેશ જાહેર કર્યો છે.

આદેશમાં હથિયાર, લાકડી, ગુલેલ, પેટ્રોલ બોમ્બ, વિસ્ફોટક સામગ્રી લઈ જવા પર રોક લગાવી દેવામાં આવી છે. આ ઉપરાંત નફરતભર્યા ભાષણો આપવા, પોલીસની બેરિકેડિંગ હટાવવાનો પ્રયાસ કરવો, બે લોકોનું એક મોટરસાઈકલ પર પાછળ બેસવું અને લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા પર પણ સંપૂર્ણપણે રોક લગાવી દેવામાં આવી છે.




આ રોક ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) દ્વારા મંગળવારે ઈસ્લામાબાદ હાઈકોર્ટની બહાર અને રાવલપિંડી (અડિયાલા જેલ) માં મોટા પાયે વિરોધ પ્રદર્શન કરવાના નિર્ણય પછી આવી છે.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે જિલ્લા ગુપ્તચર સમિતિએ અહેવાલ આપ્યો છે કે કેટલાક સંગઠનો અને તત્વો મોટા પાયે લોકોને એકઠા કરીને કાયદો અને વ્યવસ્થા બગાડવાની ફિરાકમાં છે.

આ લોકો સંવેદનશીલ સ્થળો, સરકારી ઈમારતો અને ચૂંટેલા સ્થળો પર હુમલો કરી શકે છે, તેથી જનતાની સુરક્ષા અને શાંતિ જાળવી રાખવા માટે આ પ્રતિબંધો લગાવવામાં આવી રહ્યા છે.

PTI નેતા અસદ કાયસરે કહ્યું કે સંસદના બંને ગૃહોના વિપક્ષી સાંસદો ઈસ્લામાબાદ હાઈકોર્ટની બહાર પ્રદર્શન કરશે અને પછી તેમનો ધરણા અડિયાલા જેલ લઈ જશે. તેમણે કહ્યું, "પ્રદર્શન કરવાનો નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કારણ કે કોર્ટ તેના આદેશને લાગુ કરવામાં નિષ્ફળ રહી છે અને જેલ પ્રશાસન પણ કોર્ટના આદેશોનું પાલન કરવા તૈયાર નથી." ગયા અઠવાડિયે, ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રીએ જેલની બહાર ધરણા કર્યા હતા, જ્યારે તેમને આઠમી વખત ઈમરાન ખાનને મળતા રોકવામાં આવ્યા હતા. તેવી જ રીતે, ખાનના પરિવારના સભ્યોને ઘણા અઠવાડિયાથી તેમને મળવા દેવામાં આવતા નથી. આ પહેલા પાકિસ્તાનના ન્યાય રાજ્ય મંત્રી અકીલ મલિકે સોમવારે કહ્યું, 'પખ્તુનખ્વામાં સુરક્ષા અને પ્રશાસનની હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ છે.' પાકિસ્તાન સરકાર ખૈબર પખ્તુનખ્વા (KP)માં રાષ્ટ્રપતિ શાસન લગાવવા પર વિચાર કરી રહી છે.

જિયો ન્યૂઝ અનુસાર, મલિકે કહ્યું, 'ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદી ત્યાંની સ્થિતિ સુધારવામાં ખરાબ રીતે નિષ્ફળ રહ્યા છે. તેઓ ન તો કેન્દ્ર સરકાર સાથે કોઈ તાલમેલ રાખી રહ્યા છે અને ન તો જરૂરી જગ્યાઓ પર કોઈ કાર્યવાહી કરી રહ્યા છે.'

ઈમરાન ખાનને સમર્થન આપવા રાવલપિંડીની અડિયાલા જેલ પહોંચેલા ખૈબર-પખ્તુનખ્વા (KP) રાજ્યના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદીને પોલીસે 27 નવેમ્બરે રસ્તા પર પાડીને માર માર્યો હતો.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, CM સોહેલ આફ્રિદી પર હુમલાની કાર્યવાહી સેનાના આદેશ પર કરવામાં આવી હતી. આફ્રિદી ગુરુવારે જે સમયે જેલ પહોંચ્યા હતા ત્યાં ભારે સુરક્ષા તૈનાત હતી અને PTI સમર્થકોની ભીડ સતત વધી રહી હતી. તેમના પહોંચવાથી પરિસ્થિતિ વધુ વણસી ગઈ.

પોલીસે તેમને અને તેમની સાથે આવેલા નેતાઓને આગળ વધતા રોક્યા. ધક્કા-મુક્કી દરમિયાન પોલીસકર્મીઓએ CMને લાત-ઘૂંસા પણ માર્યા અને જમીન પર પાડી દીધા. PTIએ આ ઘટનાને લોકતાંત્રિક અધિકારો પર હુમલો ગણાવ્યો છે. આફ્રિદીનું કહેવું છે કે સરકારે ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અને સુરક્ષાને લઈને ઉઠેલા તમામ સવાલોના સાચા જવાબ આપવા પડશે. જો આમ કરવામાં નહીં આવે તો તેઓ જનતા સાથે રસ્તાઓ પર ઉતરવા મજબૂર થશે.

આફ્રિદીએ આરોપ લગાવ્યો કે સરકાર ઈમરાન ખાનની સ્થિતિની સાચી માહિતી આપી રહી નથી. તેમણે ચેતવણી આપી કે જો ઈમરાન ખાનને કંઈ થશે તો તેના પરિણામની સંપૂર્ણ જવાબદારી વર્તમાન સરકાર પર રહેશે.

તેમણે પાકિસ્તાન સેના પ્રમુખ જનરલ આસિમ મુનીર પર કટાક્ષ કરતા કહ્યું કે દેશની બગડતી પરિસ્થિતિ માટે તેઓ જ જવાબદાર છે. આફ્રિદીનું કહેવું છે કે ઈમરાન ખાન સુધી પહોંચ રોકવી અને તેમના સ્વાસ્થ્યની માહિતી છુપાવવી એ જનતાના વિશ્વાસ સાથે ચેડાં છે.

છેલ્લા કેટલાક દિવસોથી ઈમરાન ખાનના મૃત્યુની અફવાઓ તેજ બની છે. ગુરુવારે ઈમરાન ખાનના પુત્ર કાસિમ ખાને તેમના પિતા જીવિત હોવાનો પુરાવો માંગ્યો હતો.

કાસિમે X પર લખ્યું કે તેમના પિતાને 845 દિવસ પહેલા ધરપકડ કરવામાં આવી હતી. છેલ્લા 6 અઠવાડિયાથી તેમને એકલા 'ડેથ સેલ'માં રાખવામાં આવ્યા છે.

કાસિમે કહ્યું કે તેમની ફોઈને પણ તેમના ભાઈને મળવા દેવામાં આવી રહી નથી. આ બધું કોઈ સુરક્ષા નિયમને કારણે નહીં, પરંતુ જાણી જોઈને કરવામાં આવી રહેલી કાર્યવાહી છે. સરકાર તેમના પિતાની અસલી હાલત છુપાવી રહી છે.

# કેનેડામાં ખાલિસ્તાન સમર્થકોએ ભારત વિરોધી નારા લગાવ્યા....

## PM મોદી-રક્ષામંત્રી રાજનાથ સિંહના પૂતળા બનાવીને લખ્યું- હિન્દુ ટેરરિસ્ટ, હાથમાં પાકિસ્તાની ઝંડા હતા

લુધિયાણા, તા.02

કેનેડામાં ખાલિસ્તાન સમર્થકોએ અલગ-અલગ શહેરોમાં ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું છે. કેનેડાના સરે શહેરમાં ખાલિસ્તાનીઓએ નિજ્જરના હોર્ડિંગ્સ લઈને ભારત વિરુદ્ધ નારા લગાવ્યા. એટલું જ નહીં, તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પૂતળું બનાવીને તેના પર લખ્યું કે તેણે હરદીપ નિજ્જરને માર્યો છે.

વડાપ્રધાન મોદી અને રક્ષા મંત્રી રાજનાથ સિંહને હિન્દુ આતંકવાદી ગણાવ્યા. બીજી તરફ, વેનકુવરમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ સામે પણ પ્રદર્શન કરવામાં આવ્યું. અહીં પણ રાજનાથના તે નિવેદનનો વિરોધ કરવામાં આવ્યો, જેમાં તેમણે પાકિસ્તાનના સિંધને પોતાનો ગણાવ્યો હતો.

હિંદુસ્તાન મુર્દાબાદ અને પાકિસ્તાન ઝિંદાબાદના નારા પણ લગાવવામાં આવ્યા. વેનકુવરમાં થયેલા આ પ્રદર્શનમાં ખાલિસ્તાન સમર્થકોના હાથમાં પાકિસ્તાનનો ઝંડો પણ હતો. આ પહેલા પણ કેનેડાના વિવિધ શહેરોમાં ભારત વિરોધી પ્રદર્શનો થઈ ચૂક્યા છે.

ઓટાવા શહેરમાં સાત દિવસ પહેલા જ ગેરકાયદેસર ખાલિસ્તાન જનમત સંગ્રહનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજકોનો



દાવો હતો કે ઓન્ટેરિયો, આલ્બર્ટા, બ્રિટિશ કોલંબિયા અને ક્યુબેક પ્રાંતોમાંથી 53,000થી વધુ ખાલિસ્તાન સમર્થકો મત આપવા આવ્યા હતા. આ દરમિયાન ભારતીય ધ્વજ 'તિરંગા'નું અપમાન પણ કરવામાં આવ્યું હતું.

બ્રિટિશ કોલંબિયાના સરે શહેરમાં ખાલિસ્તાની સમર્થકો એક હિન્દુ મંદિરની બહાર ભેગા થયા. તેમણે હાથમાં હરદીપ સિંહ નિજ્જરના પોસ્ટર રાખ્યા હતા. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પોસ્ટર પણ રાખ્યા હતા. વડાપ્રધાનના પોસ્ટર પર હિન્દુ ટેરરિસ્ટ લખેલું હતું. મંદિરની બહાર સૂત્રોચ્ચાર અને વિરોધ પ્રદર્શનને કારણે શ્રદ્ધાળુઓ પરેશાન થયા હતા.

સ્થાનિક નિવાસીઓએ ખાલિસ્તાન સમર્થકો દ્વારા આ રીતે મંદિરની બહાર પ્રદર્શન કરવા પર વાંધો ઉઠાવ્યો અને કહ્યું કે જો તેમનો વિરોધ ભારત સાથે છે તો તેઓ ધાર્મિક સ્થળોની બહાર સૂત્રોચ્ચાર શા માટે કરી રહ્યા છે. આવું કરીને તેઓ લોકોના મનમાં ભય પેદા કરી રહ્યા છે.

વેનકુવરમાં રાજનાથ સિંહ મુર્દાબાદના નારા લાગ્યા બીજી તરફ, વેનકુવરમાં ખાલિસ્તાન સમર્થકોએ 29 નવેમ્બરે પ્રદર્શન કર્યું અને હવે તેને શેર કર્યું છે. વીડિયો પર ખાલસા દીવાન સોસાયટી વેનકુવર કેનેડા લખેલું છે. વીડિયોમાં ખાલિસ્તાન સમર્થકોએ રાજનાથ સિંહને પણ હિન્દુ ટેરરિસ્ટ કહ્યા અને કહ્યું કે તે સિંધ પર કબજો કરવાની વાત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તેઓ પાકિસ્તાન સાથે ઊભા છે.

# ઇઝરાયલે સુરંગમાં ફસાયેલા 40 હમાસ ફાઇટર્સને માર્યા : છેલ્લા 9 મહિનાથી ફસાયેલા હતા; ઇઝરાયલે બહાર નીકળવા ન દીધા...

તેલ અવિવ, તા.02

ઈઝરાયલે દાવો કર્યો છે કે તેણે સુરંગમાં ફસાયેલા 40 હમાસ લડવૈયાઓને મારી નાખ્યા છે. આ લડવૈયાઓ ગાઝાના દક્ષિણી શહેર રાફાની સુરંગોમાં હાજર હતા. ઈઝરાયલી સેનાએ રવિવારે રાત્રે નિવેદન જારી કરીને જણાવ્યું કે હથિયારબંધ લડવૈયાઓને ખતમ કરવા માટે રાફામાં હાજર સુરંગોને નષ્ટ કરવામાં આવી રહી છે. ગયા અઠવાડિયે સુરંગોની અંદર 40થી વધુ લડવૈયાઓ માર્યા ગયા છે. ઈઝરાયલ આ પહેલા પણ રાફામાં ઘણા લડવૈયાઓને મારવા અને પકડવાનો દાવો કરી ચૂક્યું છે. જોકે હમાસે આ દાવાઓ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. ઈઝરાયલી મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાફાની જમીન નીચે છેલ્લા 9 મહિનાથી (માર્ચથી) લગભગ 200 હમાસ લડવૈયાઓ ફસાયેલા છે. હમાસની માંગણી છતાં ઈઝરાયલ તેમને બહાર નીકળવા માટે રસ્તો આપવા તૈયાર નથી. રોઈટર્સે ગયા મહિને તેના રિપોર્ટમાં જણાવ્યું હતું કે રાફામાં હાજર હમાસના લડવૈયાઓ, જેમનો છેલ્લા 7-8 મહિનાથી સંપર્ક થઈ શક્યો નથી, કદાચ એ પણ નથી



જાણતા કે હવે યુદ્ધવિરામ લાગુ થઈ ગયો છે. તેમાંથી એકે કહ્યું કે તે લડવૈયાઓને ત્યાંથી બહાર કાઢવા યુદ્ધવિરામ જાળવી રાખવા માટે જરૂરી છે. ગયા મહિને 6 નવેમ્બરે ઈઝરાયલ અને હમાસ વચ્ચે એક સમજૂતીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે હમાસના લડવૈયાઓને સુરક્ષિત બહાર નીકળવાનો રસ્તો આપવામાં આવે. ઈઝરાયલ તેમને મારવાને બદલે કોઈ ત્રીજા દેશમાં અથવા ગાઝાના બીજા ભાગમાં જવાની તક આપે. જોકે, ઈઝરાયલ આ માટે સહમત થયું નથી. યુદ્ધવિરામ કરાર હેઠળ લડવૈયાઓને છોડવાના બદલામાં હમાસના લડવૈયાઓ હથિયાર હેઠા મૂકે અને ગાઝા નીચે બનેલી સુરંગોની સંપૂર્ણ માહિતી આપશે. જેથી ઈઝરાયલ તેમને નષ્ટ કરી શકશે. આ ડીલથી ઈજિપ્ત ઈચ્છતું હતું કે યુદ્ધવિરામ જળવાઈ રહે, કારણ કે રાફામાં લડાઈ વધવાથી ફરીથી યુદ્ધ ફાટી નીકળી શકે છે. આ પ્રસ્તાવ અમેરિકા અને કતારની જાણમાં હતો, જેથી ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષવિરામને બચાવી શકાય. આ અંગે હમાસે હજુ સુધી કોઈ જવાબ આપ્યો નથી. ઈઝરાયલે પણ આ પ્રસ્તાવ ઠુકરાવી દીધો છે.

# પાકિસ્તાને શ્રીલંકાને એક્સપાયર્ડ રાહત સામગ્રી મોકલી

## પૂર પીડિતો માટે સડેલા ફૂડ પેકેટ મોકલ્યા, તેના પર ઓક્ટોબર 2024ની એક્સપાયરી ડેટ

ઈસ્લામાબાદ, તા.02

પાકિસ્તાને શ્રીલંકાને એક્સપાયર થયેલી રાહત સામગ્રી મોકલી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, શ્રીલંકામાં આવેલા ચક્રવાત દિતવાહે કારણે અસરગ્રસ્તો માટે પાકિસ્તાને મદદ મોકલી હતી, પરંતુ તે ફૂડ પેકેટ્સ પર એક્સપાયરી ડેટ ઓક્ટોબર 2024 હતી.

પાકિસ્તાને પાણી, દૂધ પાવડર અને લોટ સહિતના અનેક પેકેટ્સ મોકલ્યા હતા. પાકિસ્તાન હાઈ કમિશન શ્રીલંકાએ 30 નવેમ્બરે સોશિયલ મીડિયા X પર આ સંબંધિત એક પોસ્ટ કરી હતી. તેમાં રાહત સામગ્રીની તસવીરો પણ જાહેર કરી હતી, જેમાં એક્સપાયરી ડેટ લખેલી દેખાઈ રહી છે.

આ પોસ્ટ વાઈરલ થઈ રહી છે, ઘણા યુઝર્સ પાકિસ્તાનની ટીકા કરી રહ્યા છે. જોકે, અત્યાર સુધી પાકિસ્તાનનો કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી.

શ્રીલંકા ચક્રવાત દિતવાહને કારણે ભારે પૂરનો સામનો કરી રહ્યું



છે. તેનાથી 390 લોકોના મોતની પુષ્ટિ થઈ છે. 370 લોકો ગુમ છે. દેશમાં 11 લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. જ્યારે, લગભગ 2 લાખ લોકો ઘર છોડીને શેલ્ટર હોમમાં રહી રહ્યા છે.

આ પહેલા પણ પાકિસ્તાન રાહત સામગ્રીને લઈને વિવાદોમાં રહી ચૂક્યું છે. વર્ષ 2022માં તુર્કીમાં 7.8ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ દરમિયાન પાકિસ્તાને તુર્કીને તેની જ મોકલેલી રાહત સામગ્રી ફરીથી પેક કરીને મોકલી દીધી હતી.

હકીકત, વર્ષ 2021માં પાકિસ્તાનમાં પૂર આવ્યા બાદ તુર્કીએ મદદ મોકલી હતી. તુર્કીયેએ આ કૃત્ય બદલ પાકિસ્તાનને ઠપકો પણ આપ્યો હતો. તુર્કી અને સિરિયામાં ભૂકંપથી 47 હજાર લોકોના મોત થયા હતા.

ભારતે દિતવાહ વાવાઝોડાથી અસરગ્ર શ્રીલંકા માટે રાહત સામગ્રી લઈ જઈ રહેલી પાકિસ્તાનની ઓવરફ્લાઈટને પોતાના એરસ્પેસમાંથી પસાર થવાની મંજૂરી આપી. આ મંજૂરી માત્ર 4 કલાકની અંદર આપવામાં આવી.

ઓવરફ્લાઈટ એટલે કે, જ્યારે કોઈ વિદેશી વિમાન કોઈ દેશની સરહદ ઉપરથી પસાર થાય છે, પરંતુ ત્યાં લેન્ડ કરતું નથી, તો તેને ઓવરફ્લાઈટ કહેવાય છે.

સરકાર દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે પાકિસ્તાને સોમવારે બપોરે લગભગ 1 વાગ્યે ભારતીય એરસ્પેસ ઉપરથી ઉડાન ભરવા માટે વિનંતી કરી હતી.

પાકિસ્તાને 1 ડિસેમ્બરે જ ઓવરફ્લાઈટની મંજૂરી માગી હતી. તેનો હેતુ શ્રીલંકાને માનવીય મદદ આપવાનો જણાવવામાં આવ્યો હતો. આને ધ્યાનમાં રાખીને ભારતે ખૂબ જ ઝડપથી વિનંતી પર પ્રક્રિયા કરી.

ચક્રવાત દિતવાહ 2025ના ઉત્તર ન્દ મહાસાગર ચક્રવાત સીઝનનું ચોથું ચક્રવાત છે, જે 26 નવેમ્બરે શ્રીલંકાના દક્ષિણ-પૂર્વ કિનારે બન્યું હતું.

તેનું નામ યમને રાખ્યું હતું. આ શ્રીલંકામાં 20 વર્ષમાં આવેલું સૌથી ખતરનાક વાવાઝોડું માનવામાં આવે છે.

ભારતે ચક્રવાત દિતવાહનો સામનો કરવા માટે ઓપરેશન સાગર બંધુ હેઠળ શ્રીલંકાને 53 ટન રાહત સામગ્રી મોકલી છે. કોલંબોમાં ભારતીય નૌકાદળના બે જહાજ દ્વારા 9.5 ટન ઈમરજન્સી રાશન મોકલવામાં આવ્યું છે.

આમાં તંબુ, તાડપત્રી, ધાબળા, હાઈજીન કીટ, રેડી-ટુ-ઈટ ખાદ્ય પદાર્થો, દવાઓ અને સર્જિકલ સાધનો સહિત 31.5 ટન વધુ રાહત સામગ્રી એરલિફ્ટ કરવા માટે ભારતીય વાયુસેનાના ત્રણ વિમાન તહેનાત છે.

સાથે જ પાંચ લોકોની મેડિકલ ટીમ, NDRFની 80 લોકોની સ્પેશિયલ ટીમ પણ મોકલવામાં આવી છે. આ ઉપરાંત, નવી દિલ્હીએ ભારતીય નૌકાદળના જહાજ સુકન્યા (ત્રિંકોમાલીમાં) પર 12 ટન વધુ રાહત સામગ્રી મોકલી છે, જેનાથી કુલ સામગ્રી 53 ટન થઈ ગઈ છે.

# તુર્કીયે પછી સાઉદીમાં પણ તાલિબાન-પાકિસ્તાન સમજૂતી નિષ્ફળ

## TTP વિવાદનો કોઈ ઉકેલ આવી શક્યો નહીં, દોઢ મહિનામાં ત્રીજી બેઠક નિષ્ફળ

રિયાધ, તા.02

તાલિબાન અને પાકિસ્તાનના અધિકારીઓ વચ્ચે સાઉદી અરબમાં થયેલી વાતચીત કોઈ સમજૂતી વગર સમાપ્ત થઈ ગઈ છે. બંને દેશો વચ્ચે તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) વિવાદનો કોઈ ઉકેલ આવી શક્યો નથી. દોઢ મહિનામાં ત્રીજી વખત બેઠક નિષ્ફળ રહી છે.

આ પહેલા તુર્કીની મધ્યસ્થીમાં ઈસ્તંબુલમાં બે રાઉન્ડની વાતચીત નિષ્ફળ રહી છે. માત્ર કતરના દોહામાં પ્રથમ બેઠકમાં તાત્કાલિક યુદ્ધવિરામ પર સહમતિ બની હતી, પરંતુ TTP મુદ્દે આગળ કોઈ રસ્તો નીકળ્યો નહીં.

અફઘાનિસ્તાન ઈન્ટરનેશનલના રિપોર્ટ અનુસાર તાલિબાનનું એક પ્રતિનિધિમંડળ આ બેઠકમાં સામેલ થયું હતું. તેમાં અફઘાનિસ્તાનના ઉપ ગૃહ મંત્રી રહમતુલ્લાહ નજીબ, વિદેશ મંત્રાલયના પ્રવક્તા અબ્દુલ કહર બલ્ખી અને તાલિબાન નેતા અનસ હક્કાની સામેલ હતા.

બંને દેશો વચ્ચેની વાતચીતનું કેન્દ્રબિંદુ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) છે. પાકિસ્તાન ઈચ્છે છે કે તાલિબાન, TTP ને



તેના વિસ્તારમાંથી કાર્યરત ન થવા દે. TTPના લડવૈયાઓ પાકિસ્તાનમાં સેના અને પોલીસ પર સતત હુમલા કરે છે.

પાકિસ્તાન ઈચ્છે છે કે તાલિબાન TTP વિરુદ્ધ કડક કાર્યવાહી કરે. સાથે જ તેના ઠેકાણાં ખતમ કરે અને અફઘાન જમીન પરથી થતા હુમલાઓ બંધ કરાવે. પાકિસ્તાનનો આરોપ છે કે તાલિબાન, TTPને છુપાવી રહ્યું છે અને કડક પગલાં નથી લઈ રહ્યું.

તાલિબાને આ બેઠકો પર અત્યાર સુધી કોઈ સાર્વજનિક નિવેદન આપ્યું નથી. તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદ પહેલા જ કહી ચૂક્યા છે કે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓ અને સેના સાથે સંકળાયેલા કેટલાક લોકો વાતચીતને પાટા પરથી ઉતારી રહ્યા છે અને તણાવ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તાલિબાન-પાકિસ્તાન વચ્ચે 9 ઓક્ટોબરે શરૂ થયેલા સંઘર્ષ બાદ બંને પક્ષોએ 19 ઓક્ટોબરે કતારમાં યુદ્ધવિરામ પર હસ્તાક્ષર કર્યા હતા. તુર્કીમાં 25થી 30 ઓક્ટોબર સુધી આતંકવાદનો સામનો કરવા અંગે થયેલી બીજી વાતચીતનો દોર કોઈપણ સમજૂતી વિના સમાપ્ત થઈ ગયો હતો. જોકે, યુદ્ધવિરામ ચાલુ છે.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ 9 ઓક્ટોબરે શરૂ થયો હતો જ્યારે ઈસ્લામાબાદે કાબુલમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) ના ઠેકાણાઓ પર હુમલો કર્યો. અફઘાન લોકો પાકિસ્તાનને સરહદી વિવાદ અને હવાઈ ક્ષેત્રના ઉલ્લંઘન માટે જવાબદાર ઠેરવી રહ્યા છે.

બંને દેશો વચ્ચેના વિવાદનું મૂળ ડુરંડ લાઈન છે, જે બ્રિટિશ શાસનકાળમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે દોરવામાં આવી હતી. આ બંને દેશોની પરંપરાગત જમીનને વિભાજિત કરે છે અને બંને તરફના પઠાણો તેને ક્યારેય સ્વીકારતા નથી.

ડુરંડ લાઈન પર ઓછામાં ઓછી સાત જગ્યાએ બંને પક્ષો વચ્ચે ઘાતક ગોળીબાર થયો હતો. બંને પક્ષોએ એકબીજા પર ભારે નુકસાનનો દાવો કર્યો હતો. રોઈટર્સ અનુસાર, પાકિસ્તાને કહ્યું કે તેણે 200થી વધુ અફઘાન તાલિબાન અને તેમના સહયોગીઓને મારી નાખ્યા, જ્યારે અફઘાનિસ્તાનનો દાવો છે કે તેણે 58 પાકિસ્તાની સૈનિકોને ખતમ કર્યા.

### સામાન્ય જનતા ક્લાઈમેટ ચેન્જ, મોંઘવારી, આર્થિક અનિશ્ચિતતાથી પીડિત હોવાનો ડેમોક્રેટ્સ પાર્ટીનો મત

# સ્વિટ્ઝર્લૅન્ડમાં ધનવાનો પર વારસાઈ ટેક્સનો પ્રસ્તાવ 78 ટકા મતથી ફગાવાયો

## સોશિયલ ડેમોક્રેટ્સ પાર્ટીઓએ દેશભરમાં પ્રચાર કરીને વારસાગત સંપત્તિમાં 50 ટકા ટેક્સ લાદવા જનમત સંગ્રહ કરાવ્યો હતો

ઝુરિચ, તા.02

સ્વિટ્ઝર્લેન્ડમાં સમાજવાદી પાર્ટીઓએ ધનવાનો પર ટેક્સ લગાડવાની ભલામણ કરીને દેશવ્યાપી ઝુંબેશ ચલાવી હતી. તેના પરિણામે સ્વિટ્ઝર્લેન્ડમાં જનમત સંગ્રહ થયો હતો. એમાં ધનવાનો પર તોતિંગ ૫૦ ટકા ટેક્સ લગાડવાના પ્રસ્તાવને ૭૮ ટકા વોટિંગથી નાગરિકોએ નકારી દીધો હતો. ભારતમાં રાહુલ ગાંધીએ પણ ૨૦૨૪ની ચૂંટણીમાં આ પ્રકારની યોજના લાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. સ્વિટ્ઝર્લેન્ડના સમાજવાદી પક્ષોએ તેનાથી પ્રેરિત થઈને કેમ્પેઈનિંગ કર્યાનું કહેવાય છે.

સ્વિટ્ઝર્લેન્ડની સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીની યુવાપાંખ જેયુએસઓએ ધનવાનો પર ૫૦ ટકા વારસાઈ ટેક્સ લાદવા અંગે દેશવ્યાપી કેમ્પેઈનિંગ કર્યું હતું. શરૂઆતમાં એ ઝુંબેશને લોકસમર્થન પણ મળતું હતું. આ પાર્ટીની યુવાપાંખે એવું સૂત્ર બનાવ્યું હતું કે દેશના ધનવાન



પરિવારોને વારસામાં ધન-સંપત્તિ મળે છે, જ્યારે સામાન્ય લોકોના ભાગે ક્લાઈમેટ ચેન્જ, મોંઘવારી, આર્થિક અનિશ્ચિતતા વગેરે આવે છે. આ અસંતુલન ન ચાલે. સંતુલન જાળવી રાખવા માટે ધનવાનોએ ૫૦ ટકા વારસાઈ ટેક્સ ચૂકવવો જોઈએ.

આ કેમ્પેઈનિંગ રાહુલ ગાંધીની ૨૦૨૪ની 'ખટાખટ' યોજના જેવું હતું. જેમાં રાહુલ ગાંધીએ કહેલું કે ધનવાનો પાસેથી પૈસા લઈને તે મહિલાના અકાઉન્ટ્સમાં ખટાખટ ખટાખટ એક લાખ રૂપિયા નાખી દેશે. જોકે, રાહુલ ગાંધીનું કેમ્પેઈન સફળ થયું ન હતું અને પાર્ટી સત્તામાં આવી ન હતી. એ જ રીતે તેનાથી પ્રેરિત સ્વિટ્ઝર્લેન્ડનું વારસાઈ ટેક્સનું કેમ્પેઈન પણ સફળ થયું ન હતું. જનમત સંગ્રહમાં ૭૮ ટકાથી વધુ મતદારોએ પ્રસ્તાવના વિરોધમાં વોટિંગ કર્યું હતું. મતદારોએ સ્પષ્ટ મેસેજ આપ્યો હતો કે જેની પાસે જે છે એની પાસે જ એ રહેશે.

ધનવાનો પર વારસાઈ ટેક્સ લગાડવાની વિરોધમાં એવી દલીલ થઈ હતી કે જો મોટો ટેક્સ લગાડાશે તો બેકિંગ સેક્ટરને અસર થશે. ધનવાનો દેશ છોડીને અન્ય દેશોમાં ચાલ્યા જશે અને સરવાળે સરકારની ટેક્સની આવક ઘટી જશે. ટેક્સથી ટૂંકાગાળે ફાયદો થશે તો પણ લાંબાગાળે મોટું નુકસાન થશે. વારસાઈ ટેક્સની વિરોધની આ દલીલ લોકોએ માન્ય રાખી હતી. સ્વિટ્ઝર્લેન્ડની સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીની યુવાપાંખ જેયુએસઓએ ધનવાનો પર ૫૦ ટકા વારસાઈ ટેક્સ લાદવા અંગે દેશવ્યાપી કેમ્પેઈનિંગ કર્યું હતું. શરૂઆતમાં એ ઝુંબેશને લોકસમર્થન પણ મળતું હતું. આ પાર્ટીની યુવાપાંખે એવું સૂત્ર બનાવ્યું હતું કે દેશના ધનવાન પરિવારોને વારસામાં ધન-સંપત્તિ મળે છે, જ્યારે સામાન્ય લોકોના ભાગે ક્લાઈમેટ ચેન્જ, મોંઘવારી, આર્થિક અનિશ્ચિતતા વગેરે આવે છે. આ અસંતુલન ન ચાલે. સંતુલન જાળવી રાખવા માટે ધનવાનોએ ૫૦ ટકા વારસાઈ ટેક્સ ચૂકવવો જોઈએ.

તંત્રી લેખ

# પ્રેમીની લાશ સાથે લગ્ન, કહ્યું- જય ભીમવાળો હતો

'હું અને સક્ષમ 3 વર્ષથી સંબંધમાં હતાં. સક્ષમ બીજી જ્ઞાતિનો હતો, તેથી મારા પિતાને અમારો સંબંધ પસંદ નહોતો. તેઓ મને કહેતા હતા કે કોઈ બીજો છોકરો બતાવ, હું તેની સાથે તારા લગ્ન કરાવી દઈશ, પણ આની સાથે નહીં થવા દઉં. પપ્પા અને મારા ભાઈઓએ સક્ષમને ઘણીવાર ધમકી આપી હતી. આખરે તેને મારી નાખ્યો.' 19 વર્ષની આંચલ મામીડકર આ વાત કહેતાં રડવા લાગે છે. મહારાષ્ટ્રના નાંદેડમાં રહેનારી આંચલ અનુસૂચિત જાતિમાંથી આવતા સક્ષમને પ્રેમ કરતી હતી. આરોપ છે કે 27 નવેમ્બરે આંચલના પિતા અને ભાઈઓએ સક્ષમને ગોળી મારી અને પછી પથ્થરથી કચડીને તેની હત્યા કરી દીધી. ત્યાર બાદ આંચલે સક્ષમના મૃતદેહ સાથે લગ્ન કર્યાં અને અત્યારે તેના જ ઘરે રહી રહી છે. લગ્નનો એક વીડિયો પણ વાઈરલ થયો છે. આંચલ પદ્મશાલી (વણકર) સમુદાયમાંથી આવે છે. આ સમુદાય સ્પેશિયલ બેકવર્ડ ક્લાસમાં આવે છે. સક્ષમનો પરિવાર બૌદ્ધ ધર્મને માને છે. આંચલ જે રૂમમાં મળી ત્યાં દીવાલ પર ડૉ. આંબેડકરની તસવીર લાગી હતી. આંચલે દાવો કર્યો કે સક્ષમ ધર્મ બદલવા માટે તૈયાર હતો, જેથી બંનેનાં લગ્ન થઈ શકે. 'પરિવારે કહ્યું- સક્ષમ સાથે ઝઘડો થયો છે, પછી બીજી જગ્યાએ લઈ ગયા' આંચલ જણાવે છે, '27 નવેમ્બરની સાંજે હું ઘરે હતી. પરિવારે મને જણાવ્યું કે મારા ભાઈઓનો સક્ષમ સાથે ઝઘડો થઈ ગયો છે. સક્ષમને ટાંકા આવ્યા છે. ત્યાર બાદ મને ઘરમાંથી દૂર લઈ ગયા. રાત્રે પોલીસ આવી અને પપ્પાને પકડી લીધા.' 'મને સાંજથી જ લાગી રહ્યું હતું કે કંઈક ખોટું થયું છે. મેં જોયું કે પોલીસે પપ્પાને હથકડી લગાવી છે. ત્યારે મને ખાતરી થઈ ગઈ કે સક્ષમ સાથે કંઈક ખોટું થયું છે. મેં સવારે અખબાર વાંચ્યું તો ખબર પડી કે સક્ષમ હવે નથી રહ્યો.' આંચલના પિતા ગજાનને લવમેરેજ કર્યાં હતા. તેમની પત્ની જયશ્રી રાજપૂત છે. તે પહેલાંથી પરિણીત હતી. સાહિલ તેના પહેલા પતિનો દીકરો છે. આંચલ અને સગીર દીકરો ગજાનનના છે. પિતાની ધરપકડ પછી આંચલે પોતાનું ઘર છોડી દીધું. તે સીધી સક્ષમના ઘરે પહોંચી. ત્યારે સક્ષમના અંતિમસંસ્કારની તૈયારી ચાલી રહી હતી. આંચલે સક્ષમના પરિવારને કહ્યું કે હું હવે મારા ઘરે નહીં રહું. મેં સક્ષમને પ્રેમ કર્યો છે અને હવે તેના મૃતદેહ સાથે લગ્ન કરીશ. આંચલ જણાવે છે, 'પપ્પા અને મારા બંને ભાઈઓ ધમકી આપી રહ્યા હતા કે અમે સક્ષમને મારી નાખીશું. સક્ષમ પપ્પાનું ખૂબ જ સન્માન કરતો હતો. ભાઈઓ તેના સારા મિત્રો હતા. બધાએ મળીને તેને ફોસલાવ્યો, પછી નશો કરાવીને મારી નાખ્યો. તેને ત્રણ ગોળી મારી. પછી માથું કચડી નાખ્યું.' સક્ષમ અને આંચલના પરિવારો એકબીજાને ઓળખતા હતા. એક જૂનો વીડિયો પણ છે, જેમાં સક્ષમ આંચલના પિતા ગજાનન સાથે ડાન્સ કરતો દેખાઈ રહ્યો છે. સક્ષમ આંચલના ઘરે આવતો-જતો હતો, ત્યાં જ આંચલ સક્ષમના ઘરે જતી હતી. આ દરમિયાન જ બંનેને પ્રેમ થયો. આંચલના પિતા ગજાનનને એની જાણ થઈ તો તેઓ ભડકી ગયા. આંચલના જણાવ્યા મુજબ, તેમણે ઘણી વાર ધમકી પણ આપી હતી.

# કવિતા અને કમલી બંને સરખી ઉંમરના હતાં છતાં કમલીનું સ્વપ્ન કેમ જુદું હતું ?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

સાંપ્રત સમયમાં મોંઘવારી એટલી વધતી જાય છે, સામાન્ય માનવીને બે છેડા ભેગા કરવા બહુ મુશ્કેલ થઈ જાય છે. એમાં પણ શહેરમાં રહેતા માનવીને મહિને જો 25000 થી 30,000 રુપિયા કમાતા હોય તો પણ એનું ઘર માંડમાંડ ચાલે! કારણકે ઘર ભાડું લાઈટબીલ, રાંધણગેસ દૂધ શાકભાજી અને કરિયાણું અને અન્ય સાબુ પેસ્ટ! આ બધું થાય ત્યાં આટલાં તો આરામથી થઈ જાય. આમાં જો બાળકો હોય તો એનો ભણવાનો ખર્ચ, માંદગી નો ખર્ચ અને વ્યવહાર! આ બધું.. અને એટલે જ લગભગ દરેક ઘરમાં પતિ પત્ની બંને કમાણી કરે છે. સ્ત્રી શિક્ષણને સમાજના નાના માં નાના વર્ગ એ બહાલી આપી છે, અભણ શ્રમજીવી મહિલા એવું વિચારે છે કે પોતાની દીકરી ભણીને સારું જીવન વિતાવે, અને એટલે એ પણ નાના મોટા કામ કરીને દિકરીઓને પણ ભણાવતી હોય છે. પણ શિક્ષણ ને કારણે ઘણીવાર શ્રમજીવી વર્ગની છોકરીઓ અન્ય ધનવાન સખી સહેલીઓ સાથે પોતાની સરખામણી કરે છે, અને ત્યારે એની અંતરમાં પણ કેટલાય અરમાન સળવળે છે,ક અને એની આંખે પણ સુંદર સ્વપ્ન આંખના કાજળ જેમ ચીપકી જાય છે, અને ઘણીવાર આવા કોઈ સપનાં માટે આ પેઢી ગુમરાહ થતી જોવા મળે છે, કોઈ કોઈ તો છોકરી કોલ ગર્લ બને છે, તો કોઈ સ્મગલીંગ પણ કરતા જોવા મળે છે. પણ એવું ન થાય એની માટે આપણી જેમ એને પણ જરુરીયાત હોય, એમ સમજી ક્યારેક કંઈક એનાં મનનાં ભાવ તરંગને આલ્હાદક બનાવી શકે અને ખોટાં માર્ગ પર ચાલી ન નીકળે એ જોવું એ આપણી ફરજ છે. તો ચાલો આજે બુધવારે બોધકથામા આવો જ એક કિસ્સો.

કમલી એક પંદરેક વર્ષની છોકરી હતી, આજે નિશાળમાં રજા હોવાથી શાંતુ એટલે કે તેની મા સાથે કામ કરવા આવી હતી. કમલીને કામિની બેનનાં ઘરે આવવું ગમતું કારણકે કામિની બેનનો સ્વભાવ સારો હતો અને ઘર પણ સુંદર હતું! અને એને રોકટોક કરવા વાળું અહીં કોઈ નહોતું. કામિની બેનની દીકરી કવિતા પણ કમલી જેવડી જ હતી. મા કપડાં વાસણ વગેરે કામ કરવા બેઠી, અને કમલી મા ને મદદ કરવા ઘરમાં કચરા-પોતા કરવા લાગી. એ કચરા પોતા કરતી કરતી કવિતાના રૂમમાં આવી. કવિતા રાત્રે ભણી હોવાથી મસ્ત મજાની નીંદર ખેંચતી હતી. આલીશાન બેડ હતો, રૂમમાં એસી હતું. બાથ ટબ વાળું એટેચ્ડ બાથરૂમ,બાથરૂમમાં પણ એક્ઝોસ ફેન, ફુવારો, જુદા જુદા શેમ્પૂને સાબુની મહેક હજી પણ વર્તાતી હતી. કમલી કવિતા સામે ફરી એકવાર જોઈ રહી અને મનોમન કવિતાનું ભાગ્ય કેટલું સારું છે એવો ભાવ પણ થયો, પછી પોતાનું કામ કરવા લાગી. મનમાં ઘુમરાતા આવા મનઘડંત વિચારોને કારણે કંઈક વસ્તુ સાથે કમલી અથડાણી,અને તેના અવાજથી કવિતા જાગી ગઈ. કમલી ને જોઈ તે ખુશ થઈ ગઈ, અરે વાહ લે તુ આવી છે, એમ કરીને દોડીને એ પોતાની મમ્મી પાસે પહોંચી ગઈ. કામિની બહેન ને વળગી પડતાં તે બોલી, મમ્મી આજે તો બહુ મસ્ત ડ્રીમ આવ્યું! કામીની બેન પણ દીકરીને એક વ્હાલ ભર્યું ચુંબન કર્યું, અને કવિતા વળી પાછી પોતાના રુમમાં આવી. કવિતા ને જોઈ કમલી બોલી વાહ દીદી!! આજે તો કંઈ બહુ સરસ મૂડમાં છો, કેવા ખીલખીલાતા ગુલાબ જેવા લાગો છો. કવિતા બોલી હા હો! આજે તો બહુ જ સુંદર સ્વપ્ન આવ્યું,સફેદ ઘોડા પર એક સુંદર રાજ કુમાર આવ્યો,ને મને જોઈ ને મારી પ્રશંસા કરી! મને પણ તેને જોઈ ને ખૂબ જ સારી ફીલીંગ થઈ. પછી અમારી બંને વચ્ચે સારી મિત્રતા થઈ ગઈને ધીરે ધીરે પ્રણય રાગ....એમ કરી મોટા કદનાં અરીસામાં પોતાનો ચહેરો જોવા લાગી, અને અચાનક કંઈક યાદ આવતાં તે કમલી તરફ ફરી બોલી હે કમલી!! તું પણ મારી જેવડી જ છો, તને પણ સ્વપ્ન આવતું હશે નહીં!! કમલી ના દીદી મને એવું એક પણ સ્વપ્ન આવતું નથી, અમને એવા સ્વપ્ન જોવા ન પોષાય. મા કહે છે કે અત્યારે તારે ફક્ત ભણવા વિશે જ વિચારવું, અને સપના પણ એના જ જોવા. કવિતા એ કહ્યું કે એવું ન બને તને કોઈક તો સ્વપ્ન આવતું જ હોય, ચાલ સાચું કહે તો!!એમ કરી ઓચિંતાની કમલી ને ગલીપચી કરીને કહ્યું બોલ તો!! કમલી હસી પડી ને કહ્યું સાચું દીદી એવું કોઈ સ્વપ્ન નથી,પરંતુ... એમ કહી ચૂપ થઈ ગઈ. કવિતા બોલી કેમ ચૂપ થઈ ગઈ, મને કહે જોઉં. કમલી હિમ્મત કરીને બોલી દીદી અત્યારે તો એક જ સ્વપ્ન છે, કે આવો આલીશાન બંગલો,બેડ, અને બાથરૂમ હોય એમાં રહેવા મળે બસ.... કવિતા એની સામે જોઈ જ રહી, કે કોઈનું આવું પણ સ્વપ્ન હોઈ શકે,કારણ કે એને તો આ બધું જન્મથી જ મળ્યું હતું. કવિતા વિચારવા લાગી, કે તે કંઈ રીતે કમલીનું સ્વપ્ન પુરૂ કરવામાં તેની મદદ કરે!! અને તે હાથ પકડીને કમલીને પોતાના બાથરૂમમાં લઇ ગઈ, ને ફુવારો ચાલુ કરીને તેને ભીંજવી દીધી ને, બોલી અત્યારે તો હું આટલું જ કરી શકું તેમ છું,એમ બોલતાં તેની આંખ ભીની થઈ ગઈ. કમલી એ તેના મોઢા પર હાથ રાખી દીધો, અને કવિતાને પણ ખેંચી લીધી, અને બંને જણા એક અનન્ય ભાવથી એકબીજા સામે જોતાં રહ્યાં. કવિતાને પછીની જીંદગી કમલીનું સ્વપ્ન યાદ રહી ગયું, અને એણે પોતાની જરૂરિયાત પર કાપ મુકીને કવિતા જેવી બીજી કેટલીય છોકરીઓની જરુરીયાત એવમ શિક્ષણ પર બચત વાપરવાનું નક્કી કર્યું. તો આ છે કમલી જેવી કેટલીય શ્રમજીવી છોકરીનું સ્વપ્ન! મિત્રો તો આ છે આજના સમાજની સચ્ચાઈ જ્યાં એક ને રહેવા આખો મહેલ અથવા આલિશાન બંગલો અને બીજી બાજુ દસ દસ ને રહેવા ચાલીનો એક રુમ! જ્યાં બાથ ટબ તો ઠીક, બાથરૂમ પણ હોતો નથી. તકલીફ તો ત્યાં છે કે ઈશ્વરે બીજું કંઈ આપ્યું હોય કે ન આપ્યું હોય, પણ દિલ અને દિલમાં ઉભરાતા અરમાન તો ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને પણ છોડતા નથી, અને એને પણ એમ થાય કે મારે પણ



આવું બધું હોય! અથવા કાશ મારું ભાગ્ય પણ... ! કમલી હિમ્મત કરીને બોલી દીદી અત્યારે તો એક જ સ્વપ્ન છે, કે આવો આલીશાન બંગલો,બેડ, અને બાથરૂમ હોય એમાં રહેવા મળે બસ.... કવિતા એની સામે જોઈ જ રહી, કે કોઈનું આવું પણ સ્વપ્ન હોઈ શકે,કારણ કે એને તો આ બધું જન્મથી જ મળ્યું હતું. કવિતા વિચારવા લાગી, કે તે કંઈ રીતે કમલીનું સ્વપ્ન પુરૂ કરવામાં તેની મદદ કરે!! અને તે હાથ પકડીને કમલીને પોતાના બાથરૂમમાં લઇ ગઈ, ને ફુવારો ચાલુ કરીને તેને ભીંજવી દીધી ને, બોલી અત્યારે તો હું આટલું જ કરી શકું તેમ છું,એમ બોલતાં તેની આંખ ભીની થઈ ગઈ. કમલી એ તેના મોઢા પર હાથ રાખી દીધો, અને કવિતાને પણ ખેંચી લીધી, અને બંને જણા એક અનન્ય ભાવથી એકબીજા સામે જોતાં રહ્યાં. કવિતાને પછીની જીંદગી કમલીનું સ્વપ્ન યાદ રહી ગયું, અને એણે પોતાની જરૂરિયાત પર કાપ મુકીને કવિતા જેવી બીજી કેટલીય છોકરીઓની જરુરીયાત એવમ શિક્ષણ પર બચત વાપરવાનું નક્કી કર્યું. તો આ છે કમલી જેવી કેટલીય શ્રમજીવી છોકરીનું સ્વપ્ન! મિત્રો તો આ છે આજના સમાજની સચ્ચાઈ જ્યાં એક ને રહેવા આખો મહેલ અથવા આલિશાન બંગલો અને બીજી બાજુ દસ દસ ને રહેવા ચાલીનો એક રુમ! જ્યાં બાથ ટબ તો ઠીક, બાથરૂમ પણ હોતો નથી. તકલીફ તો ત્યાં છે કે ઈશ્વરે બીજું કંઈ આપ્યું હોય કે ન આપ્યું હોય, પણ દિલ અને દિલમાં ઉભરાતા અરમાન તો ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને પણ છોડતા નથી, અને એને પણ એમ થાય કે મારે પણ આવું બધું હોય! અથવા કાશ મારું ભાગ્ય પણ... !

# થરા માર્કેટ યાર્ડ ખાતે ખેડૂત આસરા-વિસામા શેડનું ખાત મુહૂર્ત કરાયું





યશપાલસિંહ ટી વાઘેલા - થરા

ઓગડ તાલુકાના મુખ્ય મથક થરા માર્કેટ યાર્ડ ખાતે ખેડૂત આસરા-વિસામા શેડનું જિલ્લા ભાજપ પ્રમુખ કિર્તિસિંહ વાઘેલા ના વરદ હસ્તે ખાત મુહૂર્ત કરાયું આ પ્રસંગે બનાસ બેંકના ચેરમેન ડાહ્યાભાઈ પીલીયાતર, માર્કેટયાર્ડ ના ચેરમેન ઈશ્વરભાઈ પટેલ, વા.ચેરમેન કિરીટભાઈ અખાણી બાંધકામ સમિતિના ચેરમેન બાબુભાઈ ચૌધરી,વહેપારી એશો.ના ઉપપ્રમુખ સુરેશભાઈ જોષી સહીત માર્કેટ યાર્ડના ડિરેક્ટર ભેમસંગ જાદવ, નાગજીભાઈ, પ્રવિણભાઈ દેસાઇ ભગવાનભાઈ પટેલ,રમેશભાઈ જોષી,રામાજી ઠાકોર,મુકેશભાઈ જોષી, સેક્રેટરી હસમુખભાઈ ચૌધરી, સંજયભાઈ ચૌધરી, અતુલભાઈ શાહ,શિલ્પેશભાઈ ચૌધરી,મલાભાઈ દેસાઇ, માનસુંગભાઈ પટેલ, જયંતીભાઈ ઠક્કર, દિપકભાઈ ઠક્કર, સચિન ભાઈ જોષી,પાલિકાનાકોર્પોરેટરો, ભાજપના શહેર અને તાલુકાના હોદેદારો, વહેપારીઓ,સહકારી અગ્રણીઓ ની ઉપસ્થિતિમાં ખેડૂત આસરા વિસામા વિશ્રામ શેડનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારે માર્કેટ યાર્ડના ચેરમેન ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે શિયાળા ઉનાળા ચોમાસામાં આ નવીન વિસામા વિશ્રામ ખેડૂતશેડથી ખેડૂત ભાઈઓને માલ સામાન મૂકવા સહિત અનેક પ્રકારની સારી સગવડ મળશે અને યાર્ડની કામગીરી વધુ ગતિશીલ, સુવ્યવસ્થિત અને આધુનિક બનશે.

# કોઈના પણ આત્માને તમારા કારણે દુ:ખના પહોંચે તેની તકેદારી રાખવી તેનું નામ ધર્મ અને કોઈકના આત્માને તમારા ભરોસે હૂંફ અનુભવે તેનું નામ કર્મ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઈએ તો,અંબરીષરાજા હતા, છતાં સેવા જાતે કરે છે. ઘરમાં અનેક નોકરો હતા પણ ઠાકોરજીનો હું દાસ છું, તેની સેવામારે જાતે કરવીજોઇએ એ એમની ભાવના હતી.આવો દાસ્ય ભાવ સેવામાં મુખ્યછે જે ભોજન કરે તેનું પેટ ભરાય છે. તેમ જે ભજન કરે, સેવા કરે તેને જ તેનું ફળ મળે છે. ચાર વસ્તુમાં બદલી નહીં ચાલે ભોજનમાં બદલી નહીં ચાલે.આ ચારે કામ જાતે જ કરવાં પડે છે. ભાગવતમાં સ્પષ્ટ લખ્યું છે કે, અંબરીષ ભગવાનનાં દર્શન કરવા જાય ત્યારે ઊઘાડા પગે ચાલતા જતા. એક વખત તેઓએ ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરવા માટે એક વર્ષ સુધી એકાદશીનું વ્રત સર્વ વ્રતોમાં શ્રેષ્ઠ છે. એકાદશીનું વ્રત ત્રણ દિવસનું છે.દશમના દિવસે એક વખત ભોજન કરવું, દૂધભાત જેવો સાત્ત્વિક આહાર કરવો. દશમને દિવસે અજીર્ણ થાય તેટલું ખાવું નહીં. એકાદશી બને તો નિર્જળા કરો. તેમ ન બને તો દૂધ ઉપર રહેવું. છેવટે ઋતુનાં ફળ ઉપર રહેવું ત્યાં સુધી એકાદશીનું ફળ મળે છે,તેથી આગળ જાઓ તો એકાદશીનું ફળ મળતું નથી. સત્ કર્મમાં પરમાત્મા સહાય કરે છે. લોકો સમજે છે કે, એકાદશી આવી એટલે દિવાળી મળવા આવી. એકાદશીના દિવસે અન્નમાં સર્વ પ્રકારનાં પાપ આવીને વસે છે. અન્ન ખાનારને માથે તે જાય છે. એકાદશીને દિવસે પાન-સોપારી ન ખવાય.દિવસે ન સૂવાય.

પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગિયારમું મન-આ અગિયાર ઈન્દ્રિયોને પ્રભુમાં પરોવી રાખવી એ એકાદશી. ઉપવાસ એટલે પાસે રહેવું. પ્રભુની સમીપમાં રહેવું.તે ઉપવાસ અને અગિયાર મન. ઈન્દ્રિયોને કાબૂમાં રાખી પ્રભુની સમીપ રહેવું તેનું નામ એકાદશી. બારસને દિવસે એક વખત આહાર કરવો. દ્વાદશીને દિવસે બે વખત ભોજન કરો તો એકા દશીનો ભંગ થાય છે.

આરોગ્યની દૃષ્ટિએ પણ આ વ્રત આવશ્યક છે. આજકાલ લોકો ડૉક્ટરો ઉપર વિશ્વાસ કરે છે પણ વ્યાસ જેવા ઋષિમુનિઓના બોલ ઉપર વિશ્વાસ કરતા નથી. ડૉક્ટર કહે છે કે,ટાઈફૉઈડ થયો છે, એકવીસ દિવસ અનાજ લેવાનું નથી.તો લોકો માનશે કે,એકાદશી ન કરનારને ફરજિયાત આવી સામટી એકાદશી કરવી પડે છે.

અંબરીષ રાજા વિધિપૂર્વક એકાદશી કરે છે. વ્રતનીસમાપ્તિના દિવસે યમુનાના કિનારે આવ્યા. યમુનામાં સ્નાન કર્યું. બ્રાહ્મણોની પૂજા કરી. તેઓ વ્રતનું પારણું કરવાની તૈયારી કરતા હતા.ત્યાં દુર્વાસા મુનિ અતિથિરૂપે આવ્યા. અંબરીષ રાજાએ પ્રાર્થના કરી, મહારાજ! મારે ત્યાં પ્રસાદ ગ્રહણ કરો! દુર્વાસાએ કહ્યું કે,હજી મારું મધ્યાહન કર્મ બાકી છે. આવશ્યક કર્મોથી નિવૃત્ત થઈ હું આવું છું. દુર્વાસા સંધ્યાપૂજા કરવા ગયા ત્યાં પૂજામાં એવા તન્મય થયા કે, સમયનું ભાન રહ્યું નહીં. બારસ પૂરી થવા આવીને તેરસ બેસવાનો વખત થયો. આ તરફ અંબરીષ ચિંતામાં છે. બ્રાહ્મણને જમવાનું આમંત્રણ આપ્યું છે,બ્રાહ્મણને જમાડયા પહેલાં જમાય નહીં. બીજી બાજુ,બારસ પૂરી થવાને હવે થોડી પળ બાકી છે અને તેરસ પહેલાં પારણાં કરવાનો નિયમ લીધેલો છે.તેમાં ભંગ થાય તો વ્રત ભંગ થાય છે. એટલે રાજાની ચિંતાનો પાર નથી રાજાએ બ્રાહ્મણોની સલાહ લીધી બ્રાહ્મણોના કહેવાથી રાજાએ



જળપાન કરી પારણાં કર્યાં.

મોડા મોડા નિત્ય કર્મોથી પરવારી દુર્વાસા આવ્યા.રાજાએ જળપાન કર્યાંનું જાણી દુર્વાસાએકહ્યું,રાજા તેં મને આમંત્રણ આપ્યું,પણ અતિથિ પહેલાં તેં પારણાં કરી લીધાં તે યોગ્ય નથી. આ તારી વિષ્ણુભક્તિ કેવી?રાજા કહે,મેં કેવળ જળપાન કર્યું છે. દુર્વાસાએ તો ક્રોધમાં કાંઈ સાંભળ્યું નહીં. ક્રોધમાં મનુષ્યને કંઈ સાનભાન રહે નહીં. ઋષિ હોય તો યે શું? દુર્વાસાએ તો કેશમાંથી કૃત્યા ઉત્પન્ન કરી, કૃત્યાને હુકમ કર્યો, રાજાને માર.

કૃત્યા અંબરીષને મારવા લાગી. અંબરીષે પ્રભુને યાદ કર્યા. તરત ત્યાં સુદર્શન ચક્ર આવ્યું. કૃત્યાને મારી નાંખી. સુદર્શન ચક્ર દુર્વાસાને મારવા દોડયું. દુર્વાસા સર્વલોક ફરી વળ્યા પણ ચક્ર પીછો છોડતું નથી.દુર્વાસા દોડતાદોડતા વૈકુંઠમાં ગયા.નારાયણ કહે,આવો આવો મહારાજ! દુર્વાસા કહે, શું આવું? તમારું ચક્ર મારી પાછળ પડેલું છે. મારી રક્ષા કરો! ભગવાન કહે છેકે,વૈષ્ણવોઅનન્ય ભાવથી મારી સેવા કરે છે, અને પોતાનું સર્વસ્વ મને આપે છે,તેથી મારું સર્વસ્વ હું વૈષ્ણવોને આપું છું. સુદર્શનચક્ર હવે મારી આજ્ઞામાં નહીં,પણ અંબરીષની આજ્ઞામાંછે હું તો ભક્ત પરાધીન છું,મુદ્દલે સ્વ તંત્ર નથી.મારું હૃદય ભક્તોના કબજા માંછે.હું એમને આધીન છું . આજે આપણે છેલ્લે જોઈએ તો એક સમયે,ટીનુ નામની એક છોકરી જેને શાળાના કાર્યોમાં ખૂબ રસ હતો!આ વર્ષે,ઉનાળા ની રજાઓ શરૂ થાય તે પહેલાં, તેના શિક્ષકે બધાને વિવિધ પક્ષીઓના ચિત્રો બતાવ્યા અને તેમના પર નિબંધો લખવા કહ્યું. શાળા ખુલતાની સાથે જ બધા વિદ્યાર્થીઓએ શિક્ષકને નિબંધો બતાવવાના હતા.ટીનુને રંગબેરંગી પક્ષીઓનું પુસ્તક ખૂબ ગમ્યું. જ્યારે શિક્ષકે તેમને કહ્યું કે તે આ પક્ષી પૈકી એક પર નિબંધો લખી લાવે,જે નિબંધ શ્રેષ્ઠ હશે તેને આ પુસ્તક ઈનામ રૂપે મળશે, ત્યારે ટીનુ ખુશ થઈ ગઈ. શિક્ષકે બાળકોને બધા પક્ષીઓ સાથે સંબંધિત કેટલીક વાર્તાઓ પણ કહી.તે પછી, શાળાની ઉનાળાની રજાઓ આવી.સામાન્ય રીતે, ટીનુએ તેનું ઉનાળાનું વેકેશન ક્યાંક વિતાવ્યું.પરંતુ આ વર્ષે, રજાઓ દરમિયાન,ટીનુ દરરોજ નજીકના બગીચામાં પક્ષીઓ અને તેમના માળાઓનું નિરીક્ષણ કરવા જતી.બગીચામાં ચકલી, દરજીડો અને બગલા જેવા અસંખ્ય પક્ષીઓ રહેતા હતા. ટીનુએ બગીચામાં આવતા દરેક પક્ષીને ઓળખવાનો પ્રયાસ કર્યો અને તેમને નજીકથી નિહાળ્યા.

ટીનુએ ઘાસ,પાંદડા,પીંછા વગેરે ભેગાં કરીને દરેક પક્ષીને માળો બનાવતા જોયા.તેને આશ્ચર્ય થયું કે માળો બનાવવા માટે કેટલા પક્ષીઓના પીંછાં ઘાસ,પાંદડા જરૂર છે.તે ખૂબ મહેનત માંગી લે છે. ટીનુ કોઈક રીતે તે પક્ષીઓને મદદ કરવા માંગતી હતી. એક દિવસ, ટીનુએ જોયું કે નજીકના બગીચામાં કેટલાક તોફાની છોકરાઓએ બગલાનો મળો તોડી નાખ્યો. ટીનુ આનાથી ખૂબ જ દુ:ખી થઈ. તેને વિચાર્યું કે, શા માટે તેમના માટે એક-બે માળાઓ પોતે ન બનાવે?કદાચ તેઓ તેનો ઉપયોગ કરશે.

ટીનુએ વિચાર્યું કે પોતે થોડા સમયમાં પક્ષી જેવી માળો તૈયાર કરી લેશે.પરંતુ ટીનુએ આખો દિવસ ઘાસ અને અન્ય સામગ્રી થી માળો બનાવવા પ્રયત્ન કર્યો . જ્યારે ખૂબ જ મહેનત કરી માળો તૈયાર કર્યો, ત્યારે તેને ઝાડ મુકવા કોશિષ કરી પણ કંઈ મળ્યું નહીં.

ટીનુની માતા આ બધું જોઈ રહી હતી.પછી ટીનુએ કહ્યું, મામમી જો, મેં પક્ષી માટે માળો બનાવ્યો છે. પણ તે પક્ષીઓના માળાઓ જેટલો સુંદર નથી. મેં વિચાર્યું હતું કે એક સુંદર માળો બનાવવો સરળ હશે, પરંતુ તે બન્યો નહીં. આ માળો અંદરથી ખૂબ જ કઠણ છે.શું તું તેને મુલાયમ બનાવી આપીશ?'

ટીનુની માતાએ થોડી મહેનત કરીને માળો ઠીક કર્યો, ત્યારબાદ ટીનુએ તેને ઝાડ પર બગલાએ બનાવ્યો તે રીતે મુક્યો પછી

બગીચામાં બેસીને, ટીનુ બગલા આવવાની રાહ જોતી રહી,પરંતુ બગલા ટીનુએ બનાવેલા માળામાં આવ્યા જ નહીં. ટીનુની માતા પણ તેની સાથે બગીચામાં આવી હતી. ટીનુને ઉદાસ જોઈને તેણે કહ્યું, 'ચિંતા ના કર,પક્ષીઓ જલ્દી જ પોતાના માળામાં આવી જશે.'તે જ સમયે, એક બગલો આવ્યો અને ટીનુએ બનાવેલા માળાને તોડી નાખ્યો. ટીનુ દેખીતી રીતે ગુસ્સે થઈ ગઈ. પછી તેની માતાએ સમજાવ્યું કે તેને ઉદાસ ના થઈશ. જો બગલા તે જે વસ્તુઓનો ઉપયોગ કર્યો છે તેનો ઉપયોગ કરીને પોતાના મળો બનાવી રહ્યા છે. કદાચ તેમને બીજાઓ દ્વારા બનાવેલા માળાઓ પસંદ ન હોય. દુ:ખી મનથી ટીનુએ કહ્યું, 'મમ્મી, હું આ બધા વિશે મારા શાળાના નિબંધમાં લખીશ.'

થોડી વાર પછી, ટીનુએ કહ્યું, 'મમ્મી, શું તમે ઝાડીઓમાં બગલાઓને માળા બનાવતા જોયા છે..?'

, ટીનુની માતાએ કહ્યું, 'હા, બેટા, મેં સાંભળ્યું હતું કે બગલાઓ ફક્ત ઝાડ પર જ માળા બનાવે છે. આજે મને આ નવી વાત શીખવા મળી.'

થોડા દિવસો પછી, ટીનુને બગલાઓ વિશે બીજી એક વાત શીખવા મળી: તેઓ સીધા તેમના માળામાં ઉડતા નથી. તેઓ માળાથી થોડે દૂર રોકાઈ જાય છે અને તેમના માળામાં પહોંચવા માટે કૂદી પડે છે.તેઓ માળામાં પહોંચી જાય છે જેથી કોઈ તેમનો માળો શોધી ન શકે.

થોડા દિવસોમાં,શાળાનું ઉનાળાનું વેકેશન પૂરું થઈ ગયું. ટીનુ શાળા એ ગઈ અને બગલાઓ વિશે લખ્યું તે નિબંધ સ્પર્ધામાં પ્રથમ આવી. ટીનુને તેનું પ્રિય પક્ષી પુસ્તક ઈનામ તરીકે મળતાં ખૂબ આનંદ થયો.

સ્પર્ધા જીત્યા પછી પણ, ટીનુ દરરોજ તે બગીચામાં જાય છે અને પક્ષીઓનો કિલકિલાટ સાંભળવા કલાકો સુધી બેસે છે. જાણે તે પક્ષીઓ સાથે મિત્ર બની ગઈ હોય.વાચક ચાહક મિત્રો ઉપરોક્ત ઘટના આપણને શીખવે છે કે આપણે નાની નાની બાબતો પર દુઃખી ન થવું જોઈએ. આપણી આસપાસની વસ્તુઓનું અવલોકન કરીને,આપણે ઘણી નવી વસ્તુઓ જાણી શકીએ છીએ. ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# અમદાવાદ મંડળે નવેમ્બર 2025માં રેકોર્ડ રૂ. 800 કરોડથી વધુની આવક પ્રાપ્ત કરી

## રાજસ્વમાં 15.88%નો ઐતિહાસિક વધારો, માલવહન રાજસ્વ સર્વકાલીન ઉચ્ચ સ્તરે

**અમદાવાદ, તા. 02**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે નવેમ્બર 2025માં ઉત્કૃષ્ઠ કામગીરી દર્શાવીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. મંડળે નવેમ્બર 2025માં કુલ 806.68 કરોડની આવક પ્રાપ્ત કરી, જે ગયા વર્ષની આ જ મહિનાના પ્રદર્શન કરતાં 15.88% વધુ છે. નવેમ્બર 2025 ની સિદ્ધિઓ સર્વોત્તમ માલવહન આવક: મંડળે 628.68 કરોડની ઉત્તમ માલવહન આવક (Goods Revenue) હાંસલ કરી છે. આ નાણાકીય વર્ષના નવેમ્બર 2025 મહિનામાં અત્યાર સુધીનું સર્વોત્તમ પ્રદર્શન છે, જે નવેમ્બર 2024ની માલવહન આવક 554.65 કરોડ કરતાં 13.35% વધુ છે.





OCH (અન્ય કોચિંગ આવક) માં મહત્વપૂર્ણ વધારો: અન્ય કોચિંગ (OCH) રાજસ્વ 25.50 કરોડ રહી, જે ગયા વર્ષે નવેમ્બર 2024 ની OCH રાજસ્વ 16.20 કરોડથી 57.41% વધુ છે. મુસાફર ટ્રાફિકમાં વધારો: નવેમ્બર 2025 માં મંડળમાંથી 34.90 લાખ મુસાફરોએ મુસાફરી કરી, જેના પરિણામે 152.59 કરોડનું આવક પ્રાપ્ત થઈ, જે ગયા વર્ષેના 125.28 કરોડની તુલનામાં 21.80% નો નોંધપાત્ર વધારો દર્શાવે છે. ટિકિટ નિરીક્ષણ આવક: ટિકિટ નિરીક્ષણ આવકમાં પણ સુધારો થયો છે, જે 2.43 કરોડ સુધી પહોંચી ગઈ છે, જે ગયા વર્ષની 1.82 કરોડની સરખામણીએ 33.52% વધુ છે.BDU (બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ) ના પ્રયાસો: બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ (BDU) ના અવિરત પ્રયાસોના પરિણામરૂપ, પાંચ માલ વહન ટર્મિનલોએ પોતાનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ માસિક માલ વહન આવકનો આંક નોંધાવ્યો છે.

ચંડીસર (ATGC) ખાતે મેસર્સ અલ્ફા ટર્મિનલ પ્રાઈવેટ લિમિટેડનું GCT: 3.36 કરોડ.

મેસર્સ નવકાર કોર્પોરેશન લિમિટેડ (NCLW) નો GCT: 10.43 કરોડ.

મેસર્સ કૉન્ટિનેન્ટલ વેરહાઉસિંગ કોર્પોરેશન (CWCJ) ન્હાવા શેવા: 5.29 કરોડ.

સણોસરા માલ ટર્મિનલ (SNSR): 9.62 કરોડ.

શિરવા માલ ટર્મિનલ (SRVA): 11.37 કરોડ.

નવા યાતાયાત સ્ટ્રીમ અને નવીનતા

નવું ઉત્પાદન (New Commodity): પ્રથમ વખત ડેડિકેટેડ રેફ્રિજેરેટેડ "રીફર" કન્ટેનર રેકને સફળતાપૂર્વક MHPL-સાણંદથી પિપાવાવ બંદર માટે લોડ કરી રવાનગી અપાઈ, જેના પરિણામે 6.57 લાખનું આવક પ્રાપ્ત થઈ, નવું પ્રારંભિક બિંદુ (New Originating Point): ગાંધીધામ (GIMB) થી આજરા (AZA), એન.એફ. રેલવે માટે મિશ્રત માલનો નવો રેક લોડ કરવામાં આવ્યો, જેનાથી 85.75 લાખનું આવક પ્રાપ્ત થઈ. નવા ગ્રાહકો અને આવક: સાણોસરા પરથી નાગદા અને ગઢવા રોડ ખાનગી સાઈડિંગ માટે ઔદ્યોગિક મીઠાના ચાર રેક લોડ કરવામાં આવ્યા, જેના દ્વારા 2.34 કરોડનું આવક પ્રાપ્ત થઈ. કાંડલા પોર્ટ અને કાંડલા પોર્ટ ડોક રેલ ટર્મિનલથી એનપીકે ખાતરના બાર રેકમાંમાંથી છ-છ રેક લોડ કરવામાં આવ્યા, જેના પરિણામે 5.30 કરોડ ની આવક થઈ. સનોસરા પરથી બે બેન્ટોનાઈટના રેક BOST વૈગનમાં રંગાળી (પૂર્વ તટીય રેલવે) તેમજ કરિગનુરુ (દક્ષિણ પશ્ચિમ રેલવે)ની પ્રાઈવેટ સાઈડિંગ માટે લોડ કરવામાં આવ્યા, જેના પરથી 1.30 કરોડનું આવક પ્રાપ્ત થઈ. ટિકિટ ચેકીંગ આવક, અમદાવાદ સ્ટેશાને ત્રણ ફોર્ટ્રેસ ચેકિંગ યોજાઈ હતી, જેમાં 31 ટિકિટ ચેકિંગ સ્ટાફ સામેલ હતા. આ તપાસોમાં 657 બિનમાન્ય મુસાફરોના કેસો મળી આવ્યા હતા અને તેમની પાસેથી 4.42 લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. અમદાવાદ, મહેસાણા, ગાંધીધામ, પાલનપુર, સાબરમતી, મણિનગર અને વિરમગામ ખાતે આઠ વિશેષ ફોર્ટ્રેસ ચેકિંગ યોજાઈ હતી, જેમાં 2015 બિનમાન્ય મુસાફરોના કેસ ઝડપી લેવામાં આવ્યા અને તેમની પાસેથી રૂ.14.49 લાખનો દંડ વસૂલવામાં આવ્યો. નવેમ્બર 2025માં ટિકિટ ચેકિંગ દ્વારા 2.43 કરોડનું આવક પ્રાપ્ત થઈ, જે 0.33 લાખ કેસ પર આધારિત છે. આ 2.35 કરોડના લક્ષ્યાંકથી 3.40% વધારે છે. રેલવે પરિસરોને ગંદા કરનારા મુસાફરો સામે અભિયાન ચાલુ રાખતાં, ધારા 198 અંતર્ગત 349 કેસોમાં એન્ટી-લિટરિંગ અને એન્ટી-થૂંકવા માટેનો દંડ વસૂલ કરવામાં આવ્યો, જેની રકમ 0.68 લાખ છે. વ્યાપાર આઉટરીચ અને બિન-ભાડા આવક (NFR)" લોજિસ્ટિક્સને પ્રોત્સાહન: મંડળ રેલ પ્રબંધક (DRM) એ 27.11.2025ના રોજ કચ્છ વિસ્તારમાં રેલ લોજિસ્ટિક્સને વિકસિત કરવા અને માલવહનની અવરજવર મજબૂત કરવા માટે ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે બેઠક યોજી. જેનો લક્ષ્ય 50 મેટ્રિક ટન યાતાયાત પ્રાપ્ત કરવાનો છે. બિન-ભાડા આવક (NFR): નોન-ડિજિટલ જાહેરાત બોર્ડ અને હોર્ડિંગ્સ માટે ઈ-હરાજી દ્વારા 2.10 કરોડની સંપતિ ફાળવવામાં આવી. મહેસાણા રેલવે સ્ટેશન પર પાર્કિંગ સ્થળની 03 વર્ષની અવધિ માટે ઈ-હરાજી 0.31 કરોડના કરાર મૂલ્યે ફાળવવામાં આવી.

# વગેલા ગામે AAP કાર્યકર સામે મહિલા પર હુમલો અને ધમકીઓનો આરોપ

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 02**




ઝાલોદ તાલુકાના વગેલા ગામે ૨૪ નવેમ્બર ૨૦૨૫ની રાત્રે આશરે ૧૦ વાગ્યે થયેલી ઘટનામાં દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના થાળા ગામના આમ આદમી પાર્ટી (AAP)ના કાર્યકર રાજેશભાઈ રમેશભાઈ ડામોર અને તેમની સાથેના ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ ગંભીર આરોપો સાથે ફરિયાદ નોંધાઈ છે. વગેલા ગામની ૫૦ વર્ષીય મહિલાએ ચાકલીયા પોલીસ સ્ટેશનમાં કરેલી ફરિયાદ મુજબ, આરોપીઓ રાત્રે તેમના ઘરે પહોંચ્યા હતા અને "અમારી છોકરી કેમ સોંપતા નથી" એવું કહી મહિલાને અપશબ્દો બોલી અભદ્ર વર્તન કર્યું હતું. ફરિયાદ મુજબ, મહિલાને શરીરે ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. પોલીસ ફરિયાદ નોંધાઈ ગઈ છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. રાજકીય પૃષ્ઠભૂમિ અને વિશ્લેષણ, આ ઘટના માત્ર ઘરેલુ વાદ-વિવાદ અથવા વ્યક્તિગત રંજિશનો મુદ્દો નથી, પરંતુ તેમાં સ્પષ્ટ રાજકીય પરિબળો જોડાયેલા દેખાઈ રહ્યા છે. ફરિયાદમાં નામિત મુખ્ય આરોપી રાજેશભાઈ ડામોર આમ આદમી પાર્ટીના કાર્યકર છે. થોડાં દિવસો અગાઉ લીમડી નજીક ડુંગરી ગામે ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાની જાહેર સભામાં આ જ કાર્યકરે AAPનો ખેસ પહેરી હાજરી આપતાં તેમની રાજકીય ચર્ચા વધી હતી. તેના થોડા દિવસોમાં જ તેમના પર ગંભીર ફોજદારી ફરિયાદ નોંધાતા રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ થઈ ગઈ છે. કેટલાક સ્થાનીક રાજકીય નિરીક્ષકો આ ઘટનાને રાજકીય તણાવ, પક્ષીય સ્પર્ધા અને સ્થાનીક સ્તરે વધતા વિરોધ-સમર્થનના સંબંધો સાથે જોડીને જોઈ રહ્યાં છે. રાજકીય રીતે સક્રિય વિસ્તારોમાં નાના વિવાદો પણ મોટા રાજકીય રૂપ લઈને આગળ વધતા હોય છે. આ કેસમાં પણ ફરિયાદ, રાજકીય ઓળખ અને તાજેતરના રાજકીય કાર્યક્રમો વચ્ચેનો સંયોગ અનેક પ્રશ્નો ઊભા કરે છે. જોકે પોલીસ તપાસથી જ સ્પષ્ટ થઈ શકશે કે આ ઘટના વાસ્તવમાં રાજકીય રંજિશનું પરિણામ છે કે વ્યક્તિગત મતભેદનું. ચાકલીયા પોલીસ સ્ટેશન તપાસ શરૂ કરી ચૂકી છે, અને આગળના દિવસોમાં વધુ વિગતો બહાર આવવાની શક્ય.

# ધાનપુર પીપેરો ખાતે દાહોદ જિલ્લાકક્ષાનો (ખેલ મહાકુંભ) કબ્બડી રમત ની સ્પર્ધા યોજાઈ

**સોહિલ દિવાન, દેવગઢ બારીઆ, તા. 02**



પ્રાપ્ત માહિતી મુજબ તા.29/11/2025 ના રોજ ધાનપુર તાલુકા ના પીપેરો ખાતે કબ્બડ્ડી ની સ્પર્ધા યોજાઈ જેમાં જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઑફ એકસીલેન્સ દેવગઢ બારીયા શાળાની બહેનોએ સમગ્ર દાહોદ જિલ્લામાં U-14 માં પ્રથમ નંબર તથા U-17 માં દ્વિતીય નંબર મેળવી શાળાનું અને વિભાસ ટ્રસ્ટ દેવગઢબારિયાનું ગૌરવ વધારતા મેનેજિંગ ટ્રસ્ટી શ્રીમંત મહારાજા તુષારસિંહસિંહજી બાબાસાહેબ, શાળાના MD/CEO તપનભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર પ્રેક્ષાબેન પટેલ આચાર્ય શ્રી હિતેશભાઈ રાઠોડ તથા ફતેસિંહ ચૌહાણ, કોચ શ્રી સુરેશભાઈ ભુરીયા , માર્ગદર્શક શિક્ષકશ્રી છેલરાજ ભાઈ, સોનલબેન તથા સમગ્ર શાળા પરિવારે ઝોનકક્ષાની રમત મા સ્થાન મેળવવા માટે શુભેચ્છાઓ આપી.

# ઝાલોદમાં 36 BLOનું સન્માન: મતદાર ગણતરી ફોર્મનું 100% ડિજિટાઇઝેશન સમય પહેલાં પૂર્ણ કરીને રચ્યો નવીન માપદંડ

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 02**

પ્રાંત અધિકારી એ.કે. ભાટિયા અને મામલતદાર શૈલેન્દ્ર પરમાર દ્વારા શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રમાણપત્ર આપી બૂથ લેવલ ઓફિસર્સને બિરદાવાયા, ઝાલોદ 130 વિધાનસભા ક્ષેત્રમાં ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારી ગુજરાત રાજ્યના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત ઉત્તમ કામગીરી કરનારા *36 બૂથ લેવલ ઓફિસર્સ (BLO)*નું આજે સન્માન કરવામાં આવ્યું હતું. મતદાર નોંધણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી એ.કે. ભાટિયા, તેમજ મામલતદાર શૈલેન્દ્ર પરમારની આગેવાની હેઠળ તમામ 36 BLOઓને કામગીરીનું 100 ટકા ડિજિટાઈઝેશન સમય પહેલાં પૂર્ણ કરવા બદલ શ્રેષ્ઠતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. પ્રાંત અધિકારીશ્રી એ.કે. ભાટિયાએ BLOઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે–"સમય પહેલાં કામગીરી આયોજનબદ્ધ રીતે પૂર્ણ કરવી એ પ્રશંસનીય કામગીરી છે. આપ સૌએ ઝાલોદ વિધાનસભાને રાજ્ય સ્તરે ઉત્તમ કામગીરીની શ્રેણીમાં સ્થાન અપાવ્યું છે." આ તકે તેમણે BLOઓ પાસેથી ઝડપી કામગીરી પાછળની તેમની યોજના, મહેનત અને અપનાવેલી વ્યૂહરચના અંગે વિગતવાર માહિતી મેળવી હતી.

# સેવા, સમર્પણ અને સખાવત થકી રાષ્ટ્રનિર્માણમાં મહામૂલું યોગદાન આપતો પારસી સમુદાય

**અમદાવાદ, તા. 02**

અમદાવાદમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પારસી ધર્મગુરુઓનો ગૌરવપૂર્ણ સન્માન સમારંભ યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે પારસી ધર્મગુરુઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રાષ્ટ્રનિર્માણમાં પારસીઓનું મહામૂલું યોગદાન રહ્યું છે અને સખાવતનું બીજું નામ પારસી છે. મુખ્યમંત્રીશ્રીએ પારસી સમાજની સેવા અને સમર્પણની ભાવનાની સરાહના કરી હતી. આ સન્માન સમારંભનું આયોજન અરીઝ ખંભાતા બનેવોલન્ટ ટ્રસ્ટ (AKBT) દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી પીરુઝ ખંભાતાએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને સાકાર કરે છે. AKBT આરોગ્ય, શિક્ષણ અને સમાજ કલ્યાણના ક્ષેત્રોમાં વંચિત સમુદાયના ઉત્થાન માટે સમર્પિત છે અને HIV ગ્રસ્ત લોકોના કલ્યાણ માટે પણ નોંધપાત્ર કાર્ય કરે છે. આ પ્રસંગે ટ્રસ્ટે પારસી સમાજમાં ધાર્મિક શિક્ષણમાં આગળ વધતા યુવાનો માટે નવી શિષ્યવૃત્તિની જાહેરાત પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ તકે પારસી સમાજના દિગ્ગજો જેવા કે મેડમ ભિખાઈજી કામા, હોમી ભાભા, તાતા, વાડિયા, ગોદરેજ પરિવારો, ફિલ્ડ માર્શલ સામ માણેકશા વગેરેના રાષ્ટ્ર નિર્માણના યોગદાનને યાદ કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે પારસી સમાજના પૂર્વજોએ ભારતમાં આવીને ભગવદ્ ગીતાનો 'સ્વધર્મ'નો સંદેશ આત્મસાત્ કર્યો છે અને તેઓ ગુજરાતના સામાજિક જીવનમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત સન્માન સમારંભ ઉપરાંત અન્ય વિવિધ આકર્ષણોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. નવી પેઢી તેમની પરંપરા અને સંસ્કૃતિ પ્રત્યે જાગૃત થાય તે હેતુથી નાટક, મ્યુઝિક અને કોમેડી જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. આ સમારોહમાં દેશભરમાંથી પારસી સમાજના અગ્રણીઓ, વડા દસ્તુરજીઓ અને સામાજિક સંસ્થાઓના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સરદાર પટેલે સિંધ-પાકિસ્તાનથી આવેલા સિંધીઓને ભારતમાં ક્યાં-ક્યાં વસાવ્યા ?

## 'સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન' અને 'દિલ્હી ઈમરજન્સી કમિટી' થકી સરદાર નગર-કુબેરનગર (અમદાવાદ), ગાંધીધામ (કચ્છ), ઉલ્લાસનગર (થાણે), હૈદરાબાદ, બેંગલોર, દિલ્લી અને ઇંદોરમાં સિંધી વસાહતો સ્થાપિત થઈ

**અમદાવાદ, તા. 02**

માનવ ઈતિહાસના વિવિધ અધ્યાયોમાં લોકોની હિજરત-માઈગ્રેશનનું પ્રકરણ ન ગમે તેવું છતા કાયમી રહ્યું છે. જનસમુહોએ ક્યાંક સ્વૈચ્છાએ, ક્યાંક નવા વિસ્તારોની શોધમાં તો મોટાભાગે પ્રકૃતિના પ્રકોપ અને અત્યાચારોથી બચવા હિજરત-સ્થાળાંતર કર્યું છે. હિજરત જે-તે વિસ્તારોમાં ડેમોગ્રાફિક બદલાવ લાવે છે. ઘણીવાર વસાહતીઓની સંખ્યા વધી જતા મૂળ નિવાસીઓ લઘુમતિમાં આવી જતાં હોય છે. અમેરિકા અને ઑસ્ટ્રેલિયા જેવાં દેશો તો સંપૂર્ણપણે ઈમિગ્રન્ટ્સ, વસાહતીઓથી બનેલા છે.

૧૯૪૭માં બૃહદભારતનું વિભાજન લાખો લોકોની હિજરત, અત્યાચાર, કરુણાંતિકાઓ અને કલ્પાંતનું નિમિત બન્યું હતું. લાખો લોકો પોતાની માતૃભૂમિ છોડવા મજબુર બન્યા હતા જેમાં પાકિસ્તાનના સિંધ પ્રાંતથી ભારત આવેલા સિંધીઓ પણ સામેલ હતા. ૧૯૪૮ના પહેલા છ મહિનામાં ૧૦ લાખ સિંધીઓ પાકિસ્તાનથી હિજરત કરીને ભારત આવ્યા અને ૦૪ લાખ સિંધીઓ સિંધમાં જ રહી ગયા હતા. સિંધના લોકોને ભારત લાવવામાં અને પુનર્વસનમાં સરદાર પટેલની ખૂબ જ મહત્વની ભૂમિકા રહી હતી. સરદાર પટેલે ઘણી જગ્યાએ ખૂબ મોટાપાયે સાધનસામગ્રી સાથે રેફ્યૂજી કેમ્પની સ્થાપના કરી હતી. સરદાર પટેલે પાકિસ્તાની સમકક્ષ નેતાઓ સાથે સંવાદ સ્થાપીત કરી અને બોર્ડર વિસ્તારમાં પ્રવાસ કરી મોટા પાયે થતી હિંસાને નાથીને શાંતિની સ્થાપના કરી હતી. ઉપરાંત હિંસા ન ભડકે તે હેતુથી પાકિસ્તાનમાં થતા અત્યાચારના પ્રેસ રિપોર્ટ પણ જાહેર ન થવા દીધા હતા. પાકિસ્તાનથી આવેલા ઘણા બધા સિંધી પરિવારો અમદાવાદના કુબેરનગર તથા સરદારનગરમાં વસવા લાગ્યા. આ વિસ્તારના સૈન્ય બેરેકો અને રેફ્યૂજી કેમ્પના માધ્યમથી તેઓને સ્થાયી થવામાં ખૂબ મદદ મળી. આ પુનર્વસનમાં સરદાર પટેલનો સિંહ ફાળો હતો. એમની સાથે એમના મિત્ર શ્રી લાલાકાકા પણ આ કામમાં દિવસ-રાત લાગી ગયા હતા. સરદાર પટેલે અનેક સિંધીઓને નાના-નાના વ્યાપાર તથા રેલવે સ્ટેશન પર ફેરી કરવાનું સૂચવી આત્મનિર્ભર બનવા પ્રેર્યા હતા. આદિપુર-ગાંધીધામમાં પણ પશ્ચિમ-પાકિસ્તાનથી ખૂબ મોટી સંખ્યામાં સિંધીઓ ગુજરાત તરફ આવ્યા હતા. કચ્છમાં સરદાર પટેલે ખૂબ મહેનત કરીને ત્યાંના રાજા મહારાવ શ્રી સર વિજયરાજજી ખેંગારજી બહાદુર પાસેથી બહુ મોટી ૧૫,૦૦૦ એકર (૬૧ સ્ક્વેર કિલોમીટર) જમીન લઈ 'સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન'ની રચના કરી. આચાર્ય કૃપલાણીને તેના ચેરમેન તથા ભાઈ પ્રતાપ દયાલને તેના મેનેજિંગ ડાયરેક્ટર બનાવ્યા. એ વખતના ખૂબ સુંદર આયોજનના લીધે આજે ગુજરાતમાં આદિપુર તથા ગાંધીધામ શહેરમાં હજારો સિંધી પરિવાર સ્થાપિત થઈ શક્યા હતા. ભારતીય સિંધુ સભાના રાષ્ટ્રીય મંત્રી ડૉ. અનીલ ખત્રીના જણાવ્યા મુજબ સરદાર પટેલની અધ્યક્ષતામાં 'દિલ્હી ઈમરજન્સી કમિટી'ની રચના કરવામાં આવી હતી અને તમામ જ્ઞાતિના લોકોને ન્યાયપૂર્વક પુનર્વસન કરવાની તક આપી હતી. સિંધી સમાજ માટે પણ ત્યાં એક સરદારનગર વિસ્તારની રચના કરવામાં આવી હતી. સિંધના લોકોને ભારત લાવવામાં અને પુનર્વસનમાં સરદાર પટેલની ખૂબ જ મહત્વની ભૂમિકા રહી હતી. સરદાર પટેલે ઘણી જગ્યાએ ખૂબ મોટાપાયે સાધનસામગ્રી સાથે રેફ્યૂજી કેમ્પની સ્થાપના કરી હતી. સરદાર પટેલે પાકિસ્તાની સમકક્ષ નેતાઓ સાથે સંવાદ સ્થાપીત કરી અને બોર્ડર વિસ્તારમાં પ્રવાસ કરી મોટા પાયે થતી હિંસાને નાથીને શાંતિની સ્થાપના કરી હતી. ઉપરાંત હિંસા ન ભડકે તે હેતુથી પાકિસ્તાનમાં થતા અત્યાચારના પ્રેસ રિપોર્ટ પણ જાહેર ન થવા દીધા હતા. પાકિસ્તાનથી આવેલા ઘણા બધા સિંધી પરિવારો અમદાવાદના કુબેરનગર તથા સરદારનગરમાં વસવા લાગ્યા. આ વિસ્તારના સૈન્ય બેરેકો અને રેફ્યૂજી કેમ્પના માધ્યમથી તેઓને સ્થાયી થવામાં ખૂબ મદદ મળી. આ પુનર્વસનમાં સરદાર પટેલનો સિંહ ફાળો હતો. એમની સાથે એમના મિત્ર શ્રી લાલાકાકા પણ આ કામમાં દિવસ-રાત લાગી ગયા હતા. સરદાર પટેલે અનેક સિંધીઓને નાના-નાના વ્યાપાર તથા રેલવે સ્ટેશન પર ફેરી કરવાનું સૂચવી આત્મનિર્ભર બનવા પ્રેર્યા હતા. આદિપુર-ગાંધીધામમાં પણ પશ્ચિમ-પાકિસ્તાનથી ખૂબ મોટી સંખ્યામાં સિંધીઓ ગુજરાત તરફ આવ્યા હતા. કચ્છમાં સરદાર પટેલે ખૂબ મહેનત કરીને ત્યાંના રાજા મહારાવ શ્રી સર વિજયરાજજી ખેંગારજી બહાદુર પાસેથી બહુ મોટી ૧૫,૦૦૦ એકર (૬૧ સ્ક્વેર કિલોમીટર) જમીન લઈ 'સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન'ની રચના કરી. આચાર્ય કૃપલાણીને તેના ચેરમેન તથા ભાઈ પ્રતાપ દયાલને તેના મેનેજિંગ ડાયરેક્ટર બનાવ્યા. એ વખતના ખૂબ સુંદર આયોજનના લીધે આજે ગુજરાતમાં આદિપુર તથા ગાંધીધામ શહેરમાં હજારો સિંધી પરિવાર સ્થાપિત થઈ શક્યા હતા. ભારતીય સિંધુ સભાના રાષ્ટ્રીય મંત્રી ડૉ. અનીલ ખત્રીના જણાવ્યા મુજબ સરદાર પટેલની અધ્યક્ષતામાં 'દિલ્હી ઈમરજન્સી કમિટી'ની રચના કરવામાં આવી હતી અને તમામ જ્ઞાતિના લોકોને ન્યાયપૂર્વક પુનર્વસન કરવાની તક આપી હતી. સિંધી સમાજ માટે પણ ત્યાં એક સરદારનગર વિસ્તારની રચના કરવામાં આવી હતી. મુંબઈની નજીક થાણે જિલ્લામાં એક 'કલ્યાણ મિલેટ્રી ટ્રાન્ઝિટ કેમ્પ' હતો. આ કેમ્પમાં ૨૧૨૬ બેરેકો તથા મોટા મોટા હોલ હતા. આશરે ૦૬ હજાર સૈનિકો તથા ૩૦ હજાર અન્ય લોકો વિશ્વયુદ્ધ-૨ વખતે ત્યાં રહેતા હતા. વિશ્વયુદ્ધ સમાપ્ત થયા પછી આ કેમ્પ તદ્દન ખાલી પડેલો હતો. સરદાર પટેલે તાત્કાલિક નિર્ણય લઈને પાકિસ્તાનથી આવેલા હજારો પરિવારોને ત્યાં સ્થાન આપ્યું. આજે જે વિસ્તાર વિશ્વભરમાં ઉલ્લાસનગર તરીકે ઓળખાય છે. ભારતના અન્ય શહેરો જેવાં કે ઈન્દોર, હૈદરાબાદ વગેરેમાં પણ મોટાપાયે રેફ્યૂજી કેમ્પ સ્થાપિત કરીને સરદાર પટેલે સિંધી સમાજ માટે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. અખંડભારતના ભાગલા વખતે સદીઓથી વસેલા સિંધી સમાજના લોકો પોતાની માતૃભૂમિ સિંધ છોડવા માટે મૂંઝવણમાં હતા. પાકિસ્તાનમાં સિંધના વતનીઓ સાથે બહુ ખરાબ વ્યવહાર અને હિંસા થતી હતી. ૧૭ ડિસેમ્બર, ૧૯૪૭ના દિવસે હૈદરાબાદ-સિંધમાં તથા ૬ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ કરાચી ખાતે હિંસા અને કત્લેઆમ થયા. સિંધીઓએ આથી સિંધ છોડવાનું નક્કી કર્યું હતું. ડો. ખત્રીના જણાવ્યા મુજબ આજે ભારતમાં સિંધીઓની વસ્તી આશરે ૧.૫ કરોડ છે. ભારતના તત્કાલીન મહાનગરોના રેફ્યુજી કેમ્પસમાં વસેલા સિંધી લોકો આજે ભારતના લગભગ તમામ મોટા શહેરોમાં વસે છે અને પોતાની વસાહતની એકાદ સોસાયટીનું નામ 'સરદાર નગર' જરૂર રાખે છે. એક અંદાજ મુજબ ભારતભરમાં આવા ૫૦ 'સરદાર નગર' છે. સિધી સમાજ તેની મહેનત અને ખંતના જોરે આગળ આવ્યો છે. શ્રી કે. આર. મલકાણી, શ્રી રામ જેઠમલાણી અને શ્રી એલ. કે. અડવાણી જેવા અનેક મહાનુભાવો સિંધી સમાજમાંથી આવે છે. તેઓ ઉમેરે છે કે, ભારતમાં સિંધી હિંદીઓનું પુનર્વસન સરદાર પટેલની દૂરંદેશીને કારણે શક્ય બન્યું. ભારતીય સિંધી સમાજ સરદારનું ઋણ ક્યારેય ભૂલી શકે તેમ નથી. ૧૮ ડિસેમ્બર ૧૯૯૦ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા (જનરલ એસેમ્બલી) દ્વારા નક્કી થયા મુજબ જિરતીઓ (માઈગ્રન્ટસ) ના હક્કોના રક્ષણ માટે ૧૮ ડિસેમ્બરને ઈન્ટરનેશનલ માઈગ્રન્ટસ ડે તરીકે ઉજવાય છે.

# IPL 2026 મિની ઓક્શન: 1355 પ્લેયર્સ રજિસ્ટર્ડ : 2 કરોડની બેઝ પ્રાઇસ પર 45 નામ, 77 સ્લોટ ખાલી; ગ્રીન પર KKR અને CSKની નજર

**ગ્લેન મેક્સવેલ સામેલ નથી 2 કરોડની લાંબી યાદીમાં ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલનું નામ નથી. તેને ગયા વર્ષે પંજાબ કિંગ્સે 4.2 કરોડમાં ખરીદ્યો હતો**

મુંબઈ તા. 02

આગામી IPL માટે 1355 ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. 2 કરોડની બેઝ પ્રાઈસ કેટેગરીમાં ઓસ્ટ્રેલિયાના કેમરૂન ગ્રીન, ઈંગ્લેન્ડનો લિયમ લિવિંગસ્ટન, ભારતના રવિ બિશ્નોઈ અને વેંકટેશ અય્યર, શ્રીલંકાના મથીશ પથિરાના અને વનિન્દુ હસરંગા સહિત કુલ 45 ખેલાડીઓનો સમાવેશ થાય છે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ 30 નવેમ્બર હતી. મિની ઓક્શન 16 ડિસેમ્બરે અબુ ધાબીમાં યોજાશે. રજીસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ IPLએ આ લાંબી યાદી તમામ ફ્રેન્ચાઈઝીઓને મોકલી આપી છે. દરેક ટીમમાં વધુમાં વધુ 25 ખેલાડીઓ રાખી શકાય છે. આવી સ્થિતિમાં, આ વખતે ઓક્શનમાં કુલ 77 સ્લોટ ભરવામાં આવશે, જેમાં 31 વિદેશી સ્લોટનો પણ સમાવેશ થાય છે. ગ્રીન પર રહેશે નજર ઓક્શનમાં સૌથી મોટી નજર ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીન પર રહેશે. તે ગયા વર્ષે પીઠની ઈજાને કારણે મેગા ઓક્શનમાં ઉતર્યો નહોતો. આ વખતે KKR અને CSK બંને તેના માટે બોલી લગાવી શકે છે. આ બંને ટીમ પાસે સૌથી મોટો પર્સ છે અને એક-એક વિદેશી સ્લોટ પણ ખાલી છે. KKRને ગ્રીનનો મજબૂત દાવેદાર માનવામાં આવી રહ્યો છે, કારણ કે વેસ્ટ ઈન્ડીઝનો આન્દ્રે રસેલના



IPLમાંથી નિવૃત્ત થયા પછી ટીમને એક એવા ઓલરાઉન્ડરની જરૂર છે જે દરેક પરિસ્થિતિમાં બેટિંગ કરી શકે અને બોલિંગ પણ કરી શકે. 2 કરોડની કેટેગરીમાં ઘણા મોટા નામો રિલીઝ થયા ઘણા ખેલાડીઓ, જેમને તાજેતરમાં ટીમોએ રિલીઝ કર્યા હતા, તેમણે પણ પોતાને 2 કરોડની બેઝ પ્રાઈસમાં રાખ્યા છે. આમાં CSKનો પથિરાના પણ છે, જેને ચેન્નઈએ ગયા વર્ષે 13 કરોડમાં રિટેન કર્યો હતો, પરંતુ ઈજાના કારણે તે પૂરી અસર બતાવી શક્યો નહીં. તેવી જ રીતે, ઈંગ્લેન્ડના લિયમ લિવિંગસ્ટનને RCBએ ગયા મેગા ઓક્શનમાં 8.75 કરોડમાં લીધો હતો, પરંતુ એક સીઝન પછી જ રિલીઝ કરી દીધો. ભારતીય ખેલાડીઓમાં વેંકટેશ અય્યર અને રવિ બિશ્નોઈ પણ 2 કરોડની કેટેગરીમાં છે. LSGએ બિશ્નોઈને ગયા વર્ષે 11 કરોડમાં રિટેન કર્યો હતો, પરંતુ સતત નબળા પ્રદર્શનને કારણે હવે તેને રિલીઝ કર્યો. ગ્લેન મેક્સવેલ સામેલ નથી 2 કરોડની લાંબી યાદીમાં ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલનું નામ નથી. તેને ગયા વર્ષે પંજાબ કિંગ્સે 4.2 કરોડમાં ખરીદ્યો હતો, પરંતુ 37 વર્ષીય મેક્સવેલ આ સીઝન પહેલા જ આંગળીની ઈજાને કારણે બહાર થઈ ગયો હતો. તેની જગ્યાએ PBKSએ મિચેલ ઓવેનને ટીમમાં રાખ્યો હતો, જેને આ વર્ષે રિટેન કર્યો છે. જોશ ઈંગ્લિસની ઉપલબ્ધતા માત્ર 25% PBKSના વિકેટકીપર જોશ ઈંગ્લિસનું નામ પણ ઓક્શનમાં છે. તેણે ટીમને ફાઈનલ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, પરંતુ તે અંગત કારણોસર આખી 2026 સીઝન માટે ઉપલબ્ધ રહેશે નહીં. IPLએ ફ્રેન્ચાઈઝીઓને જણાવ્યું છે કે ઈંગ્લિસની ઉપલબ્ધતા માત્ર 25% રહેશે. હવે બનશે ફ્રેન્ચાઈઝીની શોર્ટલિસ્ટ IPLએ તમામ ફ્રેન્ચાઈઝીઓને કહ્યું છે કે તેઓ 5 ડિસેમ્બર સુધી પસંદગીના ખેલાડીઓની શોર્ટલિસ્ટ મોકલી આપે. ત્યારબાદ લાંબી યાદીને ટૂંકી કરીને ફાઈનલ ઓક્શન લિસ્ટ જાહેર કરવામાં આવશે. જેને આ વર્ષે રિટેન કર્યો છે. જોશ ઈંગ્લિસની ઉપલબ્ધતા માત્ર 25% PBKSના વિકેટકીપર જોશ ઈંગ્લિસનું નામ પણ ઓક્શનમાં છે. તેણે ટીમને ફાઈનલ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, પરંતુ તે અંગત કારણોસર આખી 2026 સીઝન માટે ઉપલબ્ધ રહેશે નહીં. IPLએ ફ્રેન્ચાઈઝીઓને જણાવ્યું છે કે ઈંગ્લિસની ઉપલબ્ધતા માત્ર 25% રહેશે. હવે બનશે ફ્રેન્ચાઈઝીની શોર્ટલિસ્ટ IPLએ તમામ ફ્રેન્ચાઈઝીઓને કહ્યું છે કે તેઓ 5 ડિસેમ્બર સુધી પસંદગીના ખેલાડીઓની શોર્ટલિસ્ટ મોકલી આપે. ત્યારબાદ લાંબી યાદીને ટૂંકી કરીને ફાઈનલ ઓક્શન લિસ્ટ જાહેર કરવામાં આવશે.

## ત્રિશા-ગાયત્રીએ સૈયદ મોદી ઈન્ટરનેશનલ 2025નો ખિતાબ જીત્યો, જાપાની જોડીને હરાવી

મુંબઈ તા. 02

ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ સૈયદ મોદી ઈન્ટરનેશનલ 2025 બેડમિન્ટન ટુર્નામેન્ટનો વિમેન્સ ડબલ્સનો ખિતાબ જીતી લીધો. ભારતીય જોડીએ રવિવારે રમાયેલી ફાઈનલમાં જાપાની જોડીને હરાવી ટાઈટલ ડિફેન્ડ કર્યું. વર્લ્ડ રેન્કિંગમાં 14મા નંબરની આ ભારતીય જોડીએ લખનૌના બાબુ બનારસી દાસ ઈન્ડોર સ્ટેડિયમમાં જાપાનની કાહો ઓસાવા અને માઈ તાનાબેને 17-21, 21-13, 21-15થી હરાવ્યા. આ મુકાબલો 1 કલાક 16 મિનિટ સુધી ચાલ્યો.



## પાકિસ્તાન લીગ માટે મોઈન અલીએ પણ IPL છોડી, 4 દિવસ પહેલા ફાફ ડુ પ્લેસિસ PSLમાં રમવાનો નિર્ણય કર્યો હતો



મુંબઈ તા. 02

ફાફ ડુ પ્લેસિસ પછી હવે ઈંગ્લેન્ડના પૂર્વ ઓલરાઉન્ડર મોઈન અલીએ પણ IPL 2026માંથી હટીને PSL 2026માં રમવાનો નિર્ણય કર્યો છે. ચાર દિવસમાં આવું પગલું ભરનાર તે બીજો વિદેશી ખેલાડી બની ગયો છે. 29 નવેમ્બરે RCBના પૂર્વ કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે IPLમાંથી નામ પાછું ખેંચીને પાકિસ્તાન સુપર લીગ રમવાની જાહેરાત કરી હતી. આ દરમિયાન IPLનું મિની ઓક્શન 16 ડિસેમ્બરે અબુ ધાબીમાં યોજાવાનું છે. દરેક ટીમમાં વર્લ્ડ ક્લાસ ખેલાડી- મોઈન મોઈન અલીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે તેઓ PSLના નવા તબક્કાનો ભાગ બનવા માટે ઉત્સાહિત છે. તેણે લખ્યું કે આ લીગ દુનિયાની ટૉપ T20 લીગમાંથી એક છે અને દરેક ટીમમાં વર્લ્ડ ક્લાસ ખેલાડીઓ રમે છે. તેના મતે પાકિસ્તાનમાં રમવું હંમેશા સારો અનુભવ આપે છે. ત્યાં ક્રિકેટનું સ્તર ઊંચું છે અને દર્શકોનો ઉત્સાહ ખેલાડીઓને પૂરી તાકાત લગાવવા મજબૂર કરે છે. તેણે આશા વ્યક્ત કરી કે આ સફર પણ યાદગાર રહેશે. KKRએ રિલીઝ કર્યો હતો IPL 2025ના મેગા ઓક્શનમાં કોલકાતા નાઈટ રાઈડર્સે મોઈનને 2 કરોડની બેઝ પ્રાઈસ પર ખરીદ્યા હતા. IPL 2026 પહેલા KKRએ 9 ખેલાડીઓને રિલીઝ કર્યા, જેમાં મોઈન પણ સામેલ હતા. 2025 સીઝનમાં તેનું પ્રદર્શન સામાન્ય રહ્યું. તેણે 6 મેચમાં માત્ર 5 રન બનાવ્યા અને 6 વિકેટ લીધી. 2018 થી IPLનો ભાગ મોઈન અલી 2018 થી IPL રમતા રહ્યા છે અને RCB, CSK તથા KKR જેવી ટીમનો ભાગ રહ્યા છે. અત્યાર સુધીમાં તે 73 IPL મેચ રમી ચૂક્યો છે, જેમાં 1167 રન બનાવ્યા અને 41 વિકેટ લીધી છે. તે CSK સાથે 2021 અને 2023માં બે વાર IPL ચેમ્પિયન પણ બન્યો. ફાફ ડુ પ્લેસિસ પણ IPL છોડવાની જાહેરાત કરી હતી મોઈન અલી પહેલાં સાઉથ આફ્રિકાના પૂર્વ કેપ્ટન ફાફ ડુ પ્લેસિસ 29 નવેમ્બરે જાહેરાત કરી હતી.

## વામિકા ગબ્બી રાજકુમાર હિરાણીના પુત્ર વીરની હિરોઇન બનશે

■ સંજય દત્તની 'મુન્નાભાઈ' સીરિઝની ફિલ્મો બનાવનારા રાજકુમાર હિરાણીનો દીકરો વીર પિતાને પગલે ફિલ્મ સર્જક બનવાને બદલે એક્ટર તરીકે ઝંપલાવી રહ્યો છે.



મુંબઈ તા. 02

મુંબઈ: સંજય દત્તની 'મુન્નાભાઈ' સીરિઝની ફિલ્મો બનાવનારા રાજકુમાર હિરાણીનો દીકરો વીર પિતાને પગલે ફિલ્મ સર્જક બનવાને બદલે એક્ટર તરીકે ઝંપલાવી રહ્યો છે. જોકે, તે પિતાના દિગ્દર્શન હેઠળની ફિલ્મને બદલે 'કપૂર એન્ડ સન્સ' તથા 'ગહેરાઈયાં' જેવી ફિલ્મોના સર્જક શકુન બત્રાનાં દિગ્દર્શન હેઠળની ફિલ્મથી ડેબ્યૂ કરી રહ્યો છે. આ ફિલ્મ માટે તેની હિરોઈન તરીકે વામિકા ગબ્બી પસંદ થઈ ચૂકી હોવાનું કહેવાય છે. શકુન બત્રાએ વામિકાને લીડ હિરોઈનનો રોલ ઓફર કર્યો હતો અને તેણે તે માટે સંમતિ આપી દીધી હોવાનું કહેવાય છે. આ ફિલ્મ જોકે, થિયેટરને બદલે સીધી ઓટીટી પર રજૂ થશે. ફિલ્મનાં ટાઈટલ તથા રીલિઝ ડેટ અંગે હજુ સુધી કોઈ વિગતો રજૂ કરાઈ નથી. ફિલ્મનું શૂટિંગ આવતાં વર્ષથી શરુ કરાય તેવી સંભાવના છે. : સંજય દત્તની 'મુન્નાભાઈ' સીરિઝની ફિલ્મો બનાવનારા રાજકુમાર હિરાણીનો દીકરો વીર પિતાને પગલે ફિલ્મ સર્જક બનવાને બદલે એક્ટર તરીકે ઝંપલાવી રહ્યો છે. જોકે, તે પિતાના દિગ્દર્શન હેઠળની ફિલ્મને બદલે 'કપૂર એન્ડ સન્સ' તથા 'ગહેરાઈયાં' જેવી ફિલ્મોના સર્જક શકુન બત્રાનાં દિગ્દર્શન હેઠળની ફિલ્મથી ડેબ્યૂ કરી રહ્યો છે. આ ફિલ્મ માટે તેની હિરોઈન તરીકે વામિકા ગબ્બી પસંદ થઈ ચૂકી હોવાનું કહેવાય છે. શકુન બત્રાએ વામિકાને લીડ હિરોઈનનો રોલ ઓફર કર્યો હતો અને તેણે તે માટે સંમતિ આપી દીધી હોવાનું કહેવાય છે. આ ફિલ્મ જોકે, થિયેટરને બદલે સીધી ઓટીટી પર રજૂ થશે. ફિલ્મનાં ટાઈટલ તથા રીલિઝ ડેટ અંગે હજુ સુધી કોઈ વિગતો રજૂ કરાઈ નથી. ફિલ્મનું શૂટિંગ આવતાં વર્ષથી શરુ કરાય તેવી સંભાવના છે.

## દીપિકા પાદુકોણને પણ એક હોરર ફિલ્મની ઓફર



મુંબઈ, તા. 02

મુંબઈ: પાછલાં બે-ત્રણ વર્ષમાં એકથી વધુ હોરર ફિલ્મો સફળ થતાં બોલિવુડના સંખ્યાબંધ સ્ટાર્સને હવે હોરર ફિલ્મોમાં રસ પડવા લાગ્યો છે. હવે દીપિકા પાદુકોણને પણ એક હોરર ફિલ્મ ઓફર કરાઈ હોવાનું કહેવાય છે. દીપિકાને બંગાળી ભૂત શખચૂનીનું પાત્ર ધરાવતી ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચવા માટે અપાઈ છે. દીપિકા સમગ્ર સ્ક્રિપ્ટ તપાસ્યા બાદ જ આ રોલ ભજવવો કે કેમ તે ફાઈનલ કરશે. ઉલ્લેખનીય છે કે અગાઉ વિદ્યા બાલન તથા શ્રદ્ધા કપૂરને હોરર ફિલ્મોમાં સફળતા મળી ચૂકી છે. તે પછી આલિયા ભટ્ટ તથા 'સૈયારા' ફિલ્મથી જાણીતી બનેલી અનિત પડ્ડા પણ હોરર ફિલ્મો સ્વીકારી ચૂક્યાં છે. દીપિકા હાલમાં નવી ફિલ્મો પસંદ કરવાની બાબતમાં બહુ સિલેક્ટિવ બની ગઈ છે. તે છથી આઠ જ કલાકની શિફ્ટનો આગ્રહ રાખી રહી છે. તેના કારણે તેણે સાઉથની 'સ્પિરિટ' સહિતની ફિલ્મો ગુમાવવી પણ પડી છે.



## વી. શાંતારામની બાયોપિકમાં તમન્ના ભાટિયાની એન્ટ્રી

**અભીજીત અગાઉ ડો. કાશીનાથ ઘાણેકરની બાયોપિક બનાવી ચૂક્યા છે. આ ઉપરાંત તેઓ હિંદી ફલ્મ 'ટેબલ નંબર ૨૧' અને 'વઝીર' પણ બનાવી ચૂક્યા છે.**

મુંબઈ તા. 02

મુંબઈ: બોલિવુડના વિતેલા યુગના દિગ્ગજ ફિલ્મ સર્જક વી. શાંતારામની બાયોપિકમાં તમન્ના ભાટિયાની એન્ટ્રી થઈ છે. આ ફિલ્મમાં વી. શાંતારામની મુખ્ય ભૂમિકા સિદ્ધાંત ચતુર્વેદી ભજવી રહ્યો છે. 'ચિત્રપતિ વી. શાંતારામ' એવું ટાઈટલ ધરાવતી ફિલ્મ માટે કાસ્ટિંગ શરુ થઈ ચૂક્યું છે. ફિલ્મમાં કુલ ત્રણ હિરોઈનો હોઈ શકે છે. વી. શાંતારામની સંધ્યા અને જયશ્રી એમ બે પત્નીઓ હતી. વધુમાં તેમની દીકરી રાજશ્રી પણ એક સમયે બોલિવુડની ટોચની હિરોઈન રહી ચૂકી છે. આમ, તમન્ના ઉપરાંત વધુ બે હિરોઈનો આ ફિલ્મમાં સામેલ થાય તેવી સંભાવના છે. આ ફિલ્મનું દિગ્દર્શન અભીજીત દેશપાંડે કરી રહ્યા છે. અભીજીત અગાઉ ડો. કાશીનાથ ઘાણેકરની બાયોપિક બનાવી ચૂક્યા છે. આ ઉપરાંત તેઓ હિંદી ફલ્મ 'ટેબલ નંબર ૨૧' અને 'વઝીર' પણ બનાવી ચૂક્યા છે. 'ચિત્રપતિ વી. શાંતારામ' એવું ટાઈટલ ધરાવતી ફિલ્મ માટે કાસ્ટિંગ શરુ થઈ ચૂક્યું છે. ફિલ્મમાં કુલ ત્રણ હિરોઈનો હોઈ શકે છે. વી. શાંતારામની સંધ્યા અને જયશ્રી એમ બે પત્નીઓ હતી. વધુમાં તેમની દીકરી રાજશ્રી પણ એક સમયે બોલિવુડની ટોચની હિરોઈન રહી ચૂકી છે. આમ, તમન્ના ઉપરાંત વધુ બે હિરોઈનો આ ફિલ્મમાં સામેલ થાય તેવી સંભાવના છે. આ ફિલ્મનું દિગ્દર્શન અભીજીત દેશપાંડે કરી રહ્યા છે. અભીજીત અગાઉ ડો. કાશીનાથ ઘાણેકરની બાયોપિક બનાવી ચૂક્યા છે. આ ઉપરાંત તેઓ હિંદી ફલ્મ 'ટેબલ નંબર ૨૧' અને 'વઝીર' પણ બનાવી ચૂક્યા છે.

# ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃતિઓ નવ માસના તળિયે

## જીએસટીમાં ઘટાડાને કારણે તહેવારોમાં માંગમાં થયેલો વધારો નવેમ્બરમાં નબળો પડતા મેન્યુફેક્ચરીંગ પીએમઆઇ ઘટીને 56.60 રહ્યો



મુંબઈ, તા.02

તહેવારો બાદની માગ નબળી પડતા અને અમેરિકાના ટેરિફને કારણે નિકાસ ઓર્ડરો પર અસર પડવાને પરિણામે ભારતની ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ નવેમ્બરમાં ઘટી ૫૬.૬૦ સાથે નવ મહિનાની નીચી સપાટીએ રહી હતી. ઓકટોબરમાં આ આંક ૫૯.૨૦ રહ્યો હતો. ઊંચા ટેરિફની અસર દેખાવાની શરૂ થયાનું આની પરથી કહી શકાય એમ છે.

એચએસબીસી ઉત્પાદન ક્ષેત્રના પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) પ્રમાણે નવેમ્બરમાં નવા નિકાસ ઓર્ડર ઘટી ૧૩ મહિનાની નીચી સપાટીએ રહ્યા છે.

વર્તમાન વર્ષના માર્ચ બાદ નવેમ્બરમાં પહેલી જ વખત ઉત્પાદન ક્ષેત્રનો પીએમઆઈ ૫૭ની નીચે સરકી ગયો છે. જો કે ૫૦થી ઉપરના પીએમઆઈને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે.

પીએમઆઈ તૈયાર કરવા હાથ ધરાયેલા સર્વેમાં માગની સ્થિતિ પણ અસ્પષ્ટ જણાઈ હતી. કેટલાક માલસામાન માટે માગમાં આકર્ષણ જળવાઈ રહ્યું છે જ્યારે કેટલીક શ્રેણીના માલસામાન માગ નબળી પડયાનું જણાયું હતું.

ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)માં કપાતને કારણે માગમાં જોવા મળેલી વૃદ્ધિ હવે અટકી પડી છે અને ટેરિફને કારણે માગ સામે ઊભા થયેલા પડકારોને ભરપાઈ કરવા જીએસટીની કપાત પૂરતી નહીં હોવાનું જણાય છે એમ રિપોર્ટમાં નોંધાયું હતું.

બિઝનેસ કોન્ફિડેન્સ પણ નોંધપાત્ર નીચે ગયો છે. ટેરિફની અસરની ચિંતાને કારણે બિઝનેસ કોન્ફિડેન્સ નબળો પડી સાડાત્રણ વર્ષની નીચી સપાટીએ ગયો છે.

કર્મચારીઓની ભરતી પણ સાવચેતીપૂર્ણ રીતે થઈ રહ્યાના સંકેત મળે છે. ભરતીની માત્રા નવેમ્બરમાં ૨૧ મહિનાની નીચી સપાટીએ રહી હતી. જો કે માલસામાનની કિંમતોમાં નરમાઈ આવી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે વર્તમાન નાણાં વર્ષના બીજા ત્રિમાસિક ગાળાનો આર્થિક વિકાસ દર ૮.૨૦ ટકા સાથે દોઢ વર્ષની ટોચે રહ્યો છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં મજબૂત વિકાસ દરને જોતા સંપૂર્ણ વર્ષનો વિકાસ દર સાત ટકા રહેવા ધારણાં મૂકવામાં આવી રહી છે.

છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં બે લાખથી વધુ ખાનગી કંપનીઓ બંધ પડી ગઈ છે. કોર્પોરેટ બાબતોના રાજ્ય કક્ષાના પ્રધાન હર્ષ મલ્હોત્રા દ્વારા લોકસભામાં પૂરી પડાયેલી લેખિત માહિતીમાં જણાવાયું હતું કે, નાણાં વર્ષ ૨૦૨૦-૨૧ થી નાણાં વર્ષ ૨૦૨૪-૨૫ના ગાળામાં કુલ ૨,૦૪,૨૬૮ કંપનીઓ બંધ પડી ગઈ હતી.

અમાલ્ગમેશન, કન્વર્ઝન, છૂટા પડવા અથવા સત્તાવાર રેકોર્ડસમાંથી દૂર થઈ જવાને કારણે કંપનીઓની સંખ્યા ઘટી છે.

આ કંપનીઓના કર્મચારીઓના પુનર્વસન બાબતે સરકાર પાસે હાલમાં કોઈ દરખાસ્ત નહીં હોવાની પણ સ્પષ્ટતા કરાઈ હતી. લાંબા ગાળા સુધી બિનસક્રિય હોય તેવી કંપનીઓને રેકોર્ડસ પરથી દૂર કરવામાં આવે છે. નિયનકારી ધોરણોના પાલન કરીને કંપનીઓ સ્વૈચ્છીક રીતે બંધ થઈ શકે છે.

# ઊંચો GDP રેપો રેટમાં ઘટાડાનો અવકાશ ઘટાડશે, તરલતા પર ધ્યાન કેન્દ્રિત કરાશે

## ક્રેડિટ-ડિપોઝિટ રેશિયો 80% ના ઐતિહાસિક ઉચ્ચતમ સ્તરની નજીક એ ચિંતાનો વિષય




અમદાવાદ, તા.02

ભારતીય રિઝર્વ બેંકની છ સભ્યોની નાણાકીય નીતિ સમિતિ ૩-૫ ડિસેમ્બરના રોજ તેની બેઠકમાં રેપો રેટમાં ફેરફાર કરે તેવી અપેક્ષા નથી. એક સર્વે જણાવાયું હતું કે નાણાકીય નીતિનું વલણ તટસ્થથી અનુકૂળ રહેશે. ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરના મજબૂત જીડીપી આંકડાઓને જોતાં, નાણાકીય નીતિ સમિતિ દરને યથાવત રાખી શકે છે. ઈકોનોમિક એડવાઈઝર અને એનાલિસ્ટોએ જણાવ્યું હતું કે, થોડા દિવસ પહેલા સુધી, ૨૫ બેસિસ પોઈન્ટ રેપો રેટમાં ઘટાડો અપેક્ષિત હતો, પરંતુ હવે તે અશક્ય લાગે છે. બીજા ક્વાર્ટરમાં મજબૂત વૃદ્ધિ ડેટા દરોને યથાવત રાખવાનો નિર્ણય લેવાઈ શકે છે. જૂનમાં મોનેટરી પોલિસી કમિટીએ રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો, પરંતુ તે પછીની બે બેઠકોમાં દર યથાવત રહ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે RBI યથાવત સ્થિતિ જાળવી શકે છે કારણ કે રાહત માટે મર્યાદિત જગ્યા છે. IDFC ફર્સ્ટ બેંકના મુખ્ય અર્થશાી ગૌરા સેન ગુપ્તાએ જણાવ્યું હતું કે, રિઝર્વ બેંક વર્તમાન સ્થિતિ જાળવી રાખે તેવી અપેક્ષા છે કારણ કે રાહત માટે મર્યાદિત જગ્યા છે, અને જ્યાં સુધી વૃદ્ધિમાં ઘટાડો થવાનું જોખમ ન હોય ત્યાં સુધી આ પગલું ના ભરવું જોઈએ.

નાણાકીય નીતિ માટે વાસ્તવિક પડકાર એ સુનિશ્ચિત કરવાનો છે કે જ્યારે ડિપોઝિટ વૃદ્ધિ ૧૦ ટકાથી ઓછી હોય ત્યારે બેંકિંગ સિસ્ટમ ૧૧-૧૨ ટકા ક્રેડિટ વૃદ્ધિને ટેકો આપી શકે. ક્રેડિટ-ડિપોઝિટ રેશિયો ૮૦%ના ઐતિહાસિક ઉચ્ચતમ સ્તરની નજીક રહે છે. વૃદ્ધિ મજબૂત છે, અને નાણાકીય અને નાણાકીય ઉત્તેજના પહેલાથી જ પૂરી પાડવામાં આવી છે. તેથી, દર ઘટાડાને બદલે બેંકિંગ સિસ્ટમમાં પ્રવાહિતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ અપેક્ષા રાખે છે કે રિઝર્વ બેંક તટસ્થ નાણાકીય નીતિનું વલણ જાળવી રાખશે પરંતુ ઓપન માર્કેટ ઓપરેશન્સ જેવા પગલાં દ્વારા પ્રવાહિતામાં વધારો કરી શકે છે. ચાલુ નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં બેંકિંગ સિસ્ટમને પ્રવાહિતા સપોર્ટની જરૂર પડશે તેવી અપેક્ષા છે કારણ કે રિઝર્વ બેંક રૂપિયાની અસ્થિરતાને રોકવા માટે ચલણ બજારમાં વધુને વધુ હસ્તક્ષેપ કરી રહ્યું છે.

# સેન્સેક્સ 300 અંક ઘટીને 85,350 પર ટ્રેડિંગ : નિફ્ટી 80 અંક ઘટ્યો, મેટલ, રિયલ્ટી અને પ્રાઈવેટ બેન્કિંગ શેર્સ ઘટ્યા




મુંબઈ, તા.02

અઠવાડિયાના બીજા કારોબારી દિવસે આજે એટલે કે મંગળવાર, 2 ડિસેમ્બરે સેન્સેક્સ 300 અંક ઘટીને 85,350 પર કારોબાર કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ 80 અંકનો ઘટાડો છે, તે 26,100 ના સ્તરે છે.

સેન્સેક્સના 30 શેરોમાંથી 15માં તેજી છે. એશિયન પેઈન્ટ્સ, એરટેલ અને ઈન્ફોસિસ વધીને કારોબાર કરી રહ્યા છે. HDFC બેંક, ICICI બેંક અને ઝોમેટોમાં ઘટાડો છે.

નિફ્ટીના 50 શેરોમાંથી 26માં ઘટાડો છે. NSE ના IT, PSU બેંક અને ઓઈલ & ગેસ ઈન્ડેક્સમાં તેજી છે. મેટલ, રિયલ્ટી અને પ્રાઈવેટ બેન્કિંગ શેર્સ ઘટ્યા છે.

એશિયન બજારો: કોરિયાનો કોસ્પી 1.66% વધીને 3,985 પર, જાપાનનો નિક્કેઈ 0.40% વધીને 49,499 પર અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.26% વધીને 26,101 પર કારોબાર કરી રહ્યા છે.

અમેરિકી બજારો: 1 ડિસેમ્બરે ડાઉ જોન્સ 0.90% ઘટીને 47,289 પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટમાં પણ 0.38% અને S&P 500 માં 0.53% નો ઘટાડો જોવા મળ્યો.

1 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 1,171.31 કરોડના શેર વેચ્યા. જ્યારે ઘરેલુ રોકાણકારો (DIIs) એ 2,558.93 કરોડની ખરીદી કરી.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને ઘરેલુ રોકાણકારોનો ટેકો છે.

અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે સોમવાર, 1 ડિસેમ્બરે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 65 પોઈન્ટ ઘટીને 85,642 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 27 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 26,176 પર બંધ થયો.

આ પહેલા શરૂઆતી કારોબાર દરમિયાન સેન્સેક્સે 86,159 અને નિફ્ટીએ 26,325નો ઓલટાઈમ હાઈ બનાવ્યો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 16માં ઘટાડો જોવા મળ્યો. FMCG, ફાર્મા અને ફાઈનાન્સ શેરોમાં ઘટાડો રહ્યો. જ્યારે ઓટો અને IT શેરોમાં તેજી જોવા મળી.

# એપલે અમર સુબ્રમણ્યનને AI ટીમના વાઇસ-પ્રેસિડેન્ટ બનાવ્યા

## મશીન લર્નિંગ રિસર્ચનું નેતૃત્વ કરશે, સિરિને સ્માર્ટ બનાવવા પર કામ કરશે



મુંબઈ, તા.02

એપલે અમર સુબ્રમણ્યને તેના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વાઇસ પ્રેસિડેન્ટ બનાવ્યા છે. કંપનીએ તેમને 1 ડિસેમ્બરે હાયર કર્યા છે. સુબ્રમણ્ય જ્હોન જિયાનન્દ્રિયાની જગ્યા લેશે, જે મે 2026માં નિવૃત્ત થઈ રહ્યા છે.

ગૂગલમાં સુબ્રમણ્ય ફાઉન્ડેશન મોડલ્સ, મશીન લર્નિંગ રિસર્ચ અને AI સેફ્ટી ટીમોનું નેતૃત્વ કરશે અને સોફ્ટવેર ટીમના વડા ક્રેગ ફેડરીકીને રિપોર્ટ કરશે. એપલમાં આ હાયરિંગ સિલિકોન વેલીના ટેલેન્ટ વોરનો એક ભાગ છે, જ્યાં ટોચના એન્જિનિયરોને ઊંચા પગાર અને બોનસથી આકર્ષવામાં આવી રહ્યા છે.

સુબ્રમણ્યએ 2009થી જુલાઈ 2025 સુધી 16 વર્ષ ગૂગલમાં કામ કર્યું. ગૂગલના AI આસિસ્ટન્ટ જેમિનીની એન્જિનિયરિંગ ટીમને પણ લીડ કરી. જુલાઈમાં માઈક્રોસોફ્ટમાં જોડાયા, પરંતુ 5 મહિનાથી પણ ઓછા સમયમાં માઈક્રોસોફ્ટ છોડીને એપલમાં આવી ગયા.

અમર સુબ્રમણ્યા ભારતીય મૂળના AI રિસર્ચર છે. તેમનો જન્મ બેંગલુરુમાં થયો હતો. 2001માં બેંગ્લોર યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રિકલ, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગમાં બેચલર ઑફ એન્જિનિયરિંગ (BE)ની ડિગ્રી મેળવી. 2005-2009 દરમિયાન સીએટલની યુનિવર્સિટી ઑફ વોશિંગ્ટનમાંથી કમ્પ્યુટર સાયન્સમાં પીએચડી પૂર્ણ કરી.

પ્રારંભિક કારકિર્દી: ગ્રેજ્યુએટ સ્ટડીઝ દરમિયાન માઈક્રોસોફ્ટ રિસર્ચમાં વિઝિટિંગ રિસર્ચર રહ્યા. 2007માં માઈક્રોસોફ્ટ રિસર્ચ ગ્રેજ્યુએટ ફેલોશિપ મળી. 2001માં IBMમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે 10 મહિના કામ કર્યું.

ગૂગલમાં કામ: 2009 થી 2025 સુધી 16 વર્ષ કામ કર્યું. સ્ટાફ રિસર્ચ સાયન્ટિસ્ટથી શરૂ કરીને એન્જિનિયરિંગ વાઇસ પ્રેસિડેન્ટ સુધી પહોંચ્યા. 2023 થી ગૂગલના જેમિની AI આસિસ્ટન્ટના એન્જિનિયરિંગ હેડ રહ્યા. ગૂગલમાં તેઓ ડીપમાઇન્ડ ટીમનો પણ ભાગ હતા.

માઈક્રોસોફ્ટ: જુલાઈ 2025માં કોર્પોરેટ વાઈસ પ્રેસિડેન્ટ ઑફ AI તરીકે જોડાયા. ફાઉન્ડેશન મોડલ્સ અને કોપાયલટ ચેટબોટ પર કામ કર્યું. માત્ર 5 મહિના રહ્યા.

સંશોધન અને પબ્લિકેશન: સ્પીચ રેકગ્નિશન, નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ (NLP) એન્ટિટી રિઝોલ્યુશન અને મલ્ટિલિંગ્યુઅલ NLP પર અનેક પેપર્સ પબ્લિશ કર્યા. પાર્થ પ્રતીમ તાલુકદાર સાથે 'ગ્રાફ-બેઝ્ડ સેમી-સુપરવાઈઝ્ડ લર્નિંગ' પુસ્તક લખ્યું.

એપલની AI યાત્રામાં ઘણી અડચણો આવી છે. ઓક્ટોબર 2024માં લોન્ચ થયેલા એપલ ઈન્ટેલિજન્સમાં સમસ્યાઓ સામે આવી. જેમ કે નોટિફિકેશન સમરીમાં નકલી હેડલાઈન્સ બની - એક શંકાસ્પદની આત્મહત્યા, સ્પોર્ટ્સમાં ઉતાવળી જીત અને નેતન્યાહુની ધરપકડ જેવા ખોટા સમાચાર. આનાથી યુઝર્સ નારાજ થયા અને કાનૂની કેસ પણ બન્યા.

સિરીનું મોટું અપગ્રેડ, જેનાથી તેને કોન્ટેક્સ્યુઅલ અવેરનેસ અને એપ કંટ્રોલ મળશે, તેમાં મધ્ય 2026 સુધીનો વિલંબ થયો છે. આંતરિક પરીક્ષણો નિષ્ફળ ગયા. સિરી ટીમ પહેલા જ્હોન જિયાનન્દ્રીયાના નેતૃત્વ હેઠળ હતી.

જિયાનન્દ્રેયાએ મશીન ઈન્ટેલિજન્સનું નેતૃત્વ કર્યું, પરંતુ 2024માં નિવૃત્ત થયા. તેઓ મે 2026 સુધી સલાહકાર રહેશે. તેમણે 2024માં 'લાર્જ-રીઝનિંગ મોડલ્સ' પર એક પેપર પબ્લિશ કર્યું, જેમાં AIના સિમ્યુલેટેડ કોગ્નિશન પર ટીકા કરી. સિમ્યુલેટેડ કોગ્નિશનનો અર્થ છે કમ્પ્યુટર અથવા આર્ટિફિશિયલ સિસ્ટમમાં માનવ જેવી વિચારવાની-સમજવાની પ્રક્રિયાને નકલી રીતે બનાવવી.

એપલ હવે 1-ટ્રિલિયન પેરામીટરનું ઈન-હાઉસ મોડેલ વિકસાવી રહ્યું છે. સાથે જ જેમિની સાથે 1 બિલિયન ડોલરની લાઈસન્સિંગ ડીલ થવાની છે, જે સિરીને બૂસ્ટ આપશે.

સુબ્રમણ્યાની એન્ટ્રીથી એપલને AI રેસમાં ગતિ મળશે. તેઓ એપલ ઈન્ટેલિજન્સ અને જેમિની ડીલને એકીકૃત કરશે. સિરીને પુનર્જીવિત કરવામાં મદદ મળશે. સિલિકોન વેલીમાં ટેલેન્ટ મોબિલિટી વધી રહી છે. ઓપનAI, મેટા અને એન્થ્રોપિક પણ નિષ્ણાતોની પાછળ છે. એપલનું ધ્યાન મલ્ટિમોડલ AI પર રહેશે, પરંતુ પ્રાઈવસીને સંતુલિત કરવું એક પડકાર હશે.

# સોનાના ભાવમાં ઘટાડો, ચાંદી મોંઘી થઈ : સોનું ₹659 ઘટીને ₹1.28 લાખ પ્રતિ 10 ગ્રામ થયું, ચાંદી ₹1.75 લાખ પ્રતિ કિલો વેચાઈ...



નવી દિલ્હી, તા.02

2 ડિસેમ્બરના રોજ સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ સોનું 659 રૂપિયા સસ્તું થઈને 1,28,141 રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા 10 ગ્રામ સોનું 1,28,800 રૂપિયાનું હતું.

જ્યારે, ચાંદીનો ભાવ 243 રૂપિયા વધીને 1,75,423 રૂપિયા થઈ ગયો છે. આ પહેલા ચાંદીની કિંમત 1,75,180 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી. 17 ઓક્ટોબરે સોનાએ 1,30,874 રૂપિયા અને 14 ઓક્ટોબરે ચાંદીએ 1,78,100 રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 51,979 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,28,141 રૂપિયા થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 89,406 રૂપિયા વધ્યો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,75,423 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

કેન્દ્રીય બેંકોની ખરીદી: દુનિયાભરની મોટી બેંકો ડોલર પર નિર્ભરતા ઘટાડવા માગે છે. તેથી તેઓ પોતાના ખજાનામાં સોનાનો હિસ્સો સતત વધારી રહ્યા છે.

જ્યારે મોટી બેંકો સતત ખરીદી કરે છે ત્યારે બજારમાં સોનાની માંગ જળવાઈ રહે છે અને કિંમત ઉપર જાય છે.

ક્રિપ્ટોથી સોના તરફ વલણ: ક્રિપ્ટોમાં ઉતાર-ચઢાવ અને કડક નિયમોના ડરથી રોકાણકારો પૈસા સોનામાં લગાવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમય દરમિયાન ભારતમાં શેરબજારમાંથી ઓછા રિટર્ને પણ સોનાને આકર્ષક બનાવ્યું છે. આ ઉપરાંત લગ્નની સીઝન શરૂ થવાથી પણ સોનાની માંગ વધી ગઈ છે.

સોનાની માંગમાં તેજી અને ગોલ્ડ ETFમાં વધતા રોકાણથી કિંમતો વધી જાય છે.

લાંબા ગાળાની સંપત્તિ: સોનું ક્યારેય સંપૂર્ણપણે નકામું થતું નથી. તે નષ્ટ થતું નથી, મર્યાદિત માત્રામાં છે અને મોંઘવારીના સમયે તેની કિંમત જાળવી રાખે છે.

લાંબા ગાળે સોનું રાખવું મોટે ભાગે ફાયદાકારક છે.

આ વર્ષે સોનું 1 લાખ 35 હજાર સુધી જઈ શકે છે કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ભૌગોલિક રાજકીય તણાવ યથાવત છે. આનાથી ગોલ્ડને સપોર્ટ મળી રહ્યો છે. આનાથી ગોલ્ડની માંગ વધી રહી છે. આવી સ્થિતિમાં આ વર્ષે સોનું 1 લાખ 35 હજાર રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે. જ્યારે ચાંદી 1 લાખ 85 હજાર રૂપિયા પ્રતિ કિલો સુધી જઈ શકે છે.

# સરકાર અને બેંકોની વસૂલીના આંકડા પર માલ્યાએ ઉઠાવ્યા સવાલ, તપાસની માગ

લંડન, તા.02

કિંગફિશર એરલાઈન્સના માલિક અને ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા જે બૅન્કોના હજારો કરોડ રૂપિયાનું દેવું કરીને દેશ છોડીને ભાગી ગયો છે, તેનો વિવાદ ફરી એકવાર સામે આવ્યો છે. માલ્યાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક લાંબી પોસ્ટ લખીને સીધા ભારત સરકાર અને બૅન્કો પર ગંભીર આક્ષેપ કર્યા છે. તેનો દાવો છે કે વસૂલ કરાયેલી રકમના સાચા આંકડા છુપાવીને તેઓ જનતાને છેતરી રહ્યા છે.

માલ્યાએ ચોક્કસ આંકડાઓ સાથે કેટલાક સવાલો ઉઠાવ્યા છે, આ અંગે તેનું કહેવું છે કે, 'એક તરફ નાણાં મંત્રી સંસદમાં 14,100 કરોડની વસૂલાતની વાત કરે છે, જ્યારે બીજી તરફ બૅન્કો માત્ર 10,000 કરોડની વાત કરે છે. આ 4,000 કરોડનો મોટો તફાવત ક્યાં ગયો?'

માલ્યાના જણાવ્યા મુજબ, તેનું મૂળ દેવું માત્ર 6,203 કરોડ હતું. તેમ છતાં, બાકી રકમ પણ જુદી-જુદી કેમ બતાવવામાં આવે છે? (જેમાં એક મંત્રી 10,000 કરોડ અને બૅન્કો 7,000 કરોડ બાકી હોવાનો દાવો કરે છે).

આ સમગ્ર નાણાકીય મામલાની સ્પષ્ટતા માટે માલ્યાએ નિવૃત્ત ન્યાયાધીશની નિમણૂક કરવાની માગણી કરી છે. જોકે, તેણે આ બધા આક્ષેપો લગાવતી વખતે એ હકીકતને અવગણી છે કે તે પોતે કાયદાકીય પ્રક્રિયાનો સામનો કર્યા વિના જ દેશ છોડીને ભાગી ગયો હતો.



વિજય માલ્યા અને નીરવ મોદી જેવા ભાગેડુ ગુનેગારો હાલમાં બ્રિટનની અદાલતોમાં કેસ લડીને પોતાના ભારત પ્રત્યાર્પણનો સખત વિરોધ કરી રહ્યા છે. તેઓ સતત એવી દલીલ કરી રહ્યા છે કે જો તેમને ભારત પાછા મોકલવામાં આવશે, તો તેમના જીવનને ગંભીર જોખમ થઈ શકે છે. નીરવ મોદીએ તો ત્યાં સુધી કહ્યું હતું કે ભારત પ્રત્યાર્પિત થયા બાદ તે કાં તો માર્યો જશે અથવા આત્મહત્યા કરી લેશે.

જોકે, આ ભાગેડુઓને ભારત પાછા મોકલવાની શક્યતાઓ તાજેતરમાં એક મહત્ત્વના ઘટનાક્રમ બાદ વધુ મજબૂત બની છે. આવા ગુનેગારોની દલીલોને ધ્યાનમાં રાખીને, બ્રિટનની 'ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ(CPS)'ની એક ટીમ દ્વારા દિલ્હીની તિહાડ જેલની મુલાકાત લેવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, જુલાઈ મહિનામાં થયેલી આ મુલાકાત દરમિયાન CPSની ટીમમાં ચાર લોકોનો સમાવેશ થતો હતો, જેમાં બે CPSના નિષ્ણાતો અને બે બ્રિટિશ હાઈ કમિશનના અધિકારીઓ સામેલ હતા.

આ ટીમનો મુખ્ય હેતુ એ તપાસવાનો હતો કે જો બ્રિટનથી ભાગેડુઓને ભારત મોકલવામાં આવે, તો તિહાડ જેલમાં તેને કેવી સુવિધા અને સુરક્ષા આપવામાં આવશે. આ મુલાકાતમાં નીરવ મોદી અને વિજય માલ્યા સહિત અન્ય ભાગેડુ ગુનેગારોના કેસનો સમાવેશ થતો હતો, જેઓ ભારતમાં સુરક્ષાના અભાવની દલીલ આપી રહ્યા છે. આ મુલાકાત સ્પષ્ટપણે દર્શાવે છે કે બ્રિટન હવે આ ગુનેગારોને ભારતને સોંપવાના પક્ષમાં ગંભીરતાથી વિચાર કરી રહ્યું છે. વિજય માલ્યા અને નીરવ મોદી જેવા ભાગેડુ ગુનેગારો હાલમાં બ્રિટનની અદાલતોમાં કેસ લડીને પોતાના ભારત પ્રત્યાર્પણનો સખત વિરોધ કરી રહ્યા છે. તેઓ સતત એવી દલીલ કરી રહ્યા છે કે જો તેમને ભારત પાછા મોકલવામાં આવશે, તો તેમના જીવનને ગંભીર જોખમ થઈ શકે છે. નીરવ મોદીએ તો ત્યાં સુધી કહ્યું હતું કે ભારત પ્રત્યાર્પિત થયા બાદ તે કાં તો માર્યો જશે અથવા આત્મહત્યા કરી લેશે.જોકે, આ ભાગેડુઓને ભારત પાછા મોકલવાની શક્યતાઓ તાજેતરમાં એક મહત્ત્વના ઘટનાક્રમ બાદ વધુ મજબૂત બની છે. આવા ગુનેગારોની દલીલોને ધ્યાનમાં રાખીને, બ્રિટનની 'ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ(CPS)'ની એક ટીમ દ્વારા દિલ્હીની તિહાડ જેલની મુલાકાત લેવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, જુલાઈ મહિનામાં થયેલી આ મુલાકાત દરમિયાન CPSની ટીમમાં ચાર લોકોનો સમાવેશ થતો હતો.

# અમદાવાદના નવા વાડજમાં પાન પાર્લર પર સોડાની ખાલી બોટલો વડે હુમલો, હત્યાના આરોપી સહિત 4ની ધરપકડ!

**અમદાવાદ, તા.02**

અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં વ્યાસવાડી નજીક આવેલા પાન પાર્લર પર ગ્રાહકો વચ્ચે 'સાઈડમાં આવવા' જેવી નજીવી બાબતે બોલાચાલી થયા બાદ મારામારીની ગંભીર ઘટના બની હતી. આ ઝઘડામાં આરોપીઓએ સોડાની ખાલી બોટલો ફેંકીને હુમલો કર્યો હતો. આ ઘટનાના પગલે વાડજ પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કરી છે. આ ધરપકડમાં સૌથી મહત્ત્વનું એ છે કે, મુખ્ય આરોપી વિજય ઉર્ફે પિયુષ વાઘેલા અગાઉ બે હત્યાના ગુનામાં સંડોવાયેલો હોવાનું ખૂલ્યું છે અને પોલીસે આ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.



અમદાવાદના વાડજ પોલીસ સ્ટેશનની હદમાં વ્યાસવાડી પાસે આવેલા પાન પાર્લરના માલિક શ્રી રમેશચંદ્ર શર્માની દુકાન પર સાંજના સમયે મારામારીની ઘટના બની હતી. દુકાન પર સામાન લેવા આવેલા એક ગ્રાહક અને પાછળથી આવેલા કેટલાક આરોપીઓ વચ્ચે સામાન લેવા જવામાં 'સાઈડમાં આવવા' જેવી નજીવી બાબતે બોલાચાલી થઈ હતી. આ સામાન્ય બોલાચાલી થોડી જ ક્ષણોમાં ઉગ્ર બની ગઈ હતી અને અંતે તેણે મારામારીનું સ્વરૂપ ધારણ કર્યું હતું.

આ બોલાચાલી બાદ આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તેમણે પાન પાર્લર પરની સોડાની ખાલી બોટલો ભોગ બનનાર વ્યક્તિ ઉપર છૂટી ફેંકીને હુમલો કર્યો હતો. આ હુમલાના કારણે એક વ્યક્તિને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી, સાથે જ પાન પાર્લરના ફ્રીજ અને અન્ય સામાનને પણ નુકસાન થયું હતું. ઘટનાની જાણ થતાં જ વાડજ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી, સીસીટીવી ફૂટેજ કબજે કર્યા અને તેના આધારે આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસ શરૂ કરી.

વાડજ પોલીસ સ્ટેશનના પી. આઈ. વી. આર. ડાંગરના જણાવ્યાનુસાર, પોલીસે આ ગુનામાં સામેલ ચારેય આરોપીઓની ધરપકડ કરી લીધી છે. જો કે, પોલીસ તપાસમાં મુખ્ય આરોપીનો સનસનીખેજ ગુનાઈત ઈતિહાસ સામે આવ્યો છે. ચાર આરોપીઓ પૈકી, મુખ્ય આરોપી વિજય ઉર્ફે પિયુષ વાઘેલા અગાઉ બે હત્યાના ગુનામાં સંડોવાયેલો છે. આ પૈકી એક હત્યાનો ગુનો સાબરમતી પોલીસ સ્ટેશનમાં અને બીજો ગુનો પાટણ જિલ્લાના સમી તાલુકામાં નોંધાયેલો છે. પોલીસના મતે, વિજય તાજેતરમાં જ અમદાવાદ આવ્યો હતો અને તેના જૂના મિત્રો સાથે હતો, ત્યારે આ મારામારીની ઘટના બની હતી. હાલમાં પોલીસે ચારેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ શરૂ કરી છે.

# ગેસ સિલિન્ડર લીકેજ બાદ ફ્લેશ ફાયર : સચિન GIDCમાં બરફની ફેક્ટરી પાસે એક મકાનમાં દુર્ઘટના

**સુરત, તા.02**

સુરતમાં ઔદ્યોગિક વિસ્તાર સચિન GIDC નજીક આવેલી ગુરુકૃપા સોસાયટીમાં આજે(2 ડિસેમ્બર) સવારે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. બરફની ફેક્ટરી પાસેના રહેણાંક વિસ્તારમાં એક મકાનમાં ગેસ સિલિન્ડર લીકેજ બાદ અચાનક ફ્લેશ ફાયરની ઘટના બની હતી. આ ઘટનામાં બે યુવતીઓ, એક મહિલા અને એક પુરુષ સહિત કુલ ચાર લોકો ગંભીર રીતે દાઝી જતાં ઈજાગ્રસ્ત થયા છે.

દાઝી ગયેલા લોકોની વિગતરિન્કી હરિભાઈ પોલાઇ (ઉ.વ. 19)ભાગ્યશ્રી હરિભાઈ પોલાઈ (ઉ.વ. 22)સાલુબેન રામકુમાર મોહન (ઉ.વ. 26) હરિઓમ સુરેન્દ્ર યાદવ



પ્રાથમિક અહેવાલ મુજબ, દાઝી ગયેલા ચાર લોકોમાંથી એક વ્યક્તિની હાલત અત્યંત ગંભીર જણાવાઈ રહી છે. હાલ તમામ ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં સઘન સારવાર આપવામાં આવી રહી છે.

પ્રાથમિક માહિતી મુજબ, ગુરુકૃપા સોસાયટીમાં આવેલા એક ઘરમાં ગેસ સિલિન્ડર લીકેજના કારણોસર ફ્લેશ ફાયર થયું હતું. આગ લાગવાની આ ઘટના એટલી ઝડપી બની હતી કે ઘરના સભ્યોને બહાર નીકળવાનો પૂરતો સમય મળ્યો નહોતો, જેના કારણે ચાર લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. અચાનક બનેલા આ બનાવના પગલે સોસાયટીમાં ભાગદોડ મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો તુરંત મદદ માટે દોડી આવ્યા હતા. તેમણે દાઝેલા લોકોને બહાર કાઢ્યા અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. બનાવના પગલે ફાયર વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. આગ કયા કારણોસર લાગી તે અંગે તપાસ શરૂ કરાઈ છે.

# મતદાર યાદી ડિજિટાઈઝેશનમાં ગુજરાતમાં ડાંગ નંબર-1, ટોપ-10માં અમદાવાદ, સુરત, રાજકોટનું નામ નહીં....

**અમદાવાદ, તા.02**

ગુજરાતમાં 2025ની મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ પૂરજોશમાં ચાલી રહી છે, આ ઝુંબેશમાં 11મી ડિસેમ્બર સુધી ચાલશે. મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) હારીત શુક્લાની આગેવાનીમાં ચાલી રહેલી આ પ્રક્રિયામાં ફોર્મના ડિજિટાઈઝેશન (અંકીયકરણ)ની કામગીરીમાં ડાંગ જિલ્લો રાજ્યભરમાં મોખરે રહ્યો છે. જો કે, આ યાદીમાં અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા મહાનગરોનો સમાવેશ થયો નથી.

મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ થયા બાદ, પરત મળેલા ફોર્મને ડિજિટાઈઝ કરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે ડાંગ જિલ્લો 93.55 ટકા ગણતરી ફોર્મના ડિજિટાઈઝેશન સાથે રાજ્યના 33 જિલ્લાઓમાં નંબર 1 પર રહ્યો છે. જ્યારે અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા મોટા શહેરી જિલ્લાઓ ટોપ-10 જિલ્લાઓની યાદીમાં સ્થાન મેળવી શક્યા નથી.

રાજ્યમાં કુલ ચાર વિધાનસભા મતવિસ્તારમાં ડિજિટાઈઝેશનની કામગીરી 100 ટકા પૂરી થઈ ચુકી છે. જેમાં બનાસકાંઠાની ધાનેરા અને થરાદ, દાહોદની લીમખેડા અને રાજકોટની ધોરાજી બેઠકનો સમાવેશ થાય છે.



ગણતરી દરમિયાન રાજ્યભરમાં 16 લાખ જેટલા અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે 4.40 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 23 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત 2.82 લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

CEO કચેરી દ્વારા મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સફળતાપૂર્વક પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ બૂથ લેવલ ઓફિસર (BLO)ની અસરકારક કામગીરીને બિરદાવવામાં આવી રહી છે.

# વોર્ડ-13માં પાણીની રેલમછેલ : રાજકોટમાં વધુ એકવાર પાણીની પાઈપલાઈન તૂટતા લાખો લીટર પાણીનો વેડફાટ

**રાજકોટ, તા.02**

રાજકોટના વોર્ડ નં. 13માં આજે રાત્રિના આશરે સાડા આઠ વાગ્યે પીવાના પાણીની લાઈન તુટતા પંચશીલ સોસાયટીથી માલવિયાનગર સહિતના વિસ્તારમાં ભરશિયાળે જળબંબાકાર સર્જાયો હતો અને લાખો લિટર પાણીનો વેડફાટ થયાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. આ ઘટના બન્યા બાદ બે કલાક સુધી અધિકારીઓ ત્યાં ફરકયા નહોતા. જેને લઈને પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન ડાંગરે ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો છે. અને આ વોર્ડમાં અવારનવાર આવી ઘટનાઓ બનતી હોવા છતા તંત્ર કોઈ ધ્યાન આપતું નહીં હોવાનો આક્રોશ વ્યકત કર્યો છે.

વોર્ડ-13ના કોર્પોરેટર જાગૃતિ ડાંગરે જણાવ્યુ હતું કે, વોર્ડમાં તાજેતરમાં નાખવામાં આવેલી DI (Ductile Iron) પાણીની લાઈન વારંવાર તૂટી રહી છે. આ લાઈન તૂટવાનો ભ્રષ્ટાચારનો ભોરિંગ બહાર આવ્યો છે. હાલમાં શિવનગર, પંચશીલ સ્કૂલ પાસે પીવાના પાણીની મેઈન લાઈન અને ભૂગર્ભ ગટરની મેઈન લાઈન



એકસાથે તૂટી ગઈ છે, જેના કારણે મોટું ગાબડું પડ્યું છે.

આ ભંગાણને કારણે ગટરની લાઈનનું ગંદુ પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી રહ્યું છે. આ દૂષિત પાણી હવે વિસ્તારના લોકોના ઘરોમાં વિતરણ થશે, જેનાથી રોગચાળો ફેલાવવાનો અને લોકો બીમાર પડવાનો ભય સર્જાયો છે. જાગૃતિ ડાંગરે આ સ્થિતિ માટે ભાજપના શાસકો અને કોર્પોરેશનના અધિકારીઓની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હજી ગઈકાલે જ એક ભાઈએ વિડિયો મૂક્યો હતો કે વોર્ડ નંબર 13 માં રૂ. 69 કરોડના કામો કરાવ્યા છે, તો આ ભ્રષ્ટાચાર છે કે કામો? બે દિવસ પહેલાં બનેલો રોડ પણ આજે ખોદી નાખવામાં આવ્યો છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે, કરોડોના ખર્ચે થયેલા કામોની ગુણવત્તા અત્યંત નબળી છે.

ઉલ્લેખનીય છે કે, આ વિસ્તારમાં પાણી વિતરણમાં બેદરકારી રાખવા અંગે કોર્પોરેટર નીતિન રામાણીએ અગાઉ પણ વોર્ડના ઈજનેર ગોહેલને કડક શબ્દોમાં ઉધડો લીધો હતો, છતાં તંત્રની કાર્યશૈલીમાં કોઈ સુધારો થયો નથી. પંચશીલ વિસ્તારમાં 300 મિમિ વ્યાસની લાઈનમાં ભંગાણ થયું હોવા છતાં, ઈજનેરો ભંગાણનું ચોક્કસ કારણ પણ સમજી શક્યા નહોતા. શહેરમાં આ રીતે નાની-મોટી પાઈપલાઈન રોજ તૂટતી રહે છે, અને એક તરફ પાણીના કરકસરભર્યા ઉપયોગની વાતોની ખુલ્લેઆમ ધજ્જીયા ઉડતી રહે છે, જ્યારે બીજી તરફ કરોડોના ખર્ચે થયેલા નબળા કામોને કારણે નાગરિકોને ગંદુ પાણી પીવાની ફરજ પડે તેવો ભયંકર માહોલ સર્જાયો છે.

જાગૃતિબેને જણાવ્યું હતું કે, વારંવાર તૂટતી પાણીની લાઈનના નબળા કામોની ઉચ્ચ સ્તરીય તપાસ થવી જોઈએ. તેમજ ભ્રષ્ટાચાર આચરનાર કોન્ટ્રાક્ટરો અને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવાવા જોઈએ. દૂષિત પાણીનું વિતરણ થતું અટકાવવા માટે તાત્કાલિક ધોરણે લાઈનનું સમારકામ કરવામાં આવે. અને વોટરવર્ક્સ વિભાગના અધિકારીઓ સમયસર સ્થળ પર હાજર રહે અને તેમની બેદરકારી બદલ જવાબદારી નક્કી કરવામાં આવે તે સહિતની માંગ પણ તેમણે કરી છે.

# મુંબઈ અને દિલ્હીથી વડોદરા આવતી બે ફ્લાઈટ કેન્સલ

**વડોદરા, તા.02**

વડોદરાના હરણી એરપોર્ટ પર આવનાર સવારની ઈન્ડિગો એરલાઈન્સની બે ફ્લાઈટ અચાનક રદ થતા મુસાફરો પરેશાન જોવા મળી રહ્યા છે. બંને ફ્લાઈટ ઈન્ડિગો એરલાઈન્સની છે.



મુંબઈ અને દિલ્હીથી આવનાર બંને ફ્લાઈટ રદ થતા મુસાફરો અટવાયા છે, જો કે એરલાઈન્સ અને એરપોર્ટ ઓથોરિટી દ્વારા આ મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે આવનાર અન્ય ફાઈટમાં મોકલવા વ્યવસ્થા કરાઈ છે. સાથે મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા અનુસાર રિફંડ પણ આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

વડોદરા એરપોર્ટ પર ઈન્ડિગો એરલાઈન્સની સવારે 7.20 કલાકે આવનાર ફ્લાઈટ 6E-5126 / 6087 મુંબઈ-વડોદરા-મુંબઈ અને દિલ્હીથી સવારે 7.45 વાગે આવનાર ફ્લાઈટ 6E-5066/6662 દિલ્હી-વડોદરા-દિલ્હી ઓપરેશનલ કારણોસર રદ કરવામાં આવી છે. આ બંને ફ્લાઈટમાં આવનાર અને જનાર મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવશે તેવી એરપોર્ટ ઓથોરિટી દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે હાલમાં ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ શા માટે રદ થાય છે તેની પુષ્ટી માત્ર ઓપરેશનલ કારણોસર બતાવવામાં આવે છે. અમદાવાદમાં એર ઈન્ડિયા એરલાઈન્સની ફ્લાઈટમાં થયેલ દુર્ઘટના બાદ હવે ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ સતત રદ થઈ રહી છે ત્યારે ચોક્કસથી ટેક્નિકલ ખામીઓ અને અન્ય સિક્યુરિટી કારણોસર આ ફ્લાઈટ ઉડાન ભરતી નથી તે સ્પષ્ટ જણાઈ રહ્યું છે. હાલમાં એરલાઈન્સ પાસે એરક્રાફ્ટ ન હોવાની પણ વિગતો એરપોર્ટ ઓથોરિટીના સૂત્રો પાસે મળી રહી છે.

# RPF રાજકોટ ડિવિઝનની સિદ્ધિ : નવેમ્બર 2025માં 'ઓપરેશન અમાનત' થકી રૂ. 6.17 લાખની કિંમતનો મુસાફરોનો સામાન હેમખેમ પરત કર્યો....

**રાજકોટ, તા.02**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળ કાર્યરત રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા કાયદો અને વ્યવસ્થાનું પાલન કરાવવા, રેલવે પરિસરમાં તથા મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને રેલવેની કરોડોની સંપત્તિનું રક્ષણ કરવા માટે સતત ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી રહી છે. આરપીએફ દ્વારા નવેમ્બર 2025 મહિના દરમિયાન વિવિધ ઓપરેશનો - ઝુંબેશો દ્વારા લક્ષણિય સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી છે. આ સિદ્ધિઓ RPFની 'સેવા હી સંકલ્પ' ભાવનાને પ્રતિબિંબિત કરે છે અને ડિવિઝનલ સુરક્ષા કમિશનર કમલેન્દ્ર સિંહના દિશા-નિર્દેશન હેઠળ ડિવિઝને નોંધપાત્ર કામગીરી કરી છે. જેમાં 'ઓપરેશન અમાનત' થકી રૂ. 6.17 લાખની કિંમતનો મુસાફરોનો સામાન હેમખેમ પરત કર્યો છે. તો ઓપરેશન નન્હેં ફરિશ્તે હેઠળ 2 બાળકોનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. RPFના 'ઓપરેશન અમાનત' હેઠળ, મુસાફરી દરમિયાન વિવિધ ટ્રેનો અને રેલવે સ્ટેશનો પર ભૂલથી છૂટી ગયેલા કિંમતી સામાનને શોધીને તેને તેના મૂળ માલિકોને પરત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નવેમ્બર 2025 દરમિયાન, આરપીએફએ કુલ 31 મુસાફરોનો સામાન સુરક્ષિત રીતે પરત કર્યો હતો. આ સામાનની કુલ કિમત રૂ. 6.17 આંકવામાં આવી હતી. મુસાફરોના ખોવાયેલા સામાનને સલામત પરત કરી આરપીએફએ પ્રવાસીઓમાં રેલવે સુરક્ષા દળ પ્રત્યે વિશ્વાસ અને સન્માનની લાગણી વધુ મજબૂત કરી છે. આ પ્રશંસનીય પગલું મુસાફરોની સુરક્ષા પ્રત્યેની RPFની પ્રતિબદ્ધતા દર્શાવે છે. 'ઓપરેશન નન્હેં ફરિશ્તે' એવા બાળકોને બચાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેઓ કોઈપણ કારણોસર રેલવે પરિસરમાં એકલા અથવા તેમના વાલીઓથી વિખૂટા પડી ગયા હોય છે. નવેમ્બર મહિનામાં, આરપીએફ રાજકોટ ડિવિઝને 2 બાળકોને રેલવે સ્ટેશન પરથી સુરક્ષિત રીતે શોધી કાઢ્યા હતા.

# નલિયા સૌથી ઠંડુગાર, 24 કલાકમાં તાપમાન 4.8 ડિગ્રી ગગડ્યું : કંડલાનું તાપમાન 7 ડિગ્રી વધી 17.5એ પહોંચ્યું

**અમદાવાદ, તા.02**

રાજ્યમાં 10 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુ શહેર નોંધાયું છે. છેલ્લા 24 કલાકમાં નલિયાના તાપમાનમાં 4.8 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. જ્યારે ગઈકાલે ઠંડીગાર રહેલું કંડલા આજે ગરમ બન્યું છે. કંડલાના તાપમાનમાં 7 ડિગ્રીનો વધારો નોંધાયો છે. એક દિવસમાં રાજ્યના અનેક શહેરોના લઘુત્તમ તાપમાનમાં ફેરફાર જોવા મળ્યો છે. રાજ્યમાં હાલ ઉત્તર પૂર્વથી પૂર્વના પવન ફૂંકાવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ નોંધાતા લઘુત્તમ તાપમાનમાં 2થી 4 ડિગ્રી સુધીનો વધારો તો ક્યાક બેથી ચાર ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. હજુ પણ આગામી 7 દિવસ દરમિયાન અમદાવાદમાં લઘુતમ તાપમાન 17 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. સાથે વહેલી સવારે અને મોડી રાતે ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શક્યતા છે. ગઈકાલે અમદાવાદનું મહત્તમ તાપમાન 31.2 ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન 16.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે 68 ટકા તેમજ સાંજે 46 ટકા જેટલું નોંધાયું હતું. તેની સાથે જ રાજ્યમાં સૌથી વધુ ઠંડી 10 ડિગ્રી સેલ્સિયસ નલિયામાં નોંધાઈ હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




